ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ, ગાંધીનગરના પત્ર-ક્રમાંક
જીસીઈઆરટી/સીએન્ડઈ/2021/12422-23 તા. 17/06/2021 - થી મંજૂર

**અજમાયશી પાઠ્યપુસ્તક**

# કુક્કુટ

## (ગુજરાતી-દ્વિતીય ભાષા)

## ધોરણ ૫

### પ્રતિજ્ઞાપત્ર

ભારત મારો દેશ છે.
બધાં ભારતીયો મારાં ભાઈબહેન છે.
હું મારા દેશને ચાહું છું અને તેના સમૃદ્ધ અને
વૈવિધ્યપૂર્ણ વારસાનો મને ગર્વ છે.
હું સદાય તેને લાયક બનવા પ્રયત્ન કરીશ.
હું મારાં માતાપિતા, શિક્ષકો અને વડીલો પ્રત્યે આદર રાખીશ
અને દરેક જણ સાથે સભ્યતાથી વર્તીશ.
હું મારા દેશ અને દેશબાંધવોને મારી નિષ્ઠા અર્પું છું.
તેમનાં કલ્યાણ અને સમૃદ્ધિમાં જ મારું સુખ રહ્યું છે.

**રાજ્ય સરકારની વિનામૂલ્યે યોજના હેઠળનું પુસ્તક**

ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ
'વિદ્યાયન', સૅક્ટર ૧૦-એ, ગાંધીનગર-૩૮૨૦૧૦

© ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ, ગાંધીનગર
આ પાઠ્યપુસ્તકના સર્વ હક ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળને હસ્તક છે. આ પાઠ્યપુસ્તકનો કોઈ પણ ભાગ કોઈ પણ રૂપમાં ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળના નિયામકશ્રીની લિખિત પરવાનગી વગર પ્રકાશિત કરી શકાશે નહિ.

**વિષય-સલાહકાર**
ડૉ. મહેન્દ્ર ચોટલિયા

**લેખક**
રાકેશ પટેલ (કન્વીનર)
હર્ષવી પટેલ
મનીષ સુથાર
પૂજા જોષી
સંજ્ઞા આચાર્ય

**સમીક્ષક**
હરેશ ચૌધરી
છાયા ઉપાધ્યાય
મમતા શર્મા
પ્રિસ્કીલા ચૌહાણ
અભય દવે
કનૈયા ગોહેલ

**ચિત્રાંકન**
શ્રી રાજેશ બારૈયા

**સંયોજક**
ડૉ. ક્રિષ્ના દવે
(વિષય સંયોજક : અંગ્રેજી)

ડૉ. નિરાલી મૈયાણી
(વિષય સંયોજક : ગુજરાતી)

**નિર્માણ આયોજન**
ડૉ. કમલેશ એન. પરમાર
(નાયબ નિયામક : શૈક્ષણિક)

**મુદ્રણ આયોજન**
ડૉ. કમલેશ એન. પરમાર
(નાયબ નિયામક : શૈક્ષણિક)

## પ્રસ્તાવના

ગુજરાત રાજ્યની તમામ શાળાઓમાં ધોરણ ૧થી ૮માં ગુજરાતી વિષય ફરજિયાત કરવાના સરકારશ્રીના નિર્ણયને અનુલક્ષીને ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ, ગાંધીનગર **ધોરણ ૫**નું **કુક્કુટ (દ્વિતીય ભાષા)**નું પાઠ્યપુસ્તક આપની સમક્ષ મૂકતાં આનંદ વ્યક્ત કરે છે.

આ વખતે સૌપ્રથમ વાર તૈયાર કરવામાં આવેલ ધોરણ ૫ ગુજરાતી (દ્વિતીય ભાષા)ના પાઠ્યપુસ્તકમાં GCERT, ગાંધીનગર તથા તેમના દ્વારા સૂચિત નિષ્ણાતોનો પૂર્ણ સહયોગ પ્રાપ્ત થયો છે. તજ્જ્ઞો દ્વારા આ પુસ્તકનું લેખન તથા પરામર્શન-કાર્ય કરવામાં આવ્યું છે. આ પુસ્તકના અમલ પૂર્વે પુસ્તકની સમગ્રલક્ષી ચકાસણી કરવામાં આવી છે અને સૂચિત સુધારાઓને આમેજ કરી પુસ્તકને અંતિમ સ્વરૂપ આપવામાં આવ્યું છે.

પ્રસ્તુત પાઠ્યપુસ્તકને ગુણવત્તાયુક્ત, બાળભોગ્ય, રસપ્રદ અને રચનાત્મક બનાવવામાં પૂરતી જહેમત ઉઠાવવામાં આવી છે. આ પાઠ્યપુસ્તકમાં સમાવિષ્ટ અધ્યયનસામગ્રીનું પ્રદાન કરનાર સૌનો મંડળ આભાર વ્યક્ત કરે છે. ગુજરાતની શાળામાં અભ્યાસ કરનાર દરેક વિદ્યાર્થી ગુજરાતી ભાષા પ્રત્યે અભિમુખ બને તે અપેક્ષિત છે. આ પાઠ્યપુસ્તક સંદર્ભે આપનાં સૂચનો આવકાર્ય છે.

**એચ. એન. ચાવડા**
નિયામક
તા. 05-07-2021

કાર્યવાહક પ્રમુખ
ગાંધીનગર

**પ્રથમ આવૃત્તિ : 2021**
**પ્રકાશક : ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ, 'વિદ્યાયન', સેક્ટર - ૧૦-એ, ગાંધીનગર વતી એચ. એન. ચાવડા, નિયામક.**

**મુદ્રક :**

# મૂળભૂત ફરજો

ભારતના દરેક નાગરિકની ફરજો નીચે મુજબ રહેશે :*

(ક) સંવિધાનને વફાદાર રહેવાની અને તેના આદર્શો અને સંસ્થાઓનો, રાષ્ટ્રધ્વજનો અને રાષ્ટ્રગીતનો આદર કરવાની;

(ખ) આઝાદી માટેની આપણી રાષ્ટ્રીય લડતને પ્રેરણા આપનારા ઉમદા આદર્શોને હૃદયમાં પ્રતિષ્ઠિત કરવાની અને અનુસરવાની;

(ગ) ભારતનાં સાર્વભૌમત્વ, એકતા અને અખંડિતતાનું સમર્થન કરવાની અને તેમનું રક્ષણ કરવાની;

(ઘ) દેશનું રક્ષણ કરવાની અને રાષ્ટ્રીય સેવા બજાવવાની હાકલ થતાં, તેમ કરવાની;

(ચ) ધાર્મિક, ભાષાકીય, પ્રાદેશિક અથવા સાંપ્રદાયિક ભેદોથી પર રહીને, ભારતના તમામ લોકોમાં સુમેળ અને સમાન બંધુત્વની ભાવનાની વૃદ્ધિ કરવાની, સ્ત્રીઓના ગૌરવને અપમાનિત કરે તેવા વ્યવહારો ત્યજી દેવાની;

(છ) આપણી સમન્વિત સંસ્કૃતિના સમૃદ્ધ વારસાનું મૂલ્ય સમજી તે જાળવી રાખવાની;

(જ) જંગલો, તળાવો, નદીઓ અને વન્ય પશુપક્ષીઓ સહિત કુદરતી પર્યાવરણનું જતન કરવાની અને તેની સુધારણા કરવાની અને જીવો પ્રત્યે અનુકંપા રાખવાની;

(ઝ) વૈજ્ઞાનિક માનસ, માનવતાવાદ અને જિજ્ઞાસા તથા સુધારણાની ભાવના કેળવવાની;

(ટ) જાહેર મિલકતનું રક્ષણ કરવાની અને હિંસાનો ત્યાગ કરવાની;

(ઠ) રાષ્ટ્ર પુરુષાર્થ અને સિદ્ધિનાં વધુ ને વધુ ઉન્નત સોપાનો ભણી સતત પ્રગતિ કરતું રહે એ માટે, વૈયક્તિક અને સામૂહિક પ્રવૃત્તિનાં તમામ ક્ષેત્રે, શ્રેષ્ઠતા હાંસલ કરવાનો પ્રયત્ન કરવાની.

(ડ) માતા-પિતાએ અથવા વાલીએ 6 વર્ષથી 14 વર્ષ સુધીની વયના પોતાના બાળક અથવા પાલ્યને શિક્ષણની તકો પૂરી પાડવાની.

*ભારતનું સંવિધાન : કલમ 51-क

# પ્રસ્તાવના

શરીરથી મોટાં થતાં બાળકો ભાષા દ્વારા પણ મોટાં થાય છે,  થતાં હોય છે. ઔપચારિક ભાષાશિક્ષણનું કામ બાળકોની ભાષાને ભાષાવિકાસમાં પલટી નાખવાનું છે. માનવમાત્ર પોતાના અનુભવોને સંઘરી રાખવા માટે ભાષાના તાણાવાણાનો ઉપયોગ કરે છે. આનો અર્થ એમ પણ થાય કે જેમની ભાષા સમૃદ્ધ હોય તે પોતાના અનુભવો (જીવવાના, શીખવાના અને વિચારવાના) ને સુપેરે આગળ વધારી શકે છે. મજા પડે તેવી બાબત એ છે કે ૧૦ વર્ષની ઉંમર સુધીનાં બાળકોનું વિકસી રહેલું મગજ ભાષાના વાયરિંગથી શક્તિશાળી બનતું હોય છે. આવાં બાળકોને ધોરણ-૬ સુધીમાં ભાષા-પોષણ આપવાના સભાન પ્રયાસો અનિવાર્ય છે. આ પાઠ્યપુસ્તક અંગે શિક્ષકોને અને માવતરોને કહેવાનું કે મજા આવવી એ ભાષા શીખવાની પૂર્વશરત છે. ભાષા શીખતી વેળા શુદ્ધ-અશુદ્ધ કે સાચું-ખોટું અવગણવું જોઈએ, કેમ કે ભાષાકૌશલ પણ રસોઈ કરવાના કૌશલની જેમ પ્રેક્ટિસ કરતાં કરતાં, ભૂલો કરીને પ્રયત્ન ચાલુ રાખવાથી જ આવડે છે.

જે ભાષામાં ગાતાં, લલકારતાં, વાર્તા કહેતાં, ગપ્પાં મારતાં, જાતભાતના વિષયો પર વાતચીત કરતાં આવડે તે ભાષા પછીથી લખતાં અને વાંચતાં પણ આવડે.

ભાષા શીખવા માટે સમુદાય, જૂથ કે જોડીમાં રહેવું અનુકૂળ પડે. બે કે તેથી વધુ માનવ ભેગા થઈ કોઈ કામ હાથ પર લે એટલે ભાષા આવડવા માંડે તેથી આ પુસ્તકમાં અનેક જૂથ-જોડી પ્રવૃત્તિઓ મૂકી છે.

જ્યારે વિદ્યાર્થીઓ સામે કોઈ પડકારભરી પરિસ્થિતિ સર્જાય/સર્જવામાં આવે ત્યારે તેણે એકલા કે બીજા સાથે મળીને વાતો કરવી પડે તેનાથી શબ્દો અને વાક્યોની નવરચના પણ થવા માંડે છે. અહીં એવા ઘણા પ્રશ્નો અને પરિસ્થિતિ મૂક્યાં છે કે જેમાં બાળકોને વિચારવાનું, વાતો કરવાનું, રજૂઆત કરવાનું આવશે અને તે વખતે વર્ગમાં ઘુઘવાટ થશે; એને માણજો.

માહિતી→અર્થગ્રહણ→સમજ→ઉપયોગ→સર્જન એવી નિસરણી દ્વારા આપણે વધુ બુદ્ધિમાન અને કલ્પનાશીલ બનીએ છીએ. આ પુસ્તકમાં કવિતાઓ, વાર્તાઓ, પ્રસંગો એવી રીતે રજૂ કર્યાં છે કે જેથી વિદ્યાર્થીઓના અનુભવ, પૂર્વજ્ઞાન અને કલ્પનાશક્તિ અધ્યયનમાં જોતરાય. આ રીતે તેમનો ઉત્તરોત્તર બોધાત્મક વિકાસ થતો રહેશે.

સમજવા જેવી વાત એ છે કે ભાવ અને લાગણી વ્યક્ત કરવા માટે ભાષાની જરૂર નથી હોતી, પરંતુ વાર્તા-કવિતા-ઘટનાઓમાં પ્રયોજાયેલી ભાષા આપણામાં ભાવ અવશ્ય ઊભા કરે છે. ભાવાત્મક વિકાસ એ મનુષ્યનો બહેતર પ્રકારનો વિકાસ છે. અમે આ પુસ્તકમાં વાતચીત, સ્માઈલી, વિશિષ્ટ અભિવ્યક્તિ, સંવાદો અને વિદ્યાર્થીના વાસ્તવિક અનુભવોને વર્ગમાં અવકાશ મળે તેવી તજવીજ કરી છે. ભાવ સર્જતી અને અભિવ્યક્ત કરતી ભાષા પ્રવાહી તથા રોમાંચક હોય છે. ટૅકનોલૉજી-પ્રધાન સમયગાળામાં ભાવનું/લાગણીનું શિક્ષણ પણ અમારો મહત્ત્વનો ઉદ્દેશ રહ્યો છે.

'વ્યાકરણ' આ પુસ્તકમાં છે જ પણ 'લેબલ' કે 'નામકરણ'થી આપણે અળગા રહેવાનું છે. જો વિદ્યાર્થી લખવા કે બોલવામાં સાહજિક રીતે સર્વનામ, વિશેષણ, અવ્યય વગેરેનો ઉપયોગ કરી લે (આપણે સૌ વ્યાકરણના લેબલ વગર બધું વ્યાકરણ બોલીએ-લખીએ છીએ, અદ્દલ એમ જ) તો એમને વ્યાકરણ આવડે છે તેમ જ ગણાય.

પાઠ્યપુસ્તકમાં ઈરાદાપૂર્વક પીરસવામાં આવેલી ભાષા અને વિદ્યાર્થીઓએ ઘર-કુટુંબ-શેરી-મહોલ્લા-પાર્ટીમાંથી ગ્રહણ કરેલી ભાષાનો સંગમ વર્ગમાં, શાળામાં ને અંતતઃ વિદ્યાર્થીનાં મસ્તિષ્કમાં થાય એટલે આપણે સૌએ મનોમન કરતલધ્વનિ કરતા રહેવાનું!

આ પાઠ્યપુસ્તકની સંરચનામાં કેટલીક થિયરી અને સિદ્ધાંતોનું માર્ગદર્શન લેવામાં આવ્યું છે. આમાં આઠ વર્ષની ઉંમરનાં બાળકો અને ગુજરાતી-ભારતીય, ગ્રામ્ય-શહેરી વાતાવરણ તથા સામાન્ય-તેજસ્વી કક્ષાના અધ્યેતાઓને લક્ષમાં રાખ્યા જ છે.

- ભાષા અને માનસિક વિકાસના સહસંબંધનો સિદ્ધાંત
- મૌખિક ભાષાની રચના તેમજ ભાષા-પ્રાપ્તિ (acquisition)નો સિદ્ધાંત
- શારીરિક સક્રિયતા મગજને શીખવા માટે તત્પર કરે છે તેવી થિયરી
- ઝયાં પિઆજે અને લેવ વિગોસ્કીની સામાજિક જ્ઞાન-સંરચનાની થિયરી
- પ્રયત્ન-ભૂલ અને ભયરહિત વાતાવરણમાં મહત્તમ અધ્યયન શક્ય બને તેવો અધ્યયનવિજ્ઞાનનો સિદ્ધાંત
- જાતે શીખવાની સંભાવના ઊભી કરવાથી અધ્યયનશીલતા વધે તે સિદ્ધાંત
- વિષયવસ્તુ (what) અને વર્ગકાર્ય (How)ના આંતરસંબંધનો સિદ્ધાંત

'શું' નામના પાઠ્યપુસ્તકની સફળતા 'કેવી રીતે' નામના વર્ગકાર્ય દ્વારા સિદ્ધ થાય છે તે સુવિચારના વિચારવિસ્તાર તરીકે અમે આ પુસ્તકને 'મૅનુ ડ્રિવન' એટલે કે 'જુઓ અને કરો' ટાઇપનું બનાવ્યું છે. લર્નિંગ મૅન્યુઅલ જેવા આ પુસ્તકને કોઈપણ સજાગ શિક્ષક વિદ્યાર્થીઓની સક્રિયતામાં પલટી શકશે.

**ભાષાના વર્ગમાં અનિવાર્ય પ્રવૃત્તિઓ :**

નવાં પાઠ્યપુસ્તકોમાં તમે જોયું હશે કે એક જ એકમમાં વાર્તા, ગીત, કવિતા, જોડકણું, સંવાદ, વર્ણનાત્મક ગદ્ય વગેરે સામેલ કરવામાં આવ્યાં છે. બધા એકમોમાં વિવિધ પ્રવૃત્તિઓ આપેલી છે. અર્થગ્રહણ અને ઉપયોજન માટેની આ પ્રવૃત્તિઓ અધ્યયન-અધ્યાપન પ્રક્રિયાને વધારે રસપ્રદ બનાવશે અને વર્ગખંડ પ્રક્રિયામાં વિદ્યાર્થીઓની ભાગીદારી વધારશે. અધ્યયન નીપજની સિદ્ધિ માટે આ પ્રવૃત્તિઓ પાઠ્યપુસ્તકમાં સૂચવ્યા મુજબ થાય તે અનિવાર્ય છે.

**પ્રવૃત્તિઓના માર્ગદર્શન માટેની નાનકડી માર્ગદર્શિકા :**

**ગીતડું :**

દરેક એકમની શરૂઆત એક નાનકડા ગીત(ગીતડું)થી કરવામાં આવી છે. એકમમાં વચ્ચે વચ્ચે પણ ગીતડું મૂકવામાં આવ્યું છે. શિક્ષકે પોતાના મનગમતા રાગ/ઢાળમાં ગીતડું ગાવાનું છે અને ત્યાર બાદ વિદ્યાર્થીઓને સમૂહમાં ગવડાવવાનું છે, શક્ય હોય તો અભિનય પણ કરવાનો છે. ગીતડાના આધારે વિદ્યાર્થીઓને પ્રશ્નો પૂછવાના નથી. શિક્ષકે ગીતડું સમજાવવાનું નથી જ. વારંવાર ગાવાથી વિદ્યાર્થીઓ જાતે ગીતડું સમજી જાય તો ભલે. ગીતડાના ગાનથી વિદ્યાર્થીઓ જે-તે ભાષાવસ્તુ શીખવા વધુ તત્પર બને છે અને એમની એકાગ્રતા વધે છે.

**વાતચીત :**

દરેક એકમમાં વાર્તા, ગદ્યખંડ અને કવિતાના આધારે વાતચીત માટેના પ્રશ્નો-મુદ્દા આપવામાં આવ્યા છે. ભાષાના કોઈપણ વર્ગમાં વાતચીત ઉપકારક હોય છે. વાતચીત દરમિયાન વિદ્યાર્થીઓએ પાઠ્યસામગ્રી આધારિત વિગતો કહેવાની આવે, પાઠ્યસામગ્રીમાં ન હોય તો પણ પોતાના પૂર્વજ્ઞાનના આધારે કશુંક વિચારવાનું થાય, અન્ય માહિતી સાથે આ માહિતીને જોડીને બોલવાનું થાય. આ બધી બાબતો માટે શિક્ષકપક્ષે ધીરજની આવશ્યકતા છે. વાતચીતનો હેતુ એવો નથી કે વિદ્યાથીઓ સાચા જવાબ આપે, ખરો હેતુ એ છે કે બધા વિદ્યાર્થીઓ ચર્ચામાં ભાગ લે, પોતે જે કહે છે એની પાછળનો તર્ક તેઓને ખબર હોય. વાતચીતના કોઈ પ્રશ્નનો જવાબ એક પણ વિદ્યાર્થી ન આપી શકે તો? તો પણ એ જવાબ શિક્ષકે તો નથી જ આપવાનો. વિદ્યાર્થીઓ કોઈ જવાબ સુધી પહોંચે એ માટે શિક્ષક પેટાપ્રશ્નો પૂછી શકે. વાતચીત થકી અધ્યયન પ્રક્રિયા અને વિષયવસ્તુ સાથે વિદ્યાર્થીનું અનુભવજગત જોડાય છે તેથી વિદ્યાર્થીને વિષયવસ્તુ અને વર્ગ પોતીકાં લાગે છે. યાદ રહે, જે પ્રશ્નના જવાબ વિદ્યાર્થીએ આપવાના છે એના જવાબ શિક્ષક આપે તો વિદ્યાર્થી પાસેથી અધ્યયનની તક છીનવાઈ જાય છે.

**વાર્તા કહેવી અને વાંચવી :**

દરેક એકમમાં એક વાર્તા આપી છે. બાળકોને વાર્તા સાંભળવી ગમે છે એટલે આપણે વાર્તા કહીશું અને વાંચીશું પણ ખરા. હા, વાર્તા વાંચીશું. આપણે જ્યારે વાર્તા કહીએ છીએ ત્યારે બાળકોને એ વધારે ગમે છે. પરંતુ વાર્તાકથન-પઠન દ્વારા આપણો હેતુ બાળકોમાં નવા શબ્દો, શબ્દપ્રયોગો, વિશિષ્ટ વાક્યરચનાઓની સહજ સમજ કેળવવાનો છે. વાર્તા જ્યારે કહેવાય છે ત્યારે મોટેભાગે કથાવસ્તુ કે ઘટનાવર્ણન આવી જાય, પરંતુ ભાષાસૌંદર્ય અથવા તો ભાષાસજ્જતાનાં કેટલાંક પાસાં ચૂકી જવાતાં હોય છે. આવું ન થાય એ માટે વાર્તાનું ભાવવાહી પઠન અવશ્ય કરીએ. વાર્તામાં આવતાં રૂઢિપ્રયોગો, કહેવતો, શબ્દો કે વાક્યોના વિશિષ્ટ રીતે થયેલા ઉપયોગ વિદ્યાર્થીઓ સારી રીતે સમજે તે માટે વાર્તા અને અન્ય ગદ્યખંડોનું અસરકારક પઠન શિક્ષક કરે તે જરૂરી છે.

**મુખરવાચન (Loud Reading) :**

પાઠ્યસામગ્રી તરીકે આવતી વાર્તા કે અન્ય ગદ્યખંડ શિક્ષકના નિરીક્ષણ હેઠળ વિદ્યાર્થીઓ વાંચે એ પ્રક્રિયા વર્ગખંડમાં વારંવાર થવી જોઈએ. વિદ્યાર્થીઓને વ્યક્તિગત વાચન કરાવતાં પહેલાં શિક્ષકે એકવાર આખી વાર્તાનું વર્ગ સમક્ષ મુખરવાચન કરવું. ત્યાર બાદ વિદ્યાર્થીઓને વાંચવા માટે કહેવું. એક પછી એક વિદ્યાર્થી ઊભો થઈને એકમમાંનો એક એક ગદ્યખંડ મોટેથી વાંચે એટલે કે મુખરવાચન કરે એ પ્રક્રિયા વાચનશિક્ષણ માટે ખૂબ જરૂરી છે. દાખલા તરીકે, પાઠ્યપુસ્તકમાં બે-ત્રણ પેજની એક વાર્તા છે. એ વાર્તા બધા વિદ્યાર્થીઓ પાસે છે જ. શિક્ષકે કોઈ એક વિદ્યાર્થીને ઊભા થઈને એ વાર્તા મોટેથી વાંચવાનું શરૂ કરવા કહેવું. એ વખતે બાકીના વિદ્યાર્થી પણ વાચક વિદ્યાર્થીની સાથે જ મૌન વાચન કરતા જશે. ઊભો થઈને વાંચતો વિદ્યાર્થી ત્રણ-ચાર વાક્યો વાંચે એ પછી શિક્ષક બીજા કોઈ એક વિદ્યાર્થીને આગળનું વાંચવા કહેશે. આમ કરવાથી શક્ય છે કે આખી વાર્તા બે-ત્રણ વાર વર્ગમાં વંચાય. આ રીતે વંચાવવાથી બે ફાયદા થશે : એક તો વિદ્યાર્થીઓને વાંચવાનો અને શ્રવણનો મહાવરો થશે, જેમાં જરૂર જણાયે વિદ્યાર્થીની ભૂલ પણ સુધારી શકાશે. બીજું એ કે આ પાઠ્યસામગ્રી બે-ત્રણ વાર સક્રિય રીતે સાંભળવાથી-વાંચવાથી તેમાં આવતા શબ્દો, વાક્યપ્રયોગો વગેરે વિદ્યાર્થીના મનમાં સ્થિર થશે. પાઠ્યસામગ્રીમાં આવતી વિગતો પણ એને આપોઆપ યાદ રહેવા માંડશે.

મુખરવાચન ન થયું હોય તો મૌનવાચન સફળ થતું નથી.

**સ્વતંત્રલેખન :**

ઔપચારિક ભાષાશિક્ષણમાં લેખનકૌશલ પણ અગત્યનું છે. વાલીઓ અને સમાજની વાજબી અપેક્ષા પણ એવી હોય છે કે ભણેલા હોય તેને વાંચતાં-લખતાં આવડવું જોઈએ. અહીં લખતાં આવડવાની જે વાત છે તે અનુલેખન અને શ્રુતલેખનની નથી, સ્વતંત્રલેખનની છે.

આપણા વર્ગમાં વિદ્યાર્થીઓને વારંવાર સ્વતંત્રલેખનની તક મળવી જોઈએ. સ્વતંત્રલેખન એટલે કોઈ વિષય કે મુદ્દા પર વિદ્યાર્થી જાતે, પોતાની ભાષામાં આઠ-દસ વાક્યો લખી શકે. વર્ગના વિદ્યાર્થીઓને સ્વતંત્રલેખનનો બહુ અનુભવ ન હોય તો શરૂઆતમાં તેઓને તકલીફ પડે. તેઓ કદાચ લંબાણપૂર્વક કે વિગતવાર ન લખી શકે. આવું હોય તો ભલે એકાદ વાક્યથી શરૂઆત થાય, ધીમે ધીમે વિદ્યાર્થીઓ લેખિત વર્ણન કરતાં શીખી જશે. સ્વતંત્રલેખન ચકાસીએ ત્યારે વિદ્યાર્થીએ જે લખ્યું છે તે મુદ્દાને અનુરૂપ છે કે કેમ, લેખન તાર્કિક રીતે વિકસતું જાય છે કે કેમ એ અંગે વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપવું જોઈએ. વિદ્યાર્થીઓએ પોતાની બોલીના શબ્દો-વાક્યોનો ઉપયોગ કર્યો હોય તેનો સ્વીકાર કરવો જોઈએ.

**ભાષાકાર્ય :**

બાળક વ્યાકરણની, તેમાંય માતૃભાષાના ભાષાકીય બંધારણની સમજ સાથે શાળામાં આવે છે. આપણું કામ છે તે ક્ષમતાને વિદ્યાર્થીની સમજનો સક્રિય ભાગ બનાવી, મઠારીને વધુ ચોકસાઈ આવે તેમ કેળવવી. આ પાઠ્યપુસ્તકમાં ભાષા

બંધારણના મુદ્દા શીખવવાનો સભાન પ્રયાસ છે જ. વિદ્યાર્થીને જેટલા પ્રમાણમાં ભાષા આવડે છે તેનાથી પ્રારંભ કરીને ત્યાર બાદ ભાષાનો વધુ મહાવરો થાય તેવાં વાક્યો, ખાલી જગ્યા, જોડકાં, કોઠા જેવી પ્રવૃત્તિઓ આપવામાં આવી છે.

**મૂલ્યશિક્ષણ :**

આ પાઠ્યપુસ્તકની વાચનસામગ્રીમાં મૂલ્યો આંતરિક રીતે ગૂંથાયેલાં છે જ. મૂલ્યોનું પ્રગટ અને ઉપદેશાત્મક અધ્યાપન કરવાનો નિષેધ તો દાયકાઓથી કરવામાં આવી રહ્યો છે. Values are caught, not taught. મૂલ્યોનું ગ્રહણ થાય, મૂલ્યો શીખવી શકાય નહીં. આ વિધાન આપણને સાવધાન કરે છે કે શિક્ષકે મૂલ્ય-ઉપદેશ, મૂલ્યકથન, મૂલ્ય-સ્થાપન કે મૂલ્ય-કીર્તન કરવાનું નથી. પાઠના સંદર્ભમાં વિદ્યાર્થી, કુટુંબ તથા સમાજના વ્યવહારોનાં ઉદાહરણો લઈ તેમાં 'કેવું વર્તન કરવામાં આવે તો કેવાં કેવાં પરિણામો આવી શકે?' અંગે ચર્ચા ચગાવવાની છે. કોઈ મૂલ્યની હાજરી-ગેરહાજરીથી શો ફરક પડે તે અંગે વિદ્યાર્થીઓને વિચારતા, ઉદાહરણો આપતા કરી દેવા જોઈએ. શિક્ષકે અમુકતમુક મૂલ્યો પ્રત્યેનો પોતાનો આગ્રહ કે પૂર્વગ્રહ વિદ્યાર્થીઓ પર લાદવાનો ન હોય. આ પાઠ્યપુસ્તકમાં મૂલ્યલક્ષી અનેક વિચારો-પ્રશ્નો-વિધાનો મૂલ્યશિક્ષણના અભિગમ અનુસાર પરોક્ષ રીતે મુકાયા છે જ.

આ બધી બાબતો સાંકળીને ધોરણ-૫ ગુજરાતી દ્વિતીય ભાષામાં શીખવવાના મુદ્દા નીચે આપેલા છે :

## અધ્યયન નિષ્પત્તિ

- સ્વરસંજ્ઞા સહિતના મૂળાક્ષર પ્રવાહિતાથી વાંચે છે.
- સ્વરસંજ્ઞા સહિતના મૂળાક્ષર ચોકસાઈપૂર્વક લખે છે.
- આઠથી દસ શબ્દો ધરાવતાં સાદાં વાક્યો સાંભળીને લખે છે.
- ચિત્ર વાંચન કરે છે, ત્રણચાર વાક્યમાં ચિત્રવર્ણન લખે છે.
- વાક્યો અને પરિચ્છેદમાંથી માહિતી અને અર્થગ્રહણના પ્રશ્નોના ઉત્તર આપે છે.
- માતૃભાષા, માધ્યમભાષા તથા ગુજરાતીનો મિશ્ર ઉપયોગ કરી વાર્તા, પરિચ્છેદ, ઘટના અને સંવાદમાંના મુખ્ય વિચાર કહી શકે છે.
- પરિચિત પરિસ્થિતિ અને અનુભવોની રજૂઆત વાક્યો કે સંવાદ દ્વારા મિશ્રભાષામાં રજૂ કરી શકે છે.
- પોતાનો, અન્યનો ટૂંકો પરિચય આપી શકે છે.
- શબ્દો અને વાક્યો વાંચે છે.
- શબ્દોને ચિત્રો સાથે જોડે છે.
- શબ્દનું રૂપાંતર કરી અન્ય શબ્દ બનાવે છે.
- સાંભળેલી સૂચના મુજબ ચિત્રો દોરે છે.
- વાર્તાઓની ઘટનાઓનો ક્રમ દર્શાવે છે.
- વાર્તાની ઘટના અને પાત્રો વિશે ભાવાત્મક પ્રતિભાવ આપે છે.
- મોટેથી વાંચે છે.
- વાક્યોનું અનુલેખન કરે છે.
- વાર્તા/કથા/પ્રસંગને અભિનય વડે રજૂ કરે છે.
- વાર્તા/ઘટના અને પાત્રો અંગે પ્રશ્નો પૂછે છે.
- લેખનમાં અક્ષરોના વળાંકો, કદ, શબ્દો વચ્ચેની જગ્યા અંગે સભાનતા દર્શાવે છે.

## પાઠ્યક્રમ

- સંવાદ, પ્રશ્નો
- સર્વનામનો ઉપયોગ
- વચનની ઓળખ; તદનુસાર નામ, વિશેષણ અને ક્રિયાપદનો ઉપયોગ
- વિશેષણની ઓળખ અને ઉપયોગ
- ક્રિયાના સમય(ભૂતકાળ, વર્તમાનકાળ, ભવિષ્યકાળ)ની ઓળખ
- હતો, હતી, હતું, છે, છું, છીએ, હશે, થશે, બનશે - જેવા સાદા ક્રિયાપદનું પ્રયોજન
- આજ્ઞા, વિનંતી અને સૂચનાના ભાષાપ્રયોગની ઓળખ અને ઉપયોગ
- પ્રશ્નવાચક શબ્દો(ક્યાં, ક્યારે, કેટલા, કોનું)નો ઉપયોગ
- સમયવાચક શબ્દો(આજે, ગઈકાલે, આવતીકાલે, પરમદિવસે, ગયા મહિને)ની ઓળખ અને પ્રયોજન
- સાદાં વિધાનવાક્યો, આજ્ઞાર્થ વાક્યો, પ્રશ્નાર્થ વાક્યોની રચના પરથી ઓળખ અને પરિસ્થિતિ અનુસાર ઉપયોગ
- સ્થળવાચક અને સમયવાચક અવ્યય (વચ્ચે, ઉપર, નીચે, આગળ, પાછળ, અંદર, બહાર, પછી, અત્યારે, પહેલાં)ની ઓળખ અને ઉપયોગ
- સંયોજકો(અને, કે, અથવા, પણ, પરંતુ, તો પણ)ની ઓળખ અને ઉપયોગ

તમે અને બાળકો સાથે મળીને માતૃભાષાના વૈભવ, સમૃદ્ધિ અને સંવેદનાનું વર્ગમાં અવતરણ કરી, તેમાં ગળાડૂબ રહી અધ્યયન-અધ્યાપનની આનંદયાત્રા માણો એવી શુભેચ્છાઓ!

**આ પાઠ્યપુસ્તક વિશે...**

ગુજરાતી ભાષા સાથે થોડી વધુ મૈત્રી કેળવીને બાળકો ફરીથી તમારા વર્ગમાં આવી ગયાં હશે એટલે તમને ભાષા-અધ્યાપનમાં આગળ વધવામાં સરળતા રહેશે. આ નવું પાઠ્યપુસ્તક **‘કુક્કુટ’** તમને અને બાળકોને સક્રિયતા તથા મજા-મસ્તીના સંયોજનથી થનગનતાં કરવા માટે તત્પર છે.

| આટલું કરો | આટલું ન કરો |
| --- | --- |
| • પ્રત્યેક વર્ગ શરૂ કરતાં પહેલાં વ્યક્તિ તરીકે બાળકો સાથે અનૌપચારિક વાતો કરો.<br>• વાર્તા/કાવ્યમાં આવતાં પાત્રો-પ્રસંગો-સંવેદનાઓ-વિચારો-અવલોકનોમાં તમારા અને બાળકોના અનુભવો પણ અવશ્ય જોડો.<br>• પુસ્તકનું વિષયવસ્તુ તો ભાષાની અભિવ્યક્તિ માટે ટેકારૂપ સામગ્રી છે. તેને સ્મૃતિબોજ નહિ, ભાષામોજ બનાવો.<br>• પુસ્તકમાં આપેલી પ્રવૃત્તિઓ ઓછામાં ઓછી એકવાર તો કરાવો જ. બાળકોને ગમી ગયેલ પ્રવૃત્તિ વારંવાર કરાવો.<br>• પ્રત્યેક પેજની નીચે ‘મને ગમતા શબ્દો’ લખવા માટે જગ્યા આપી છે ત્યાં દરેક બાળકને એ પાન પરથી તેને ગમેલા બે શબ્દો લખે તે માટે પ્રોત્સાહિત કરો.<br>• બીજા એકમથી દરેક નવી પ્રવૃત્તિ આગળ બૉક્સ આપેલાં છે. જેમ જેમ પ્રવૃત્તિ થતી જાય તેમ તેમ બાળકોને તેમાં નંબર લખવા કહો. અહીંયાં ગુજરાતીમાં અંક લખવાની ટેવ પાડશો તો તેમને સાહજિક રીતે ગુજરાતી અંક લખતાં પણ આવડી જશે.<br>• શબ્દભંડોળ વધે તે માટે પુસ્તકના, પુસ્તક બહારના શબ્દો વારંવાર સંભળાવો. આ સાહેબને/બહેનને બધું જ કહી શકાય તેવું બાળકોને થાય તેવું વાતાવરણ બનાવો.<br>• એકમના અંતે ‘શબ્દપોટલી’માં શબ્દો ભરવા કહ્યું છે તે પ્રવૃત્તિ ખાસ કરાવજો. તેનાથી બાળકો પોતાની આસપાસ બોલાતા શબ્દો માટે સભાન થશે.<br>• બાળકોની માતૃભાષાના ઘનિષ્ઠ શ્રવણ/કથન અનુભવો પણ ગુજરાતી ભાષા શીખવા/શીખવવા માટે પૂરક-પોષક નીવડે છે તે સતત ધ્યાને રાખશો. | • બાળકોના મિત્ર બનો, ફિલૉસૉફર અને ગાઈડ નહિ.<br>• બાળકોને ડરાવી-ધમકાવી, કડક શિસ્તમાં રાખીને શીખવશો નહિ. આવા સંજોગોમાં તેઓની શીખવાની ક્ષમતા બંધ થઈ જાય છે.<br>• એકધારું વાંચવા-બોલવાનું ન રાખો.<br>• ચિત્રકામની અવગણના કરશો નહિ. પુસ્તકમાં જ્યાં રેખાચિત્રો છે તેમાં બાળકોને રંગ પૂરતાં ટોકશો નહિ.<br>• વર્ગના થોડાક વિદ્યાર્થીઓ ઉત્તર આપે અથવા પ્રવૃત્તિ કરી લે એટલે બધાને આવડી ગયું છે એવું ન માનશો.<br>• વાર્તામાં/કાવ્યમાં આવતા બધા જ શબ્દો બાળકને અર્થ સહિત શીખવવાના હોતા નથી.<br>• બાળકની ક્ષમતા-આવડત વિશે જાહેરમાં નિર્ણયો (આ તો નબળો/ઠોઠ છે કે હોશિયાર છે) વ્યક્ત ન કરશો. |

ગુજરાતી ભાષા શીખવાના સંરચનાવાદી અને અસરકારક અભિગમથી તૈયાર થયેલું આ રૂપકડું પુસ્તક આપના હાથમાં મૂકતાં આનંદ અનુભવીએ છીએ.

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૧. | પતરંગા પાર્ક | ૧ |
| ૨. | તમારો મત આપો | ૧૬ |
| ૩. | છ પગ ને બે પાંખ | ૩૨ |
| ૪. | આપણી  તો બચાવો, મારા  ને પણ | ૪૮ |
| ૫. |  | ૬૩ |
| ૬. | જીવવા દો અને જીવો | ૭૮ |
| ૭. | પ્રશ્નક્ષેત્રમાં પરાક્રમ | ૯૬ |
| ૮. | ચોટી મુંડો ઘૂઘૂઘૂ | ૧૧૩ |
| ૯. | શુભરાત્રી | ૧૩૧ |

# ૧ પતરંગા પાર્ક

L5T3Q5

## ૧ ચાલો, ગાઈએ ગીતડું : નાચીએ તા તા થૈ!

લંબકપુરના રાજાની વાહ રે વાહ!

લંબકપુરના રાજાની રાણીની વાહ રે વાહ!

લંબકપુરના રાજાની રાણીની કુંવરીની વાહ રે વાહ!

લંબકપુરના રાજાની રાણીની કુંવરીની દાસીની વાહ રે વાહ!

લંબકપુરના રાજાની રાણીની કુંવરીની દાસીની બિલાડીની વાહ રે વાહ!

લંબકપુરના રાજાની રાણીની કુંવરીની દાસીની બિલાડીની પૂંછડીની વાહ રે વાહ!

લંબકપુરના રાજાની રાણીની કુંવરીની દાસીની બિલાડીની પૂંછડીનાં ટપકાંની વાહ રે વાહ!

૧. *સૌ પ્રથમ વિદ્યાર્થીઓને મોજ પડે એ રીતે આ ગીતડું ગવડાવો. ત્યારબાદ તમારી શાળા જે ગામ/શહેરમાં આવેલી હોય તે ગામ/શહેરના કોઈ સ્થળ વિશે આવું ગીતડું બનાવી બાળકોને ગવડાવો.*

૨. *વિદ્યાર્થીઓને સૂચન કરો કે આજથી શરૂ કરીને આ એકમ પૂરો થાય ત્યાં સુધી તેમના ધ્યાનમાં કયા નવા શબ્દો આવ્યા તેની નોંધ રાખે. એકમ પૂરો થયે આ શબ્દો આધારિત 'શબ્દપોટલી' રમત રમાડવામાં આવશે.*

## ૨ વાહ રે વાહ!

ગીતડું ગાવાની મજા પડી ને?


તમારા વિશે આવું ગીતડું બનાવી ઘરના સૌને તમારી અને તેમની 'વાહ રે વાહ!' સંભળાવો. જેમ કે,

(૧) લંબકપુરના રાજાની રાણીની કુંવરીની દાસીની બિલાડીની પૂંછડીનાં ટપકાંના ગીતડાના ગાનારની વાહ રે વાહ!

(૨) અમદાવાદનાં એનીબહેનની વાહ રે વાહ!

મને ગમતા શબ્દો





**③ હવે, થોડીક વાર ઊલટી ગુલાંટ મારી ચોથા ધોરણમાં આંટો મારીએ. મનમાં 'પતરંગો'નાં પાનાં ફેરવીને જોડકાં જોડીએ.**

**ઓળખો છો ને આ બધાંને?**

| (અ) | (બ) | (અ)માંથી સાચો જવાબ |
|---|---|---|
| ૧. પતરંગો | પૃથ્વીપુરના બજારને ખેદાનમેદાન કરનાર | પર્વત |
| ૨. સિંહ | તે એકલું એકલું જંગલમાં ફરવા નીકળેલું | |
| ૩. ચિમ્પુ | તેને દરિયાકાંઠે ફરવા જવા માટે ખૂબ મનાવવો પડેલો | |
| ૪. ચારણકન્યા | મયૂરપુરીની પાર્ટીમાં આવેલ બિનબુલાયા મહેમાન | |
| ૫. પર્વત | તે મસ્તી કી પાઠશાલામાં જઈ રમવામાં જમવાનું ભૂલી ગયો હતો | |
| ૬. રીંછ | ગુલાબની બહેનપણી કે જેને સાપ કરડ્યો હતો | |
| ૭. બાળારાજા | સિંહને ઊભી પૂંછડીએ ભગાડનાર | |
| ૮. કુસુમ | તેણે કેળાં સાચવવા માટે પેટમાં મૂકેલાં | |

**④ વાર્તા સાંભળો અને મોટેથી વાંચો :**

## પતરંગાનો બીજો પ્રવાસ


જ્યારથી સાપુતારાનો પ્રવાસ કર્યો છે, ત્યારથી પતરંગા પાર્કમાં સૌને પ્રવાસે જવાનો નવો નવો શોખ ઊપડ્યો છે.

ચાંદો આકાશમાંથી નીચે ઊતરી બાળકોની ચોપડીમાં, ચારણકન્યાની ઝૂંપડીમાં અને ઊંડી તલાવડીમાં પ્રવાસ કરી આવ્યો છે. વાંદરાં બાબાગાડીમાં બેસીને વાડીમાં અને ઝાડીમાં પ્રવાસ કરી આવ્યાં, તે પણ એકબીજાની પૂંછડી પકડીને!

કાગળની હોડી બાળારાજાના ખિસ્સામાં બેસી છાનીમાની દરિયાકાંઠાનો પ્રવાસ કરી આવી. પતરંગો રોજ જુદી જુદી શાળાના પ્રવાસે જાય, ખૂબ મજા કરે અને કરાવે.


રીંછ બિચારું કંટાળી ગયું. તેને એકલાં એકલાં ફરવું ગમે. પણ હવે તો પાર્કના સૌ વડીલ પ્રાણીઓ પણ હાથમાં સોટી લઈને રોજ તેની સાથે સાંજે ફરવા નીકળે.

અમૃતકાકાનો પર્વત બજારના બદલે જંગલના પ્રવાસે જાય છે. જંગલમાં હવે ડર નથી, કારણ કે ચારણકન્યાના ડરથી કાયમ માટે પ્રવાસે ગયેલો સાવજ ઝૂમાં જ રહી પડ્યો છે. ફ્રીઝમાં પડ્યાંપડ્યાં રસગુલ્લાં કશે ફરવા ન જાય પણ કાયમ મોટેથી ગીત ગાય.





મને ગમતા શબ્દો



અમે રસગુલ્લાં રાજા!
ગોળમટોળ ને તાજાં!
કેવો ભારે અમારો વટ્ટ!
અમારી સામે ચાંદો? છટ્!

૨૬મી જાન્યુઆરીએ ગુલાબી ઠંડીમાં, નાની ગુલાબ પુરસ્કાર લેવા દિલ્હી જઈ આવી. તેની બહેનપણી કુસુમ ક્યાંય ન જઈ શકી. તેને ફરવા જવાનું બહુ મન થાય. પણ જાય ક્યાં? એને તો દિવસે ફરવાના વિચારો આવે, ને રાતે ફરવાનાં સપનાં!

એક વખત કુસુમે ફરવાની ઇચ્છા વિશે ગુલાબને કહ્યું, ગુલાબે પર્વતને કહ્યું, પર્વતે રીંછને કહ્યું, રીંછે પતરંગાને કહ્યું. પતરંગાએ ચાંદાને કહ્યું. ચાંદાએ બધાંને કહ્યું, ''ચાલો, વલસાડની હાફૂસ ખાવા જઈએ! ને હા, રસગુલ્લાંને પણ સાથે લેતાં જઈએ.'' આખી ટોળી પહોંચી ફ્રીઝ પાસે. રસગુલ્લાં રસબસ થઈને બાઉલમાં સૂતાં સૂતાં ગાતાં હતાં.

અમે રસગુલ્લાં રાજા!
ગોળમટોળ ને તાજાં!
કેવો ભારે અમારો વટ્ટ!
અમારી સામે ચાંદો? છટ્!

સાંભળીને હસતોખીલતો ચાંદો ઝંખવાયો. જાણે કે પૂનમની અમાસ થઈ ગઈ!

તરત ગુલાબે પહેલ કરી કહ્યું, ''જુઓ... રસગુલ્લાં! આમ તો હું ગુલાબજાંબુ સાથે જ વાત કરું છું, પણ આ ચાંદામામાએ કહ્યું, એટલે તમને કહું...''

ત્યાં તો રસગુલ્લાંનો મુખિયા સૌથી મોટો રસગુલ્લો અધવચ્ચે જ બોલ્યો, ''બોલને હવે જલદી. બહુ મોણ ન નાખ!''

ગુલાબ કહે, ''પ્રવાસે જઈએ છીએ. તમને સાથે લેવા આવ્યાં છીએ.''

એકદમ એકસાથે બધાં રસગુલ્લાં બોલી પડ્યાં :


અમે રસગુલ્લાં રાજા!
ગોળમટોળ ને તાજાં!
કેવો ભારે અમારો વટ્ટ!
અમારી સામે ચાંદો? છટ્!

પછી મુખિયા રસગુલ્લો ચાંદા તરફ જોઈ કહે, ''સારું પણ અમે રાજા છીએ... ચાલતાં ન આવીએ. આપણા રાજપીપળાના રાજમહેલથી પાલખીબાલખી મંગાવો.''

કુસુમે ડબ્બામાં રસગુલ્લાંને મૂક્યાં. દફતરને પાલખી ગણાવી, તેમાં ડબ્બો મૂક્યો. પોતે ગુલાબ સાથે પર્વત પર બેઠી. સૌની સવારી ઊપડી.



મને ગમતા શબ્દો



જંગલ આવ્યું, ઝાડી આવી...
મોટી મોટી પહાડી આવી...
સૌ મસ્તીમાં ચાલ્યાં જાય...
મીઠાં ગીતો ગાતાં જાય...

રસ્તામાં સ્ટેશન આવ્યું : ભરૂચ!

કુસુમ કહે, ''ભરૂચમાં જઈએ, આનંદ કરીએ ને સિંગ ખાતાં જઈએ, હેં ચાંદામામા...?''

ચાંદો કહે, ''મને ન પૂછ, રસગુલ્લાંને જ પૂછ ને!''

મોટો રસગુલ્લો આ સાંભળી બોલ્યો, ''હેં...! હેં...! શું? હાલો, હાલો, આગળ વધો.''

સહુ આગળ ચાલ્યાં, પણ પતરંગો નર્મદા નદીની સેર કરવા રોકાઈ ગયો.

પછી અંકલેશ્વર આવ્યું. બધાં નાક દબાવી, માસ્ક પહેરી દોડવા લાગ્યાં.

સુરત આવ્યું, રસગુલ્લાં તો 'હાલો... હાલો' જ કરે, ને 'આગળ વધો' જ કહે. કોઈ સુરતની ઘારી ન ખાઈ શક્યું, ને લોચો ખાવામાં કોઈ લોચો પણ ન માર્યો, પણ રીંછ કામરેજના પ્રાણી સંગ્રહાલયમાં ચક્કર મારવા રોકાઈ ગયું.

નવસારી આવ્યું, અમલસાડી ચીકુય ન ખાધાં. સાંજ પડી. પર્વત થાક્યો. વલસાડ આવે તે પહેલાં બીલીમોરામાં જ બેસી પડ્યો. કહે, ''હું તો થાક્યો.''

ચાંદા સિવાય બધાં કહે, ''અમે પણ થાક્યાં, જરા આરામ કરીએ.''

થાક્યાંપાક્યાં પ્રવાસીઓએ બીલીમોરાનાં ખમણ ખાધાં, પણ આરામ કરવામાં આંખ લાગી ગઈ.

ત્યાં તો કૂકડાએ સાયરન વગાડી: ''કૂકડે... કૂક''

સૌને નવાઈ લાગી, ''સાંજે તે વળી કૂકડે... કૂક... હોય!''


ત્યાં જ સામેથી તીરકામઠાં લઈને કૂકડાસૈનિકોની કતાર નીકળી. સેનાપતિએ પતરંગા પાર્કવાસી સૌ પ્રવાસીઓને પકડ્યાં, પૂછપરછ શરૂ કરી. ઓળખના પુરાવા માટે આઈકાર્ડ માંગ્યા. શંકા પડી. સૌને કબીલાના મહારાજ પાસે હાજર કર્યાં.

મોટા માંચડા પર કબીલાના મહારાજ બિરાજમાન હતા.

કુસુમે મહારાજની જય બોલાવી. ''મહારાજ કી જય હો!''

મહારાજાએ માથાની લાલમલાલ કલગી અને ગળાની લાલમલાલ ઝાલર હલાવી, પણ જોયું નહિ. આડું જોઈને ગાવા લાગ્યા:

છડી પોકારું તો સૂરજ જાગે, કૂકડે... કૂક...!
મારી બીકથી અંધારું ભાગે, કૂકડે... કૂક...!
હું અજવાળાનું ભાવિ છું... કૂકડે... કૂક...!
દિવસ ઉઘાડે એ ચાવી છું... કૂકડે... કૂક...!





મને ગમતા શબ્દો

ગુલાબને કંઈક સૂઝ્યું તે મોટેથી બોલી પડી, "કુક્કુટ કબીલાના મહારાજાશ્રીની કરોડો કૂકડે કૂક હો!"

હાજર બધા જ કૂકડા સૈનિકોએ "કૂકડે... કૂક... કૂકડે... કૂક..." કરી જય જયકાર કરી મૂક્યો.

મહારાજ ખૂબ જ ખુશ થઈ ગયા. ગર્વથી બોલ્યા, "કૂકડે કૂક...! શી ભેટ લાવ્યાં છો?"

કુસુમે ગુલાબ તરફ જોયું. ગુલાબે પર્વત તરફ જોયું. પર્વતે ચાંદા તરફ જોયું. રાજાએ પણ ચાંદા તરફ જોયું. તેમને તો ગોળમટોળ ચાંદો ગમી ગયો.

ચાંદો કહે, "મારા તરફ શું જુઓ છો? આ બૅગમાં રસગુલ્લાં છે તેમને જુઓ ને."

રાજાએ સેનાપતિ તરફ જોયું, સેનાપતિએ બૅગ તરફ જોયું.

કુસુમ બૅગ બગલમાં સંતાડવા લાગી. કુકડા સેનાપતિએ તેના પગમાં ચાંચ મારી.

કુસુમથી બૅગ છૂટી ગઈ. બૅગમાંથી ડબ્બો નીકળી પડ્યો.

ડબ્બો તો દડબડ દડબડ કરતો જઈ ચડ્યો મહારાણીના પગ પાસે.

મહારાણીએ ડબ્બો ખોલાવ્યો, જોઈને મોટેથી બોલી પડ્યાં, "કૂકડે... કૂક...! આ તો મારાં ખોવાયેલાં ઈંડાં લાગે છે...!"

મહારાણી ખુશખુશાલ...!

મહારાજા ખુશખુશાલ...!

ઘાસની પથારીમાં બીજાં ઈંડાં ભેગાં ડબ્બામાંનાં ઈંડાં પણ સેવવા મૂક્યાં.

રસગુલ્લાં તો કેદ થઈ ગયાં જાણે...!

અરે... રે...! જ્યાં સુધી ઈંડાંમાંથી બચ્ચાં ન નીકળે ત્યાં સુધી ગુલાબ, કુસુમ, પર્વત બધાં કુક્કુટકબીલામાં જ સૂતાં રહી ગયાં.

કોઈ સપનામાં બીજું કરે પણ શું?


તમે જ કહો ને...!

## ● વાતચીત :

- આ સપનું હશે કે સાચું?
- હવે રસગુલ્લાંનું શું થશે?
- વાર્તામાં શું બન્યું ત્યારે તમને મજા આવી?
- તમને વાર્તાનું કયું પાત્ર ખૂબ ગમ્યું? કેમ?
- તમને વાર્તાનું કયું પાત્ર ન ગમ્યું? કેમ?
- વાર્તામાં સૌથી વધુ હસવું ક્યારે આવ્યું?
- વાર્તામાં સૌથી વધુ આશ્ચર્ય ક્યારે થયું?
- તમે કોની સાથે ફરવા જવાનું પસંદ કરો છો?

મને ગમતા શબ્દો





- તમને ક્યાં ક્યાં ફરવા જવું ખૂબ ગમે?
- તમે કોઈ અજાણ્યાને જુઓ તો શી પૂછપરછ કરશો?
- રસગુલ્લાંને કબીલાની કેદમાંથી છોડાવવા બાકીના પ્રવાસીઓએ શું કરવું જોઈએ?

**૫ સાંભળીને હસતોખીલતો ચાંદો ઝંખવાયો. જાણે કે પૂનમની અમાસ થઈ ગઈ! આ વાક્ય મુજબ નીચેનાંમાંથી ખોટાં હોય તે વાક્યો પર લીટી દોરો.**

૧. ચાંદાને વાત સાંભળીને હસવું આવ્યું.
૨. પહેલાં ચાંદો આખો ખીલેલો હતો.
૩. ચાંદો ઝાંખો પડી ગયો.
૪. ચાંદાના ઝંખવાવાથી તેનું તેજ વધી ગયું.
૫. ચાંદો ભોંઠો પડી ગયો.
૬. ચાંદો પહેલાં ખુશ હતો.
૭. ચાંદો ઝાંખરામાં ફસાયો.
૮. પછી ચાંદાની ચાંદની ઓછી થઈ ગઈ.
૯. ચાંદો હસે ત્યારે પૂનમ થાય, ચાંદો ન હસે ત્યારે અમાસ થાય.
૧૦. ચાંદાને કોઈક વાતનું ખરાબ લાગ્યું.

- **ચાલો, ગાઈએ ગીતડું : લંબકપુરના રાજાની વાહ રે વાહ!**

**૬ સાચું હોય તો 'કૂકડે... કૂક!' બોલો. ખોટું હોય તો 'છટ્ છટ્' બોલો અને લખો.**

૧. રસગુલ્લાંએ તેના દોસ્ત ચાંદાનું અપમાન કર્યું. ________
૨. પ્રવાસીઓએ ઓળખ માટે આધારકાર્ડ બતાવ્યાં. ________
૩. કુક્કુટ મહારાજા ચાંદાને ભેટ સમજી બેઠા. ________
૪. બધાં સપનામાં કુક્કુટ કબીલામાં પહોંચી ગયાં હતાં. ________
૫. રસગુલ્લાં તો મહારાણીનાં સેવાયેલાં ઈંડાં હતાં. ________
૬. દફતરમાંથી રસગુલ્લાંવાળો ડબ્બો નીકળી પડ્યો. ________


**૭ વર્ગની બધી દીવાલોને ડાબા હાથની પહેલી આંગળી અડાડતાં જઈ એક રાઉન્ડ લગાવો. તે પછી ટૂંકમાં જવાબ લખો.**

૧. કુક્કુટ કબીલામાં કોણ કોણ રહેતાં હતાં? ________

________

૨. ચાંદાએ પ્રવાસમાં રસગુલ્લાંને સાથે લેવાનું શા માટે કહ્યું હશે? ________

________





મને ગમતા શબ્દો

૩. રસ્તામાં કઈ કઈ જગ્યાએ શું શું ન ખાઈ શકાયું? ______________________

______________________________________________

૪. રસગુલ્લાં શા માટે ફરવા નહીં જતાં હોય? ______________________

______________________________________________

## ૮ વાંચો. વાંચવાની મજા પડી ને! હવે તે મુજબ અભિનય કરો.

૧. તમે કુક્કુટ કબીલાના મહારાજા છો.
૨. તમે રસગુલ્લાંના મુખિયા છો.
૩. તમે ચાંદો છો.

## ૯ જૂથ કાર્ય : જૂથમાં બેસો, કલ્પના કરો અને કહો, પછી શું થયું હશે?

*વિદ્યાર્થીઓને એક-બે ઉદાહરણ આપવાં. જેમ કે ચાંદો બાળકોની ચોપડીમાં ફરવા ગયો. પછી આખી ચોપડીમાં બધાં પાનાં સફેદ થઈ ગયાં.*

૧. ચાંદો બાળકોની ચોપડીમાં ફરવા ગયો, પછી...
૨. બાળારાજા ખિસ્સામાં કાગળની હોડી લઈને દરિયામાં નહાવા ગયા, પછી...
૩. ઈંડાં ભેગાં રસગુલ્લાં સેવવા મૂક્યાં, પછી...
૪. પ્રવાસીઓ કુક્કુટ કબીલામાં રહી પડ્યાં, પછી...
૫. રીંછ કામરેજના પ્રાણીસંગ્રહાલયમાં પહોંચ્યું હશે, પછી...

- **ચાલો, ગાઈએ ગીતડું : લંબકપુરના રાજાની વાહ રે વાહ!**


## ૧૦ લંબકપુરી રાજા!

અમલસાડનાં ચીકુ એટલે અમલસાડી ચીકુ... એમ : વલસાડનું હોય એ વલસાડી.

તો...

| | |
|---|---|
| ભરૂચનું હોય એ ભરૂચી | સુરતી એટલે સુરતનું હોય એ |
| અમદાવાદનું હોય એ ____________ | ખંભાતી એટલે ____________ |
| જામનગરનું હોય એ ____________ | ડાંગી એટલે ____________ |
| કચ્છનું હોય એ ____________ | પંજાબી એટલે ____________ |
| બંગાળનું હોય એ ____________ | રાજસ્થાની એટલે ____________ |





૧૧ નીચેના શબ્દોનો અર્થ તમારી માતૃભાષામાં લખો. જો તમે ગુજરાતી હો તો શબ્દનો અર્થ હિન્દીમાં લખો. પછી તે શબ્દને ઉદાહરણ મુજબ દીર્ઘ ઈ લગાડી નવો શબ્દ બનાવો. શિક્ષકની મદદથી તે નવા શબ્દનો અર્થ શોધીને લખો.

| શબ્દ | તે શબ્દનો માતૃભાષામાં/હિન્દીમાં અર્થ | દીર્ઘ ઈ 'ી' લગાડીને | પછીનો અર્થ |
|---|---|---|---|
| ગુલાબ | | ગુલાબી | |
| પ્રવાસ | | | |
| ગરીબ | | | |
| કાયમ | | | |
| દોસ્ત | | | |
| સવાર | | | |

૧૨ ગુજરાતી ભાષાના કેટલાક રૂઢિપ્રયોગો (મુહાવરા) સમજવા માટેના વાક્યપ્રયોગો વાંચો અને એક નવું વાક્ય બનાવો.

- **મોણ નાખવું - બિનજરૂરી ઉમેરો કરવો**

  ૧. મોણ નાખીને વાત લાંબી ન કર.

  ૨. એ વાતમાં બહુ મોણ નાખે છે એટલે સાંભળતાં સાંભળતાં બગાસાં આવે છે.

  ૩. ________________

- **લોચો મારવો - ગોટાળો કરવો**

  ૧. પંખો ચાલુ થયો નથી, વાયર જોડવામાં કંઈક લોચો થયો લાગે છે.

  ૨. તેણે આખો દાખલો ફટાફટ સાચો ગણી નાંખ્યો, કોઈ લોચો ન માર્યો.


  ૩. ________________

- **આંખ લાગી જવી - ઊંઘ આવી જવી**

  ૧. સસલો રસ્તામાં આરામ કરવા બેઠો, ને એની આંખ લાગી ગઈ.

  ૨. રાત્રે મોડે સુધી કામ કરવું હતું પણ આંખ લાગી ગઈ.

  ૩. ________________





મને ગમતા શબ્દો

**૧૩** **પાના નંબર ૮ સુધીની 'કુક્કુટ' ચોપડીમાંથી નીચેના શબ્દોવાળાં વાક્યો શોધીને વાંચો અને બીજું નવું વાક્ય બનાવો.**

ખેદાનમેદાન – ______________________

છાનીમાની – ______________________

હસતોખીલતો – ______________________

પાલખીબાલખી – ______________________

થાક્યાંપાક્યાં – ______________________

લાલમલાલ – ______________________

ખુશખુશાલ – ______________________

**૧૪** **સાંભળો, ઝીલો અને ગાઓ.**


**આલ્લે લે!**

જળપરીનું ઝાંઝર તૂટ્યું : આલ્લે લે આલ્લે લે!
જંગલમાંથી ઝરણું છૂટ્યું : આલ્લે લે આલ્લે લે!
પાંખ ઝબોળી પંખી સરતાં
ઝાડ ઉપરથી ફૂલો ઝરતાં
ડુંગર પરથી ગીત વછૂટ્યું : આલ્લે લે આલ્લે લે!
જળપરીનું ઝાંઝર તૂટ્યું : આલ્લે લે આલ્લે લે!
જળે ભરી વાદળીઓ ઝૂકી
હવાઓએ વાંસળીઓ ફૂંકી
ક્યાંથી આવું અચરજ ફૂટ્યું : આલ્લે લે આલ્લે લે!
જળપરીનું ઝાંઝર તૂટ્યું : આલ્લે લે આલ્લે લે!
તરણાંને ના હોય હલેસાં
હુંય તરું રે એમ હંમેશાં
ભીનું ભીનું સમણું લૂંટ્યું : આલ્લે લે આલ્લે લે!
જંગલમાંથી ઝરણું છૂટ્યું : આલ્લે લે આલ્લે લે!
આલ્લે લે આલ્લે લે આલ્લે લે

**– મનોહર ત્રિવેદી**

મને ગમતા શબ્દો





*વિદ્યાર્થીઓની બે ટીમ પાડી એક ટીમ પંક્તિઓ ગાય અને બીજી ટીમ 'આલ્લે લે...! આલ્લે લે!' ગાય તે રીતે આ ગીત ગવડાવો. બીજી વખત ગાવાની પંક્તિઓ અરસપરસ અદલબદલ કરીને ગવડાવો.*

- **વાતચીત:**

  - તમને કઈ પંક્તિ ગાવાની સૌથી વધુ મજા પડી? ફરીથી ગાઓ.
  - તમે ઝરણું, નદી, તળાવ, દરિયા કે જંગલમાંથી ક્યાં ક્યાં ફરવા ગયાં છો?
  - તમે પંખીઓને પાણીમાં પાંખ ઝબોળતાં જોયાં છે? કયાં કયાં?
  - ઝાડ ઉપરથી ફૂલો ખરે ત્યારે તમને કેવું લાગે?
  - તમે હવા ફૂંકાવાથી નીકળતો અવાજ ક્યાં ક્યાંથી સાંભળ્યો છે ? એવો અવાજ કાઢો.
  - તમને શાનો શાનો અવાજ બહુ ગમે?
  - તમને શું શું જોઈને અચરજ થાય/નવાઈ લાગે?
  - પાણી ભરેલી વાદળીઓ તમારા ઘરની બાજુમાં રહેતી હોય તો તેને શું પૂછો?

## ૧૫ નવાઈ લાગે તો 'આલ્લે લે!' અને ન લાગે તો 'ખબર છે.'

૧. આંબા પરથી કેરી પડી. 'ખબર છે!'

૨. આંબા પરથી મીઠાશ પડી. 'આલ્લે લે!'

૩. વાદળમાંથી વીજળી ઝબકી.

૪. આકાશે તેની સેલ્ફી ખેંચી.

૫. રંગબેરંગી ફૂલો ખીલ્યાં.

૬. આંખમાં મેઘધનુ રચાયું.

૭. પવનથી ડાળીઓ ઝૂકી.

૮. પાંદડાંઓએ સીટી મારી.

## ૧૬ ભક્ત ધ્રુવની જેમ અઢી મિનિટ ઊભા રહો પછી આપેલાં વાક્યોના અર્થવાળી પંક્તિ ગીતમાંથી શોધીને લખો.


૧. પાણીનું ઝરણું ફૂટ્યું. ______________________

૨. પંખીઓ ઝરણાંમાં નહાય છે. ______________________

૩. હું પણ હંમેશાં તરણાંની જેમ તરું. ______________________

૪. પવન ફૂંકાવાથી અવાજ થયો. ______________________

૫. આવી નવાઈનું ક્યાં બન્યું? ______________________





મને ગમતા શબ્દો

**૧૭** **આપેલાં વાક્યો વાંચો અને તેના પરથી ચિત્ર દોરો અને રંગ પૂરો. તમારું ચિત્ર બધાં જોઈ શકે તેમ વર્ગમાં ગોઠવો.**

ડુંગરોની હારમાળા દોરો. તેમાંથી નીકળતું એક ઝરણું દોરો. ઝરણાકિનારે ઘાસ અને તેમાં સૂતેલી જળપરી દોરો. દૂર આકાશમાં વાદળીઓ અને સવારનો ઊગતો સૂરજ દોરો. આકાશમાં ઊડતાં પંખીઓ દોરો.

- **તમારા મિત્રને તમે દોરેલા ચિત્ર વિશે પાંચ વાક્ય બોલવા કહો. તે બોલે તેમ વાક્યો અહીં લખી લો. ત્યારબાદ તમે તેના ચિત્ર વિશે પાંચ વાક્યો તેને લખાવો.**

૧. ______________________________

૨. ______________________________


૩. ______________________________

૪. ______________________________

૫. ______________________________

મને ગમતા શબ્દો





- **ચાલો, ગાઈએ ગીતડું : લંબકપુરના રાજાની વાહ રે વાહ!**

**૧૮ પોતાની જગ્યાએ પાંચ કૂદકા મારો. પાંચ પાંચનાં જૂથમાં બેસો. પ્રશ્નો વિશે ચર્ચા કરો અને બીજાં બધાંને તે વિશે કહો.**

૧. ડુંગર પરથી નીચે ભૂસકો મારતાં ઝરણાંને વાગતું નહીં હોય?

૨. તમે નાના હો ત્યારે તમારું જે નામ પાડવામાં આવે તે જ મોટા થાવ ત્યારે પણ રહે છે. ઝરણાને માટે એવું હોય?

૩. વરસાદ પડે ત્યારે આકાશમાં થતા અવાજો કોણ કરતું હશે?

૪. ઊંચે આકાશમાં વાદળાંનું પાણી સૂરજની ગરમીથી ગરમ કેમ નહીં થતું હોય?

૫. વાદળાંમાં પાણી હોય તો પણ તેમાં માછલીઓ રહેતી કેમ નહીં હોય?

**૧૯ મૂકઅભિનય કરો.**

૧. પગમાં ઝાંઝર પહેરવું.

૨. પાણીમાં પાંખ ઝબોળવી.

૩. વાંસળી વગાડવી.

૪. પાણીમાં તરવું.

**૨૦ કવિતામાંથી ઉદાહરણ મુજબ પંક્તિ શોધીને લખો.**

તૂટી ગયું..... જળપરીનું ઝાંઝર તૂટ્યું.

ફૂટી ગયું..... ______

છૂટી ગયું..... ______

લૂંટાઈ ગયું..... ______

વછૂટી ગયું..... ______

ઝૂકી ગયું..... ______


**૨૧ વાક્યો વાંચી નીચે આપેલા શબ્દ કે શબ્દસમૂહ માટે કવિતામાં કયા શબ્દો વપરાયા છે તે શોધીને લખો.**

૧. તેના પગમાં પહેરેલા ઘરેણાંનો રુમઝુમ અવાજ આવ્યો.
પગમાં પહેરવાનું એક ઘરેણું : ______

૨. પાણીમાં રહેતી મત્સ્યસુંદરીના હાથમાં જાદુઈ છડી હતી.
પાણીમાં રહેતી મત્સ્યસુંદરી : ______

૩. ઝરણું નાના પર્વતમાંથી નીકળે.
નાનો પર્વત : ______

૪. આવડું મોટું ફૂલ જોઈ નવાઈ લાગે છે!
નવાઈ : ______




મને ગમતા શબ્દો

૫. નીતુ કાયમ મોડી જ નિશાળે આવે.

કાયમ : ______________________

૬. નાની હોડી ચલાવવા લાકડું કામ આવે.

હોડી ચલાવવાનું લાકડું : ______________________

## ⟨૨૨⟩ કલ્પના કરો અને લખો.

ઝરણું એટલે જળપરીનું ઝાંઝર

નદી એટલે ______________ વીજળી એટલે ______________

દરિયો એટલે ______________ પંખી એટલે ______________

વાદળ એટલે ______________ માણસ એટલે ______________

## ⟨૨૩⟩ ગીતડું બનાવો અને ગાઓ.

રસગુલ્લાંનો ડબ્બો ખૂલ્યો, આલ્લે લે... આલ્લે લે...!

................ મળી વહેંચી ખાધાં, ..............................!

પિન્ટુભાઈએ ................ રાખ્યું, ..............................!

રસગુલ્લું તો ................ સરક્યું, ..............................!

## ⟨૨૪⟩ આહાહા... આ તો કવિતા જેવું લાગે છે! વાક્ય કવિતા જેવું લાગે તો ઉદાહરણ મુજબ 'આહાહા...!' અને સાદું વાક્ય લાગે તો 'નાનાના!' લખો.

૧. અ) સરરરર સર સાપ સરકતો
આહાહા!

બ) સર્પ વાંકોચૂકો ચાલે. નાનાના!

૨. અ) સૂરજમાંથી કૂણાં કૂણાં કિરણો છૂટ્યાં. ______________

બ) ધનુષમાંથી બાણ છૂટ્યું.
______________

૩. અ) નદીમાં મેં નજર ઝબોળી.
______________

બ) ઘીમાં ઝબોળી પૂરણપોળી.
______________

૪. અ) તડાક કરતું માટલું ફૂટ્યું.
______________

બ) કોકિલ કંઠે ગીત ફૂટ્યું.


૫. અ) ______________ બોલ્યું.
______________

બ) રૂમઝૂમ રૂમઝૂમ ઝાંઝર બોલ્યું.
______________

૬. અ) ચોમાસે વાદળ વરસ્યું.
______________

બ) આંખોમાંથી ______________ વરસ્યું.





## ૨૫ ખોટા જવાબ છેકી નાખો.

| | | |
|---|---|---|
| ૧. | મોટું પંખી કયું છે? | કાગડો/મોર/સમડી/ચકલી |
| ૨. | ચાંચ કોને હોય? | માછલી/ગાય/પોપટ/હાથી |
| ૩. | સૌથી લાંબી પૂંછડી કોને હોય? | બકરી/કૂતરું/વાંદરો/બિલાડી |
| ૪. | લાંબા લાંબા દાંત કોને હોય? | વાઘ/સહિં/ચિત્તો/હાથી |
| ૫. | પાંદડાં સીવીને માળો કોણ બનાવે? | સુગરી/દરજીડો/લક્કડખોદ/બુલબુલ |
| ૬. | ગંદકી સાફ કરતું પક્ષી કયું? | ઘુવડ/ગીધ/સમડી/બાજ |

## ૨૬ જરા હસીએ અને હસાવીએ.

શિક્ષક : જો તમને પાંખો હોત તો?

વિદ્યાર્થી-૧ : પેટ્રોલ-ડીઝલ સાવ સસ્તાં હોત.

વિદ્યાર્થી-૨ : આકાશમાં ખૂબ અકસ્માતો થાત.

વિદ્યાર્થી-૩ : બૂટ-ચંપલ-મોજાંનો બહુ ખર્ચો ન કરવો પડત!

વિદ્યાર્થી-૪ : પંક્ચર બનાવવાવાળાની દુકાનો જ ન હોત!

તમારો દોસ્ત : ____________________


તમે : ____________________


વિદ્યાર્થી-૫ : તે બધું તો ઠીક સાહેબ, તમે જ કહો. કપડાં કેવાં સિવડાવવાં પડત?

શિક્ષક : હેં...!

## ૨૭ શબ્દપોટલીમાં શબ્દ ભરો.

*બાળકોને પૂછો કે તેઓ આ એકમ શીખ્યાં ત્યાં સુધીમાં કયા નવા શબ્દો શીખ્યા? અહીં, આ એકમમાં આવતા શબ્દો ગણતરીમાં લેવાના નથી. દરેક બાળકે ઓછામાં ઓછો એક શબ્દ બોલવો. તમે આ તમામ શબ્દો બૉર્ડ પર નોંધી લો. બાળકો આ શબ્દો પાઠ્યપુસ્તકમાં નોંધી લેશે. હવે તમે બાળકો સાથે ચર્ચા કરો કે તેમણે આ શબ્દો ક્યાં સાંભળ્યા, વાંચ્યા અને આ શબ્દ તેઓ કઈ રીતે શીખ્યાં?*







- **ચાલો, ગીતડું ગાઈએ : લંબકપુરના રાજાની વાહ રે વાહ!**

**૨૮ લગભગ સરખા :**

**કુંવરી**-દીકરી; **દાસી**-સેવિકા; **ખેદાનમેદાન**-અસ્તવ્યસ્ત; **તળાવડી**-નાનું તળાવ; **વડીલ**-મોટું, મુરબ્બી; **પુરસ્કાર**-ઇનામ; **હાફૂસ**-કેરીની એક જાત; **પહાડી**-નાનો પર્વત; **સાયરન**-ખતરાની ઘંટી; **તીરકામઠાં**-બાણ અને ધનુષ; **કતાર**-હાર, હરોળ; **ટોળી**-માણસોનો સમૂહ; **ઝંખવાવું**-ભોંઠાં પડવું, ઝાંખું પડવું; **પાલખી**-માણસો ઊંચકીને ચલાવે તેવું વાહન; **સેર**-સહેલ, હવા ખાવી તે; **ઘારી**-એક મીઠાઈ; **લોચો**-ખમણના લચકા જેવી એક સુરતી વાનગી, ગૂંચવાવું; **પ્રખ્યાત**-જાણીતું; **પૂછપરછ**-માહિતી મેળવવા સવાલો પૂછવા તે; **પુરાવા**-સાબિતી; **શંકા**-વહેમ; **માંચડો**-ઊંચી બેઠક; **બિરાજમાન**-શોભે એ રીતે બેઠેલું; **ગર્વ**-અભિમાન.





# ૨ તમારો મત આપો

ચાલો, ગાઈએ ગીતડું :










વાત કહું ભૈ! વાત કહું,
સરસ મજાની વાત કહું.
એક હતો અલબેલો,
લોકો એને કહેતા ઘેલો.
નાક જુઓ તો લાંબું લચ,
લાંબું લાંબું લાં...બું લચ.
નાક મઝાની ડાળ ગણી,
પંખી બેઠાં ટોળે વળી.
કાબર આવી, ચકલી આવી;
કોયલ આવી ને ટહુકી,
કાગડો બેઠો આવી ત્યાં.
કૂકડો કરે કૂઊઊક રે કૂઊઊક
આવી અલબેલાને છીંક,
હા... ક્... છીં... ઈં... ઈં...;
પંખીઓને લાગી બીક,
બીક લાગી ને ઊડ્યાં દૂર,
ફુરુર ફુરુર ભૈ! ફુરર ફુરર.

- મોહનલાલ શં. પટેલ











મને ગમતા શબ્દો

## કોણ કોની નકલ કરે છે?

*વર્ગનાં બે જૂથ પાડો. એક જૂથ વર્ગમાં બેસે. બહાર ગયેલાં જૂથનાં બાળકો બે-બેની જોડી બનાવશે. જોડી બનેલ બાળકો એકબીજા વિશે બોલશે. જેમ કે નીલમ અને હેત્વીની જોડી હોય તો નીલમ વર્ગમાં જઈ હેત્વી હોવાનો અભિનય કરશે. નીલમ હેત્વીની જેમ બોલે, ચાલે, લખે. વર્ગમાં બેઠેલું જૂથ નીલમ કોણ બનેલ છે તે ઓળખે.*

*તમારા મનમાં/નોટમાં વર્ગના કોઈ એક વિદ્યાર્થીનું નામ લખો. પછી એની સ્ટાઈલથી આ વાર્તામાંથી આઠ-દસ વાક્યો વાંચો. વર્ગના વિદ્યાર્થીઓને પૂછો : મેં કોની જેમ વાંચ્યું?*

## વાર્તા સાંભળો - વાંચો.

### પંખીની પહેલી મહાસભા

ઝાડ અને ટેકરાઓ પાછળથી સૂરજ દેખાયો. પક્ષીઓ સૂરજદેવનાં દર્શન કરી મહાસભાના સ્થાનમાં આવ્યાં. બરાબરની ભીડ જામી હતી; મંડપ ચિક્કાર ભર્યો હતો; શાંતિ અને વ્યવસ્થા વખાણવા જેવાં હતાં.

પ્રમુખની દરખાસ્ત મૂકતાં કાકાકૌઆએ ગંભીર વાણીથી કહ્યું.

''એકત્ર થયેલાં પક્ષીબ્રધર્સ અને પક્ષીસિસ્ટર્સ! હું આપણી સભાના પ્રમુખપદ



માટેની દરખાસ્ત મૂકવા ઊભો થયો છું. પ્રમુખ માટે સૌથી યોગ્ય ગરુડરાજ લાગે છે; કોઈ એનાથી અજાણ નથી. પ્રાચીન કાળથી તેમના દાદાઓનું નામ જાણીતું છે. એને એકને જ વિષ્ણુ ભગવાનના વાહન થવાનું માન મળેલ છે. તેમણે ઊંચી પર્વત-ટોચથી અહીં આવી આપણી સભા શોભાવી છે, તે માટે ખરેખર આપણે તેમનો આભાર માનવો ઘટે છે.

લાલ લોહી જેવી લટકતી ઝાલર હલાવતાં ટકરીએ ઊભા થઈ કહ્યું : ''ભાઈ કાકાકૌઆના મતને હું ટેકો આપું છું.''

'કુ...કુ' ને 'કો કો' તથા 'કુરુડ કુરુડ'ને 'ટાંઉ... ટાંઉ'ના અવાજ સાથે દરખાસ્ત મંજૂર થઈ.

ચટકમટક ચાલે ચાલતો લીલો પોપટ ઊભો થયો. કાળી કાંઠલાવાળી ગરદન હલાવી તેણે ઉપપ્રમુખની દરખાસ્ત મૂકતાં કહ્યું :

''સભામાં પધારેલાં ભાઈઓ ને બહેનો! મને ઉપપ્રમુખની દરખાસ્ત મૂકવાની આપે જે તક આપી છે તે માટે આપનો આભારી છું. બહુ થોડા શબ્દોમાં હું તેમની ઓળખાણ કરાવીશ.''

શાહમૃગનું મૂળ રહેઠાણ આફ્રિકા છે. એનું સુંદર રૂપ જોઈ આપ ખરેખર ખુશ થયાં જ હશો. એનાં પીંછાં એટલાં તો સુંદર છે કે ઇંગ્લૅન્ડના રાજા પણ એને પોતાની ટોપીમાં ખોસે છે. એનાં ઈંડાં પવિત્ર ગણાય છે. મુસલમાનો તેને પીરની જગાઓમાં ટાંગે છે. એકેક ઈંડું મોટા ચીભડા જેવડું થાય છે. એના લાંબા ગળામાંથી ગમે તે ચીજ ઝટ પસાર થઈ જાય છે. સાહેબ દોડવામાં ઘણા હોશિયાર ગણાય છે. ખરેખર, ઉપપ્રમુખ થવાને તેઓ બરાબર લાયક છે.''

શાહમૃગ ઉપપ્રમુખ તરીકે ચૂંટાયા, એટલે સભાનું કામકાજ આગળ ચાલ્યું.

ઘૂ ઘૂ કરતાં કબૂતરભાઈએ દરખાસ્ત મૂકી : ''ખરેખર આપણને એક બાહોશ નિશાનબાજની જરૂર છે. હું ધારું છું કે બાજ એ કામને માટે પૂરેપૂરો લાયક છે. એ નિશાનબાજ છે; માટે જ શિકારી લોકો તેને પાળી તેની પાસે બીજાં પક્ષીઓનો શિકાર કરાવે છે. અમોને ખાતરી છે કે હવેથી તેઓ અમારા જેવા ગરીબ ભાઈઓને શિકારીઓથી બચાવશે.''

'ચીં... ચીં...', 'ટુ... ટુ...', 'કુઉઉ... કુઉઉ...'ના પોકારો સાથે કબૂતરની દરખાસ્ત સૌએ સ્વીકારી.

કાગડાના ટોળામાંથી એક મોટો કાગડો ભાષણ કરવા ઊભો થયો. તેણે કહ્યું : ''મારી કાળાં પીંછાંવાળી કોમના પ્રતિનિધિ તરીકે ભાષણ કરવા હું ઊભો થયો છું. અમારી કોમે શહેર સુધરાઈનું સુંદર કામ કર્યું છે. અમારી આખી કોમે માણસજાતની ગંદકી ને એંઠવાડ દૂર કરવા જે મહેનત ઉઠાવી છે, તેવી મહેનત દુનિયાના કોઈ સુધરાઈ ખાતાએ નહિ ઉઠાવી હોય. જો અમારું કામ એક જ દિવસ બંધ રાખીએ તો માનવજાત માંદી પડી મરી જાય. આખા ગામમાં ભારેમાં ભારે રોગ થાય. ચારેકોર દુઃખ દુઃખ થઈ પડે.''

''અમારી કોમના નારીમંડળ તરફથી હું એક બીજી વાત રજૂ કરું છું. પણે બેઠેલી



કોયલબાનુઓ અમારી કાગડીબાઈઓને હેરાન કરે છે. તેઓ અમારા માળામાં પેસી જઈ પોતાનાં ઈંડાં અમારાં ઈંડાં ભેગાં મૂકી નાસી જાય છે, ને અમારી ભોળી કાગડીબાઈઓ લુચ્ચીનાં ઈંડાં સેવી હેરાન થાય છે. આ બાબતમાં કોઈ ઠરાવ થવાની જરૂર છે.'' કાગડાની દરખાસ્ત ઉપર પાછળથી વિચાર કરવાનું ઠરાવી કામ આગળ ચાલ્યું.

કાબરે પક્ષીની જાતમાં પ્રેમનો ગુણ વિકસે એટલા માટે કબૂતર અને સારસની વાતો કરી.



મને ગમતા શબ્દો

સૌ પક્ષીઓએ તેમના જેવા પ્રેમી થવું એવી દરખાસ્ત મૂકી તે બોલી :

"સારસ - સારસી જરા પણ છૂટાં રહી શકતાં નથી; બધો વખત સાથે જ રહે છે. એવો એમનો પ્રેમ છે. બેમાંથી એક મરી જાય તો બીજું ઝૂરી ઝૂરીને મરી જાય છે. એવો પ્રેમ તો અક્કલવાળા માણસોમાં પણ જોવા નથી મળતો."

બધાં પક્ષીઓએ કાબરબાઈને આનંદથી વધાવી લીધાં.

છેવટના ઠરાવમાં ઘુવડને રાતનું ચોકીદાર નીમવામાં આવ્યું.

સૌ ખુશ થયાં.

મહાસભાનું કામ પૂરું થયું.

- ગિજુભાઈ બધેકા

(પશુપક્ષી ગ્રન્થમાળામાંથી)

## ● વાતચીત :

- વાર્તામાં તમને સૌથી વધુ મજા ક્યારે આવી?
- આ મહાસભામાં તમને જવા મળે તો તમે શું શું કહો?
- મોર જો પોતાની રજૂઆત કરે તો તે શું કહી શકે?
- તમને ગમતા કોઈ એક પક્ષીની વિશેષતા કહો.
- પક્ષીઓને મદદરૂપ થવા તમે શું શું કરો છો?
- શાળામાં તમને કયા કામની ટુકડીના નેતા બનવું ગમે? કેમ?
- વર્ગ મૉનિટર માટે તમે કોની ભલામણ કરો? કેમ?
- તમારા વર્ગની સભા ભરાય તો પ્રમુખ કોને બનાવશો? કેમ?
- બાળકોની મહાસભામાં કયા કયા પ્રશ્નોની ચર્ચા કરશો?
- શિક્ષકો મીટિંગ કરે ત્યારે કઈ કઈ વાતો કરતાં હશે?
- અવાજ કરો : (૧) મોરની જેમ (૨) કોયલની જેમ (૩) કાગડાની જેમ

## મને ઓળખો. જોડીમાં કામ કરો.

૧. ઘણા જૂના સમયથી અમારી પેઢીઓનું નામ પ્રસિદ્ધ છે. : ગરૂડ

૨. ભગવાન અમારા પર સવારી કરે છે, તેથી લોકો અમારો આદર કરે છે. : ____________

૩. અમે આમ તો આફ્રિકાના, પણ ભારતમાંય અમારી વસ્તી ખરી. : ____________

૪. અમે શિકાર કરવામાં હોશિયાર છીએ. : ____________

૫. ખાવાપીવાથી થતો ગંદવાડ હટાવવા માટે અમે સતત કામ કરીએ છીએ : ____________

મને ગમતા શબ્દો





૬. અમે અમારાં ઈંડાં કોઈ બીજા પક્ષીના માળામાં મૂકી આવીએ છીએ : ____________

૭. અમે હંમેશાં જોડે જ હોઈએ. : ____________

**શિક્ષક એક પછી એક વાક્ય વાંચી સંભળાવશે. જો વાક્ય સાચું હોય તો 'હાજી રે હાજી' અને ખોટું હોય તો 'નાજી રે નાજી' બોલો.**

૧. મહાસભાની શાંતિ અને વ્યવસ્થા ખૂબ સરસ હતાં.
૨. મહાસભામાં સૌથી પહેલું કામ ઉપપ્રમુખ નક્કી કરવાનું થાય છે.
૩. શાહમૃગને આવડત અને ગુણને કારણે ઉપપ્રમુખ બનાવવામાં આવ્યું.
૪. નિશાનબાજ બનવા માટે ગીધ, બાજ અને કાગડો સ્પર્ધામાં ઊતર્યાં.
૫. પોતાના સમૂહની વાત કાગડીઓએ રજૂ કરી.
૬. કબૂતરની રજૂઆતનો સૌએ અસ્વીકાર કર્યો.
૭. કાગડાની કાબર વિશેની ફરિયાદનો ઉકેલ લાવવા ચર્ચા કરવામાં આવી.
૮. મહાસભામાં ફક્ત એક જ કામ થયું-ઘુવડને ચોકીદાર બનાવવાનું.
૯. સારસ સારસી જેવો પ્રેમ માણસોમાં પણ હોતો નથી એ વાત બધા પક્ષીઓને ગમી.

**આપેલા શબ્દ માટેનાં વાક્યો વાંચો. તે પરથી મૂળ શબ્દનો ઉપયોગ કરી નવું વાક્ય બનાવો. જોડીમાં કામ કરો.**

- **ભીડ : ગિરદી**

૧. મહાસભાના સ્થાનમાં બરાબરની ભીડ જામી હતી.
૨. સેલનો લાભ લેવા મૉલમાં લોકોની ભીડ ઊમટી પડી.
૩. ____________

- **યોગ્ય : લાયક**

૧. પ્રમુખ માટે સૌથી યોગ્ય ગરુડરાજ લાગે છે.
૨. ચૂંટણીમાં યોગ્ય ઉમેદવારને જ મત આપવો જોઈએ.
૩. ____________

- **તક : મોકો, અવસર**

૧. પોપટે ઉપપ્રમુખની દરખાસ્ત મૂકવાની તક લીધી.
૨. જો ઘરમાં કોઈ હાજર ન હોય તો હું ફ્રીઝમાં પડેલો આઈસક્રીમ ખાઈ જ જાઉં. આવી તક થોડી ગુમાવાય!
૩. ____________




મને ગમતા શબ્દો

- **રહેઠાણ : રહેવાનું સ્થાન, મકાન**

૧. શાહમૃગનું મૂળ રહેઠાણ આફ્રિકા છે.

૨. ગીરનું જંગલ એટલે સિંહોનું રહેઠાણ.

૩. ____________________

- **ગુણ : સારું લક્ષણ**

૧. કાબરે પક્ષીજાતમાં પ્રેમનો ગુણ વિકસાવવા સારસ પક્ષીની વાત કરી.

૨. દાન આપવાના ગુણને કારણે જ કર્ણ દાનવીર કહેવાય છે.

૩. ____________________

- **ચાલો, ગાઈએ ગીતડું : વાત કહું ભૈ! વાત કહું...**

**સાચા અર્થવાળા વાક્ય સામે ✓ કરો.**

**૧. કબૂતરે નિશાનબાજના પદ માટે બાજનું નામ કહ્યું. કારણ કે...**

(અ) પક્ષીઓનો શિકાર કરવામાં બાજ શિકારીને મદદ કરે છે.

(બ) કબૂતરને લાગે છે કે બાજ જો શિકારીને મદદ ના કરે તો પોતે અને બીજાં પક્ષી બચી જાય.

(ક) બાજ પક્ષીઓનો શિકાર કરતો નથી.

**૨. કાગડાના ભાષણથી મહાસભા પર શી અસર થઈ?**

(અ) બધાં પક્ષીઓએ કાગડાની મહેનતનાં વખાણ કર્યાં.

(બ) બધાં પક્ષીઓએ સ્વીકાર્યું કે કાગડા વગર માણસો જીવી જ ન શકે.

(ક) પક્ષીઓએ કાગડાની વાત પર ખાસ ધ્યાન આપ્યું નહીં.

**૩. કાગડાઓને કયો ઠરાવ થવાની જરૂર જણાઈ?**

(અ) કોયલડીઓ કાગડીઓને હેરાન કરે નહિ તે માટે મહાસભા કોઈ પગલાં લે.

(બ) માણસો જ્યાં ત્યાં ગંદકી કરે નહિ.

(ક) કોયલડીઓની હેરાનગતિ તાત્કાલિક બંધ કરવામાં આવે.

**૪. કાબરે સારસ-સારસીના પ્રેમનાં વખાણ કર્યાં. કારણ કે...**

(અ) સારસ-સારસી કાબરના ખાસ મિત્ર છે.

(બ) પક્ષીઓમાં પ્રેમભાવ વધે.

(ક) બધાં પંખીઓ પ્રેમથી સંપીને રહે.

**નીચેનાં વાક્યો જેવો જ અર્થ નીકળે તેવાં વાક્યો વાર્તામાંથી શોધીને લખો.**

**ઉદા. સભાપતિ તરીકે વિષ્ણુ ભગવાનના વાહન એવા પક્ષીની પસંદગી કરવી યોગ્ય રહેશે.**

**જવાબ : પ્રમુખ માટે સૌથી યોગ્ય ગરુડરાજ લાગે છે.**

૧. કાકાકૌઆ જે માને છે તે હું પણ માનું છું.

______________________________

૨. શાહમૃગનો સુંદર દેખાવ તમને આનંદ આપતો જ હશે.

______________________________

૩. પક્ષીજૂથ પાસે કોઈ બરાબર નિશાન તાકનાર હોય તો સારું.

______________________________

૪. અમે કામ ન કરીએ તો માણસો બીમાર થઈ મૃત્યુ પામે.

______________________________

૫. અમારી નાતના સ્ત્રીસમૂહ વતીથી એક વાત કહું છું.

______________________________

૬. તેઓ એકબીજા વિના જીવી જ ન શકે.

______________________________

**જૂથમાં બેસો. ઉદાહરણ મુજબ પક્ષીઓ વિશે ટૂંકમાં લખો.**

(મુદ્દા : રંગ, કદ, અવાજ, ક્યાં રહે ?, શું ખાય ?)

| ઉદાહરણનું શ્રુતલેખન કરાવો. |
|---|

**મોર :** અહાહા! અમે ભારતનું રાષ્ટ્રીય પક્ષી અમસ્તાં નથી! અમારાં રંગભર્યાં પીંછાં તો બધાંયને ગમે. કલગી અમારો મુગટ. અમારાં પીંછાંથી ભગવાન શ્રી કૃષ્ણનો મુગટ શોભી ઊઠે. વિદ્યાદેવી માતા સરસ્વતી અને ભગવાન કાર્તિકેયનું અમે વાહન પણ ખરા. અનાજના દાણા, જીવડાં અને સાપ જેવાં સરિસૃપ અમારો ખોરાક. અમારું વજન આશરે ચારથી છ કિલોની આસપાસ છે, એટલે બહુ દૂર કે ખૂબ ઊંચે અમે ઊડી શકતાં નથી. અમને તમારી સાથે રહેવું ગમે. માનવવસ્તીની નજીક રહીએ, 'ટેહુક ટેહુક' બોલીએ ને મજા કરીએ.





મને ગમતા શબ્દો

૧. કૂકડો    ૨. કોયલ    ૩. શાહમૃગ :

⬡ **તમને કયું પક્ષી થવું ગમે ? તમે એ પક્ષી હો તો શું શું કરો?**

- **ચાલો, ગાઈએ ગીતડું : વાત કહું ભૈ! વાત કહું,...**

⬡ **બે-ત્રણ વાક્યમાં જવાબ લખો.**

૧. બધાં પક્ષીઓ શા માટે એકઠાં થયાં હતાં?

૨. ઉપપ્રમુખ તરીકે કોની પસંદગી થઈ ? શા માટે?

૩. શિકારીઓ બાજને શા માટે પાળે છે?

૪. માણસજાતને કાગડાઓ શી રીતે ઉપયોગી છે?

૫. માણસોએ સારસ પક્ષીઓ પાસેથી શું શીખવા જેવું છે?

૬. ઘુવડને રાતના ચોકીદાર તરીકે કેમ નીમ્યું હશે?

⬡ **પાંચ વખત ઊંડા શ્વાસોચ્છવાસ કરો. ત્યારબાદ નીચેનાં પક્ષીઓએ કરેલ રજૂઆત વિશે બે-ત્રણ વાક્યો લખો.**

૧. કબૂતરે કહ્યું કે પક્ષીઓ માટે... ______________________

________________________________________

________________________________________

૨. કાગડો : ______________________

________________________________________

________________________________________

૩. કાબર : ______________________

________________________________________

________________________________________

⬡ **નીચેનો ફકરો વાંચો.**

સૂર્યદીપ સોસાયટીની સભા મળી હતી. સૌની રજૂઆતો અને પ્રશ્નોની ચર્ચા થવાની હતી. બધાં આવી ગયાં હતાં.

મોન્ટીભાઈએ સોસાયટીના અધ્યક્ષની દરખાસ્ત મૂકતાં કહ્યું, “અધ્યક્ષ તરીકે

મને ગમતા શબ્દો

હું મંગલેશભાઈનું નામ સૂચવું છું. તેઓ હમણાં જ છેક અમેરિકાથી ઘણું શીખીને આવ્યા છે. માટે અધ્યક્ષ તરીકે તેમની નિમણૂક કરવી યોગ્ય રહેશે.''

ધીમેથી પોતાની જગ્યા પર ઊભા થઈ તરડાતા અવાજે પશાકાકાએ કહ્યું, ''ભાઈ મોન્ટીભાઈની વાત સાથે હું સંમત છું.'' તાળીઓના ગડગડાટ સાથે સૌએ વાતને વધાવી લીધી.

પિન્ટુભાઈએ માથાની હૅટ હાથમાં લઈ ડોક ઝાટકી વાળ પાછળ કરતાં કહ્યું, ''સંતોષભાઈ આમ તો કચ્છના રહેવાસી. એમના ઘરની શોભા ઘણી સારી છે. સાહેબ તહેવારોના શોખીન પણ છે. ઉપાધ્યક્ષ માટે તો તેઓ જ બરાબર રહેશે.''

સ્વચ્છતાના આગ્રહી એવાં સુરભિબહેન સૌ વતી બોલવા ઊભાં થયાં. તેમણે કહ્યું, ''આપણે ત્યાં પાણીનો ખૂબ બગાડ થાય છે. ટાંકી છલકાય તો પણ કોઈ બંધ કરતું નથી. આખી સોસાયટીનું પાણી અમારા ચાર ઘર આગળ ભરાય છે. અને અમારે સાફ કરવાનું થાય છે. સોસાયટીની સ્વચ્છતા જળવાય તે માટે બધા સહકાર આપે તેવું કંઈક નક્કી થવું જોઈએ.''

પાણીની ટાંકી પાસે રહેતાં ખૂશ્બુબહેને કહ્યું, ''અમારે તો બધાં સાથે સારું બને છે. પૂછો અમારા પડોશીઓને.''

રાતના ચોકીદારને સોસાયટીના ગેટની ચાવી આપવાની જવાબદારી સુબોધભાઈને સોંપી ચા-નાસ્તો કરી સૌ છૂટાં પડ્યાં.

- **ફકરાનાં અને વાર્તાનાં પાત્રોને તેમની કામગીરી અને ગુણના આધારે સરખાવો.**

| કામગીરી | ફકરામાં | વાર્તામાં |
|---|---|---|
| પ્રમુખ | મંગલેશભાઈ | ગરુડરાજ |
| | | |
| | | |
| | | |

⬡ **વાક્યો વાંચો અને સમજો. જો કોઈ કામ કરવા આદેશ કર્યો હોય તો 'હાજી' અને જો કોઈ કામ માટે મદદ માંગી હોય તો 'okay' બોલો.**

૧. ટેકરાઓની પાછળ સૂરજ જુઓ.
૨. નાનાં પંખીઓએ આગળ અને મોટાં પંખીઓએ પાછળ બેસવું.
૩. મહાસભાના સ્થાન આગળ ભીડ ઓછી કરો ને.
૪. મંડપની અંદર શાંતિ અને વ્યવસ્થા જાળવવાનાં રહેશે.
૫. ગરુડરાજને ઊંચા આસન ઉપર બેસાડો.
૬. હોલાભાઈ, પ્લીઝ ઝાડની ડાળી પરથી નીચે આવો.
૭. પહેલાં મારી વાત સાંભળશો?
૮. કોયલ જો કાગડીબાઈઓને હેરાન કરશે તો એમને જંગલ બહાર કરવામાં આવશે.
૯. અત્યારે મંડપમાંથી કોઈએ બહાર જવું નહિ.
૧૦. મહાસભા પતે પછી ચણ ચણીને જ જવું.

- **ચાલો, ગાઈએ ગીતડું : વાત કહું ભૈ! વાત કહું,...**

⬡ **જૂથમાં વહેંચાઈ જાઓ. વાર્તા પરથી દરેક જૂથ નાટક કરશે. વર્ગ અથવા શાળા સમક્ષ રજૂઆત કરો.**

⬡ **સંવાદ મોટેથી વાંચો અને ભજવો :**

નિત્યા : તને ખબર છે, ચાતક એટલે શું?
કવન : ના, એ શું હોય?
નિત્યા : ચાતક એક પક્ષી છે.
કવન : ઓહ! એ કેવું દેખાય?
નિત્યા : કાબર જેવું.
કવન : તો એ કાબર છે કે ચાતક, એ કેવી રીતે ખબર પડે?
નિત્યા : તેની પૂંછડી કાબરની પૂંછડી કરતાં લાંબી હોય છે.
કવન : ફક્ત પૂંછડી જ જુદી હોય છે?
નિત્યા : ના, તેના માથા પર ચોટલી હોય છે.
કવન : અરે, વાહ!
નિત્યા : કહેવાય છે કે તે વરસાદનાં ટીપાં સીધાં ઝીલીને પીએ છે.
કવન : અરે! આ તો જબ્બર કહેવાય!

મને ગમતા શબ્દો

## સાંભળો, ઝીલો અને ગાઓ.





### લોટો : નાનો કે મોટો?

તું નાનો, હું મોટો
એવો ખ્યાલ જગતનો ખોટો;
આ નાનો, આ મોટો-
એવો મૂરખ કરતા ગોટો.
ખારા જળનો દરિયો ભરિયો,
મીઠા જળનો લોટો;
તરસ્યાને તો દરિયાથીયે
લોટો લાગે મોટો.
નાના છોડે મહેંકી ઊઠે
કેવો ગુલાબગોટો!
ઊંચા-ઊંચા ઝાડે તમને
જડશે એનો જોટો?
મન નાનું તે નાનો,
જેનું મન મોટું તે મોટો.

- પ્રેમશંકર ભટ્ટ



મને ગમતા શબ્દો

## ● વાતચીત :

- તમારા ઘરમાં તમારાથી નાનું કોણ કોણ અને મોટું કોણ કોણ છે?
- તમે મોટેરાંઓનાં કયાં કયાં કામ કરો છો?
- તેમાંથી કયાં કામ કરવાં તમને ગમે છે? કયાં કામ નથી ગમતાં?
- તમને કયાં કયાં કામ કરવાની શાબાશી મળે છે?
- સુગંધ આપતાં ફૂલોનાં નામ કહો.
- તમને ફૂલછોડ શાથી ગમે છે?
- ફૂલનો ઉપયોગ ક્યાં ક્યાં થાય છે?
- ગુલાબની જેમ મહેંક આપતાં કયા ફૂલછોડ તમે બાગમાં રોપશો?
- નાના છોડ કે વેલા પર થતાં મોટાં મોટાં ફળ-શાકભાજીનાં નામ કહો.
- મોટા વૃક્ષ પર થતાં નાનાં ફળનાં નામ કહો.
- નાનાં નાનાં જીવજંતુ, પ્રાણી, પક્ષી આપણને કેવી રીતે મદદગાર થતાં હોય છે?

## વાક્યો વાંચો અને સમજો. તેના આધારે ખાલી જગ્યા પૂરો.

(એક-જોટો, મીઠું-ખારું, સાચો-ખોટો, નાનો-મોટો)

૧. નરેશ પાંચમાં ધોરણમાં ભણે છે. મહેશ પહેલા ધોરણમાં ભણે છે.

- નરેશ મહેશથી ____________ છે. ● મહેશ નરેશથી ____________ છે.

૨. દિયાએ ધાબા પરથી છલાંગ લગાવવાનું વિચાર્યું. હેત્વીએ સીડીએથી નીચે ઊતરવાનું વિચાર્યું.

- દિયાનો વિચાર ____________ છે. ● હેત્વીનો વિચાર ____________ છે.

૩. નેહાએ શરબતમાં ખાંડ વધારે નાખી. મેઘનાએ શરબતમાં મીઠું વધારે નાખ્યું.

- નેહાનું શરબત મેઘનાના શરબત કરતાં ____________ છે.
- મેઘનાનું શરબત નેહાના શરબત કરતાં ____________ છે.

૪. પાર્થે ફક્ત શર્ટ ખરીદ્યો. પ્રિન્સે શર્ટ-પેન્ટ ખરીદ્યાં.

- પ્રિન્સે શર્ટ-પેન્ટનો ____________ લીધો. ● પાર્થે ____________ જ કપડું ખરીદ્યું.

## પંક્તિના નજીકના અર્થ સામે ✓ કરો. જોડીમાં કામ કરો.

**૧. એવો મૂરખ કરતાં ગોટો**

(અ) ન સમજતાં લોકો ગોટાળા જેવા હોય છે.

(બ) ઓછી બુદ્ધિવાળા લોકો એવી ભૂલ કરે છે.

(ક) એવા મૂરખ લોકોનો ગોટો કરી દેવો જોઈએ.

મને ગમતા શબ્દો

૨. **તરસ્યાને તો દરિયાથીયે લોટો લાગે મોટો**

(અ) તરસ લાગે એટલે લોટા વડે દરિયાનું પાણી પી લેવું.

(બ) તરસ લાગે ત્યારે મોટા દરિયાનું પાણી પી શકાતું નથી.

(ક) તરસ લાગે ત્યારે દરિયાના પાણી કરતા લોટાનું મીઠું પાણી વધુ ઉપયોગી બને.

**વાક્ય સાચું હોય તો ☺ પર ✓ કરો અને ખોટું હોય તો ☹ પર ✓ કરો.**

૧. નાનાં-મોટાંનો જગતનો ખ્યાલ સાચો છે. ☺ ☹

૨. નાનો-મોટો એવો ગોટાળો હોશિયાર કરે છે. ☺ ☹

૩. તરસ્યાને દરિયાના પાણીથી ભરેલો લોટો મોટો લાગે છે. ☺ ☹

૪. નાના છોડ પર ગુલાબગોટો મહેકી ઊઠે છે. ☺ ☹

૫. જેનું મન મોટું તે નાનો. ☺ ☹

**આ કામ કરવા જે વસ્તુ ઉપયોગી થાય તેની સામે ✓ કરો.**

૧. શાકભાજી સમારવા માટે

( ) દાતરડું ( ) ચપ્પું

૨. સૂવા માટે

( ) ઢાળિયું ( ) પલંગ

૩. માળામાં મોતી પરોવવા

( ) સોય ( ) તલવાર

૪. જમવા માટે

( ) રકાબી ( ) થાળી

૫. પાણી પીવા માટે

( ) કુંજો ( ) પ્યાલો

૬. તાળું ખોલવા માટે

( ) ચાવી ( ) હથોડી

૭. લાકડું કાપવા માટે

( ) દાતરડું ( ) કરવત

૮. છાંયડા માટે

( ) વૃક્ષ ( ) છોડ

૯. ખેતરની પરિમિતિ માપવા માટે

( ) વેંત ( ) મેઝરટેપ

૧૦. આખી દુનિયામાં પ્રકાશ ફેલાવવા માટે

( ) સૂરજ ( ) બલ્બ





મને ગમતા શબ્દો

- ચાલો, ગાઈએ ગીતડું : વાત કહું ભૈ! વાત કહું,...

## બે મિનિટ માટે આંખ બંધ કરી સ્થિર બેસો. તે પછી જવાબ લખો.

૧. કયો ખ્યાલ ખોટો ગણાય છે?

૨. મૂરખ લોકો શો ગોટાળો કરે છે?

૩. તરસ્યા માણસને શું મોટું લાગે છે? શા માટે?

૪. મહેંકી ઊઠવું એટલે શું?

૫. તમે કેવા માણસને મોટો માણસ કહેશો?

## કૌંસમાં આપેલા શબ્દ પ્રમાણે લહેકો કરી બોલો. વિદ્યાર્થીઓ પાસે બોલાવડાવો.

૧. લાવ, તારી નોટ બતાવ તો! (આજ્ઞા)

૨. ડબ્બામાંથી એક લાડુ કાઢી આપો ને. (મદદ)

૩. બે શબ્દો વચ્ચે જગ્યા રાખીને લખવું. (સૂચના)

૪. આ ગીતડું ગાઈ સંભળાવશો? (મદદ)

૫. દર્શન, અત્યારે જ બજારમાં જઈ ગોલુ માટે આઈસક્રીમ લઈ આવ. (આજ્ઞા)

૬. થોભો, રાહ જુઓ, પછી આગળ વધો. (સૂચના)

## આપેલ ચિત્ર અનુસાર લહેકો કરી બોલો.

૧. વાતમાં વચ્ચે ન બોલ. આ.

૨. મને ઉપરથી કેરી તોડી આપો ને મ.

૩. સૌએ નીચે જોઈને ચાલવાનું છે. સૂ.

૪. આગળ ખતરનાક વળાંક છે, ધ્યાન રાખો. સૂ.

૫. કોઈએ અંદર જવાનું નથી. આ.



૬. મારી સાથે બજારમાં આવશો ને? મ.

૭. બહારથી અંદર આવનારે હાથપગ ધોઈને આવવું. સૂ.

૮. અત્યારે કોઈએ ચોપડી ખોલવાની નથી. આ.


૯. જરા બારણું ખોલશો? મ.


મને ગમતા શબ્દો

⬡ જૂથમાં બેસો. વાક્યો મોટેથી વાંચો. દરેક વાક્ય સામે   કે  દોરો.

ઉદા. દફતર ઠેકાણે મૂકવા માટે

 મૂકલા, સાંભળે છે...? શાળાએથી આવી દફતર ઠેકાણે મૂકી દેવાનું.

 મૂકેશ, શાળાએથી આવીને દફતર ઠેકાણે મૂકવું.

 મૂકેશ, આજે તો તારું દફતર ઠેકાણે મૂકી દે.

૧. કપડાં સ્વચ્છ રાખવા માટે

☐ ક્યાં આળોટે છે! હવેથી કપડાં મેલાં કરીને આવવાનું નથી.

☐ જો હવે તું કપડાં ન બગડે તે ધ્યાન રાખીશ ને!

☐ જો બેટા, કપડાં મેલાં ન થાય તેનું ધ્યાન રાખીને રમવાનું.

૨. રમત રમવા માટે

☐ ધક્કામુક્કી કર્યા સિવાય શાંતિથી રમશો ને?

☐ સૌએ ધક્કામુક્કી કર્યા સિવાય શાંતિથી રમવાનું છે.

☐ આ શું ધક્કામુક્કી કરો છો? શાંતિથી રમો, નહિ તો બેસી જાવ.

૩. ચૉકલેટ ખાવા માટે

☐ આ શું આખો દિવસ ચૉકલેટ ખાધા કરે છે. હવે એક પણ ચૉકલેટ ખાવાની નથી.

☐ વધુ ચૉકલેટ ખાવી નહિ.

☐ બહુ ચૉકલેટ ખાવી જોઈએ નહિ. બોલો નહિ ખાવ ને!

૪. છે કહે જવાનું લેવા દૂધ લઈને સાઈકલ દિયાને પપ્પા.

☐ ..........................................................................................

☐ ..........................................................................................

☐ ..........................................................................................



મને ગમતા શબ્દો

- **ચાલો, ગાઈએ ગીતડું : વાત કહું ભૈ! વાત કહું,...**

**જુદા પડતા શબ્દને ઘૂંટીને ઘાટો કરો.**


| | |
|---|---|
| ૧. પાંખ, માળો, ચાંચ, પગ | ૨. લીલો, લાલ, ચળકતો, પીળો |
| ૩. આકાશ, પર્વત, બગીચો, દરિયો | ૪. સરવાળો, બાદબાકી, અવયવ, ભાગાકાર |
| ૫. ચંદ્ર, રાત્રી, સૂરજ, તારા | ૬. મહેનત, કઠોર, પરિશ્રમ, ઉદ્યમ |
| ૭. મગ, ચણા, ઘઉં, વટાણા | ૮. ખેતર, વાડી, શેઢો, કૂવો |
| ૯. ઉપર, બહાર, વધારે, નીચે | ૧૦. દર, ડાળી, માળો, ઘર |

**હસો.**

શિક્ષક : અક્કલ બડી કે ભેંસ?

વિદ્યાર્થી : સર, પહેલાં બંનેની બર્થ ડેટ તો કહો.

**શબ્દપોટલીમાં શબ્દ ભરો.**




**લગભગ સરખા :**

**ઘેલું**-ગાંડું; **મહાસભા**-મોટી વિશાળ સભા; **વ્યવસ્થા**-બંદોબસ્ત, ગોઠવણ; **દરખાસ્ત**-મંજૂરી માટે રજૂ થતી સૂચના; **ગંભીર**-અહોભાવ ને માન ઉપજાવે તેવું; **અજાણ**-જાણનો અભાવ; **પ્રાચીન**-જૂનું; **માન**-આદર; **મત**-અભિપ્રાય; **ગરદન**-ડોકી; **ઓળખાણ**-પરિચય; **મૂળ**-અસલ; **ટાંગવું**-લટકાવવું; **ઝટ**-તરત; **બાહોશ**-ચાલાક; **શિકાર**-ગમ્મત, ખોરાક કે કસરત માટે પશુપંખીને મારવાં તે; **શિકારી**-શિકાર કરનાર; **ખાતરી**-ભરોસો; **પોકાર**-બૂમ; **ટોળું**-સમૂહ; **કોમ**-એક જ નામથી ઓળખાતો લોકસમૂહ; **પ્રતિનિધિ**-ને બદલે,-ના તરફથી કામ કરવા નિયુક્ત કરેલો માણસ; **સુધરાઈ**-મ્યુનિસિપાલિટી; **ચારેકોર**-ચારે બાજુ; **ઠરાવ**-સભા કે સમિતિમાં બહુમતીથી કે સર્વાનુમતથી થતો નિર્ણય; **વખત**-સમય; **ઝૂરવું**-ને માટે તલસવું; **અક્કલ**-બુદ્ધિ; **વધાવવું**-હર્ષભેર આવકાર આપવો; **છેવટે**-અંતે; **ચોકીદાર**-રખેવાળ; **નીમવું**-કામ કે પદ ઉપર સ્થાપવું; **ખ્યાલ**-વિચાર; **જગત**-દુનિયા; **ગોટો**-ગોટાળો; **જળ**-પાણી; **મહેક**-સુગંધ; **જોટો**-બે સરખી વસ્તુની જોડ; **ઝીલવું**-પકડી લેવું; **જબ્બર**-મુશ્કેલ; **લમણાફૂટ**-માથાકૂટ.

મને ગમતા શબ્દો

# છ પગ ને બે પાંખ


C4P3I6

## ચાલો, ગાઈએ ગીતડું :

માટી ખાઈને થાય મોટું, ચાલતું જાય વાંકુચૂકું,
જાણે નાનું સાપોલિયું, આ તે કેવું અળસિયું!
જમીન પોચી પોચી કરતું, સોના જેવું ખાતર બનતું,
પાક બમણો સૌને ધરતું, આ તે કેવું અળસિયું!
તડકો દેખી ભાગી જાતું, અડકો ત્યાં કેવું શરમાતું,
માટીમાં જઈ ઊંડે સરતું, આ તે કેવું અળસિયું.

- શૈલેષ કાલરિયા

## કીડીને દરમાંથી બહાર કાઢો.



- હવે દોરાનો ઉપયોગ કરીને કહી શકો કે કીડીબાઈને કેટલું ચાલવું પડ્યું ? (ઘરકામ)

જવાબ : ____________ સે.મી.; ____________ મીટર



મને ગમતા શબ્દો

## વાર્તા વાંચો.

### તમે નહીં માનો!


આમતેમ કેવી હાંફળીફાંફળી દોડે! પછી, મોંમાં ખોરાક લઈને લાઇનમાં ચાલતી જાય. રસ્તામાં મળતી ફ્રેન્ડ્સ સાથે થોડીક ગુસપુસ કરે ને ઝડપથી આગળ વધે.

એ તે કોણ?

કીડી, સાવ નાનકડું જંતુ.

કીડી હોય નાની નાની પણ એની પાસેથી શીખવા મળે મોટું મોટું. દર બનાવવાની ટૅકનિક, દરમાં રહેનાર કીડીઓ માટેનાં કામની વહેંચણી અને વ્યવસ્થા જોવા જેવાં. શિસ્ત અને કરકસરમાં તો કીડી અજોડ. સંગ્રહ કરવાનો ગુણ તો કીડી પાસેથી જ શીખવો પડે. સમૂહભાવના તો કીડીની જ.

કીડી હોય ત્યાં તમે સેવ નાખી જુઓ. તરત એકાદ કીડીનું ધ્યાન જશે. તે બીજી કીડીઓને બોલાવશે, બધી કીડી ભેગી મળી એ થાંભલાને ઊંચકી લઈ જશે. હા હોં... એમના માટે તો એ સેવ એટલે થાંભલો જ ને! પછી કેટલીક ખાસ પ્રકારની કીડીઓ એ થાંભલાને દરમાં લઈ જવા આગળ જશે. કીડીઓ રહેવા



માટે જમીનની અંદર માટી ખોદીને દર બનાવે છે. એ દરના મુખ ઉપર માટીનો નાનકડો ઢગલો થાય છે. કીડીના આ આખા નિવાસસ્થાનને એન્ટહિલ કહેવાય છે. આ કીડીઓ દર કે એન્ટહિલ પર વાગે તેવા કાંટા-કાંકરા હોય તો વીણી લેશે. થોડીક કીડીઓ દર પર ટેકાની જેમ ચોંટી જશે. જેથી પેલો સેવનો થાંભલો લઈ જતી કીડીને ટેકો મળે. એમ કરતાં કરતાં દરમાં પહોંચી જશે. જો કે દરની ટોચ લપસણી હોય છે. ત્યાં એમ ચઢાય નહીં. એટલે ટોચ પરથી એક કીડી બીજી કીડીનો પગ પકડી લટકે. માણસો જેમ એકબીજાનો હાથ પકડે ને એવી રીતે. બીજીનો પગ પકડી ત્રીજી, ત્રીજીના પગે ચોથી અને ચોથીના પગે... એમ સાંકળ બનાવી લે. પછી નીચેથી આવતી કીડીઓના પગ પકડી તેમને ઉપર ખેંચી લે. કીડીઓ પાડવા નહિ ઊંચે ચઢાવવા બીજાના પગ ખેંચે હોં! લાગે છે કે આર્ટ ઑફ લિવિંગ તો માણસે કીડી પાસેથી જ શીખવા જેવી છે.

આમ જુઓ તો કીડી અંધ જેવી ગણાય, કારણ કે આંખ વડે કશું જોઈને તે હલનચલન કરતી નથી. અને છતાં, તમે એનો રસ્તો ગમે તેટલો ભૂલાવો કે ગૂંચવો તો પણ, તે છેલ્લે પોતાના દરમાં જ જઈને ઊભી રહેવાની. કીડીઓને યાદ પણ ખૂબ રહે. તેને દરમાંથી કાઢીને ડબ્બામાં પૂરી રાખીએ ને થોડા વખત પછી તેના દરમાં પાછી મૂકીએ, ત્યારે સાથી

મને ગમતા શબ્દો

કીડીઓ તરત તેને ઓળખી જ કાઢે અને વહાલ કરવા લાગે. યાદ રાખવા કરતાં પણ કીડી સૂંઘવામાં ખૂબ જ પાવરધી. કીડીની સૂંઘવાની શક્તિ ગજબની. સૂંઘવાની આવડતને લીધે ગમે તેટલે દૂરથી પણ કીડી પોતાના જ દરમાં પહોંચી જાય. આપણાથી એવું થાય ખરું?

એન્ટહિલમાં એક રાણી કીડી હોય છે. બાકીની બધી કીડીઓ મજૂર અને સૈનિક કીડીઓ કહેવાય છે. રાણી મરજી મુજબ ઈંડાં મૂકતી રહે છે. તે ઈંડાં ફળેલાં હોય કે ન પણ હોય, ફળેલાં ઈંડાંમાંથી માદા કીડીઓ ને ન ફળેલાંમાંથી નર કીડીઓ જન્મે. રાણી કીડી જ્યારે ઈયળ હોય છે ત્યારે તેમને પોષક ખોરાક આપવામાં આવે છે. બાકીની ઈયળોને જેવો ખોરાક આપ્યો હોય તે પ્રમાણે તેમાંથી મજૂર કે સૈનિક કીડીઓ બને. જેવું ખાઈએ તેવા બનીએ; ખરું ને?

નવાઈ લાગે એવી વાત તો એ છે કે, કીડીઓ એન્ટહિલમાં બીજાં કેટલાંક પ્રાણીઓ રાખે. માણસો ગાય, ભેંસ, બકરી, કૂતરું, ઘોડા વગેરે પાળે છે તેમ! નાની કીડીઓ, ઢાલિયો, ફૂદાં વગેરે પાળે. અમુક સાથે તો જાણે ફક્ત રમવા માટે. કેટલાકની સુગંધ સરસ હોય એટલે ઘરમાં એર ફ્રેશનર, અગરબત્તી કે સુગંધદાની તરીકે કામ લાગે. લીલું ફૂદું તો એમની ગાય છે. ગ્રીન ફ્લાયને તેઓ એમના બંગલામાં સાચવે, ખવડાવે, રહેવા દે. પછી તેને બે બાજુથી ધીમેથી દબાવીને મીઠો મીઠો રસ મેળવે. કીડીઓને તે ખૂબ ભાવે.

## અમને ઓળખો





કીડીની ૨૦૦૦ જેટલી જાતો છે. તેનાં લશ્કરો સામસામાં ખૂંખાર લડાઈમાં ઊતરે. તે કેદી તરીકે પકડાયેલી દુશ્મન કીડીઓને ગુલામ તરીકે રાખે છે. કીડીઓ પોતાના દરની સાથી કીડીઓ પ્રત્યે પ્રેમભાવ રાખે છે. માણસને તેનાં સગાં માટે હોય તેવો જ. દુશ્મની પણ એટલી જ. પરાઈ કીડી જોઈ કે તરત જ તેને મારી નાખે.



પાંચ કરોડ વર્ષથી કીડીઓ આ દુનિયામાં છે. આપણને સૌની સાથે રહેવામાં જે સમસ્યાઓ થાય છે તે તો કીડીએ લાખો વર્ષો પહેલાં ઉકેલી નાખી હતી.



મને ગમતા શબ્દો

## ● વાતચીત :

- કીડીની કઈ ખાસિયત તમને ગમી?
- તમે કીડી પાસેથી શું શીખ્યાં?
- તમે કીડી હો તો કયું કામ કરો? કેમ?
- તમે કેવી કેવી કીડીઓ જોઈ છે?
- લાલ કીડી ને કાળી કીડીમાં શો તફાવત છે?
- તમને ક્યારેય કીડી કરડી છે? ત્યારે શું થયું હતું?
- તમે કીડીઓને શું શું કરતી જોઈ છે?
- ખાંડના ડબ્બામાં કીડીઓ ચઢી જાય તો શું કરશો?
- ખોરાકની શોધમાં અલગ અલગ જગ્યાએ ગયેલી બે કીડી સાંજે મળે તો એકબીજા સાથે શું વાતો કરતી હશે?
- તમે એક દિવસ માટે કીડી બની જાવ તો શું શં કરો?

**કીડીની જેમ દસ ડગલાં ચાલો. તે પછી કીડીઓને જે લાગુ પડતું હોય તેની પાછળના ખાનામાં  અને ન લાગુ પડતું હોય ત્યાં  દોરો.**

૧. ખોરાક ભેગો કરે ☐

૨. સંપીને કામ પૂરાં કરે ☐

૩. ખોરાક જોઈ બીજી કીડીઓને સંદેશો પહોંચાડે ☐

૪. દરમાં જવા એકબીજાના પગ ખેંચે ☐

૫. પોતાનું દર ન ભૂલે ☐

૬. એકબીજાને ઓળખી કાઢે ☐

૭. દરમાં એક રાજા કીડી હોય ☐

૮. દુશ્મન કીડીઓને સાચવે ☐

૯. પરાઈ કીડી સાથે મિત્રતા કેળવે ☐

૧૦. એમના રહેઠાણમાં ચોકસાઈ હોય ☐

મને ગમતા શબ્દો





**વાક્યો વાંચો. વાક્યમાં કીડીઓના જે જે ગુણ લાગુ પડતા હોય તે શબ્દ જે-તે વાક્યની સામે લખો.**

(સમૂહજીવન, યાદશક્તિ, સહકાર, પરિશ્રમ, ગંધશક્તિ)

૧. મોમાં ખોરાક લઈને લાઇનમાં ચાલતી જાય. ______

૨. બધી કીડી ભેગી મળી એ થાંભલાને ઊંચકી લઈ જશે. ______

૩. ટોચ પરથી એક કીડી બીજી કીડીનો પગ પકડી લટકે. ______

૪. દૂરથી પણ કીડી પોતાના જ દરમાં પહોંચી જાય. ______

૫. પોતાના દરની સાથી કીડીઓ પ્રત્યે પ્રેમભાવ રાખે. સમૂહજીવન, સહકાર

૬. દૂર પડેલા ખોરાકને શોધી કાઢે. ______

૭. ખોરાકને ઢસડીને દર સુધી લઈ જાય. ______

૮. ઘણી બધી કીડીઓ દરમાં એકસાથે રહે. ______

૯. સતત કામ કરતી રહે. ______

**...તો કીડી શું કરશે?**

- રસ્તામાં જતી હોય ને ખાંડ જોઈ જાય. ______
- રાંધેલા ભાતના દાણાને દરમાં લઈ જવો છે. ______
- પોતાના દરની કીડી મળી જાય. ______
- રસ્તામાં બીજા દરની કીડી મળી જાય. ______

- **ચાલો, ગાઈએ ગીતડું : માટી ખાઈને થાય મોટું...**

**આ પરિસ્થિતિમાં તમે કીડીને શું કહેશો? અભિનય સાથે બોલો.**

૧. કીડી તમારા શર્ટના ખિસ્સામાં પેસી ગઈ છે.

૨. તમારી પેન્સિલ પર કીડી સરરર કરતી ચઢી જાય.

૩. કીડી તમારા બિસ્કિટનો ટુકડો લઈ જતી હોય.

૪. કીડી તમને ચટકો ભરે ત્યારે.

૫. કીડીને ખાવાનું આપો ત્યારે.





મને ગમતા શબ્દો

## પ્રશ્નોના જવાબ કૌંસમાંથી શોધીને લખો.

(ગુસપુસ, સંગ્રહ, કરકસર, ખૂંખાર, દુશ્મની, પરાઈ)

૧. વાઘ તો જેને જુએ તેને મારી નાખે.
વાઘ કેવું પ્રાણી છે? ________

૨. આપણે બધાં સાથે મિત્રતા રાખવી જોઈએ ને હળીમળીને રહેવું જોઈએ.
આપણે કોઈની સાથે શું ન રાખવું જોઈએ? ________

૩. એ ઘડિયાળ મારી નહોતી. એટલે એ મેં પાછી એના માલિકને આપી દીધી.
કેવી વસ્તુ આપણે ન રખાય? ________

૪. એ ચારેય જણા અંદરોઅંદર ધીમેથી કંઈક વાત કરતા હતા.
ચારેય જણા શું કરતા હતા? ________

૫. નિશાબહેન જરૂર પૂરતું જ પાણી વાપરે.
નિશાબહેન પાણીનો ઉપયોગ શી રીતે કરે? ________

૬. પાર્થ જુદા જુદા પ્રકારના પથ્થર ભેગાં કરી મૂકી રાખે.
પાર્થ જુદા જુદા પ્રકારના પથ્થરનું શું કરતો? ________

## કીડીની વિશેષતા બતાવતા શબ્દો પાઠમાંથી શોધીને લખો. જોડીમાં કામ કરો.

**ઉદાહરણ : નાનકડી**

________

________

________

## આવો ભાવ દર્શાવતું વાક્ય પાઠમાંથી શોધીને લખો.

૧. એકબીજા સાથે ધીમેથી વાતો કર. ________
________

૨. પોતાના રહેવાની જગ્યાની ગોઠવણ ખૂબ સરસ કરે. ________
________

૩. નિયમપાલન અને જોઈતું જ વાપરવામાં કીડી ઘણી કાબેલ. ________
________

મને ગમતા શબ્દો





૪. સામા પક્ષની કીડીને પકડી લઈ નોકર બનાવી રાખે. ____________________

____________________________________________

## બે-ત્રણ વાક્યમાં જવાબ લખો.

૧. કીડીઓ સેવને દર સુધી પહોંચાડવા શું શું કરે છે?

૨. કીડીઓ દરમાં શું શું કરતી હોય છે?

૩. એન્ટહિલમાં રાણી કીડી શું કામ કરે છે?

૪. કીડીઓ દરમાં બીજાં ક્યાં જંતુઓ રાખે છે? શા માટે?

૫. કીડીઓ આપણને શું શું શીખવે છે?

- **ચાલો, ગાઈએ ગીતડું : માટી ખાઈને થાય મોટું...**

## કીડીની જેમ ચાલવાનો, સંદેશો પહોંચાડવાનો, ખોરાક શોધવાનો, ખોરાકને ખેંચી જવાનો, ખોરાકને દર સુધી પહોંચાડવાનો અભિનય કરો.

## રમત : સંદેશો પહોંચાડો.

શિક્ષક તમારા કાનમાં એક વાક્ય કહેશે. તમારે બીજાના કાનમાં. બીજો ત્રીજાના કાનમાં... આમ છેલ્લા વિદ્યાર્થી સુધી કાનમાં વાક્ય કહો. છેલ્લે જે વિદ્યાર્થીના કાનમાં વાક્ય કહેવાયું છે તે ઊભો થઈ પોતે સાંભળેલું વાક્ય બોલશે. અને પ્રથમ વિદ્યાર્થી કે જેના કાનમાં શિક્ષકે વાક્ય કહ્યું હતું તે વાક્ય બોલશે. બંને વાક્યોની સરખામણી કરો. આ રીતે જુદાં જુદાં વાક્યો બોલી રમત રમો.

## સંવાદ મોટેથી વાંચો અને ભજવો.

મમ્મી : બેટા ઋત્વી જરા શરબત બનાવી દે ને.

ઋત્વી : હા, મમ્મી, હમણાં જ બનાવી દઉં.

મમ્મી : જરા મીઠું ઓછું નાખજે. ને ખાંડનો ડબ્બો ઉપર જ છે.

ઋત્વી : હા જોઈ લઉં. (ખાંડનો ડબ્બો ઉતારી જોવે છે.) બાપ રે... મમ્મી...

મમ્મી : શું થયું ? આ રાડો શેની નાખે છે?

ઋત્વી : અરે મમ્મી જો તો ખરી. આ ડબ્બામાં તો નરી કીડીઓ છે.


મમ્મી : અરે એમાં શું થયું. જા... જરા ડબ્બો થોડીવાર તડકે મૂકી આવ.



મને ગમતા શબ્દો

## ગીત ગાઓ.

### મારોય ફોટો પાડો





સતત સખત બસ કામ જ કરતાં કીડીબેનનો ફોટો પાડો;
લખવામાં મશગૂલ છે એવી ઝીણી પેનનો ફોટો પાડો;
વિશાળ પાંખો, ઊંડી આંખો, તીણી ચાંચનો ફોટો પાડો;
ઊંચે ઊડતાં ગીધ, બાજ ને ગરુડરાજનો ફોટો પાડો;
ફૂલ - ફળોથી છલકાતી મીઠી મોસમનો ફોટો પાડો;
લાલ જામફળ ખાતાં લીલુડા પોપટનો ફોટો પાડો;
રંગ શોધતા કાગાજી ને બગલાજીનો ફોટો પાડો;
રંગ પૂરતા કૂકડજી ને મયૂરજીનો ફોટો પાડો;
મંદ મંદ ને હારબંધ સરતાં કુંજડાનો ફોટો પાડો;
ઠીબડે પાણી પીતા-નહાતા દરજીડાનો ફોટો પાડો;
દાણા ચણતાં હોલાજી ને કબૂતરાનો ફોટો પાડો;
ગૂંજી ઊઠેલા આખાયે ચબૂતરાનો ફોટો પાડો;
ચકલો બોલ્યો : હમણાં મારો ને ચકલીનો ફોટો પાડો;
પછી, ભણીને આવે તે બચલા-બચલીનો ફોટો પાડો.

- જિતુ ત્રિવેદી

● **વાતચીત.**

- તમને કઈ પંક્તિ ગાવાની સૌથી વધુ મજા પડી? ફરીથી ગાઓ.
- કવિતામાં જેટલા ફોટાની વાત આવે છે તેમાંથી કયા બે ફોટા તમને પાડવા ગમે?
- તમે મોબાઇલમાં ક્યારે ક્યારે ફોટો પાડો છો?
- તમને કોની સાથે ફોટો પડાવવો ગમે?
- તમારા આંગણામાં કયાં કયાં પક્ષીઓ આવે છે?
- તમને કયાં પક્ષીનો ફોટો પાડવો ગમે? કેમ?
- કૂકડાને કયા કયા રંગો હોય છે?

મને ગમતા શબ્દો

- ચબૂતરો શા માટે બનાવવામાં આવે છે?
- તમે પક્ષીઓને શી રીતે મદદરૂપ થઈ શકો?

## હું કોણ છું?

૧. હું ચાંચથી અનાજ ખાઉં છું. : ________ ૪. હું ઠીબડે પાણી પીઉં છું : ________

૨. હું ખૂબ જ મહેનત કરું છું : ________ ૫. અમે રંગ પૂરીએ છીએ : ________

૩. હું લાલ જામફળ ખાઉં છું : ________ ૬. હું લખવામાં મશગૂલ છું : ________

## જોડકાં જોડો.

| | (અ) | | | (બ) |
|---|---|---|---|---|
| ૧. | ઊંચે ઊડે | (   ) | (અ) | કુંજડા |
| ૨. | ફૂલ ફળોથી છલકે | (   ) | (આ) | કાગડો અને બગલો |
| ૩. | હારબંધ સરકે | (   ) | (ઇ) | મીઠી મોસમ |
| ૪. | ભણે | (   ) | (ઈ) | બચલા અને બચલી |
| ૫. | રંગ શોધે | (   ) | (ઉ) | ગીધ, બાજ, ગરુડરાજ |

## વાંચો, સમજો અને લખો.

**ઉદા. ફોટો પાડો.**

________ પાડો ________ પાડો ________ પાડો

________ પાડો ________ પાડો ________ પાડો

## જવાબ લખો.

૧. પોપટ શું શું ખાય?

૨. કાગાજી અને બગલાજીને રંગ કેમ શોધે છે?

૩. પક્ષીઓ ક્યાં ક્યાં નહાતાં હશે?

૪. પક્ષીઓ દાણા ક્યાંથી શોધી લાવતાં હશે?




મને ગમતા શબ્દો

**ગીતના આધારે લખો.**

પેન કેવી? પેન ઝીણી છે. પાંખો કેવી? ______

આંખો કેવી? ______ ચાંચ કેવી? ______

જામફળ કેવું? ______ પોપટ કેવી? ______

**પ્રશ્ન પૂરો કરો. બે-ત્રણ જવાબ બોલો. વર્ગની બે ટુકડી બનાવો. એક ટુકડી પ્રશ્ન પૂરો કરે અને બીજી ટુકડી એ પ્રશ્નના બે-ત્રણ જવાબ આપો.**

**ટુકડી ૧ : પોપટ કેવો છે?**

ટુકડી ૨ : ૧. પોપટ સુંદર છે. ૨. પોપટ લીલો છે. ૩. પોપટ લાંબી પૂંછડીવાળો છે.

૧. કોયલ ______ છે? ૨. મોર ______ છે?

૩. કબૂતર ______ છે? ૪. છછૂંદર ______ છે?

૫. મગર ______ છે? ૬. વિમાન ______ છે?

૭. મોબાઈલ ______ છે? ૮. ગાડી ______ છે?

૯. પતંગિયું ______ છે? ૧૦. ઝાડ ______ છે?

- **ચાલો, ગાઈએ ગીતડું : માટી ખાઈને થાય મોટું...**

**ડાબી આંખ બંધ કરી, જમણો હાથ ઊંચો કરી એક મિનિટ માટે બેસો. તે પછી નીચેનાં વાક્યો વાંચો. સાચું હોય તો 'સચ્ચાજી ભૈ સચ્ચાજી' બોલી ✓ કરો. ખોટું હોય તો 'ખોટ્ટાજી ભૈ ખોટ્ટાજી' બોલી X કરો. ખોટું વાક્ય સુધારીને બોલો.**

૧. શાહમૃગનું ઈંડું મોટું ચીભડાં જેવું હોય છે. ______

૨. નાનકડી કીડીઓ મોટું બિસ્કિટ પણ ઢસડી જાય. ______

૩. કારેલું રંગે લીલું અને ખાટું હોય છે. ______

૪. આકાશમાં ત્રણસો જેટલા તારા છે. ______

૫. તરબૂચ ગોળ અને મોટું હોય છે. ______

૬. બાએ ગળ્યું ગળ્યું મરચું શાકમાં નાખ્યું. ______

૭. મને ઠંડો ઠંડો આઈસ્ક્રીમ ખૂબ ભાવે. ______

મને ગમતા શબ્દો






૮. તેણે ઊંચે આકાશમાં દડા જેવું વિમાન જોયું.

૯. તીખી તમતમતી ચૉકલેટ ખાઈને ચિન્ટુ ખુશ થઈ ગયો.

૧૦. છેવટે નદી ઊંચા ઊંચા પર્વત પર જાય છે.

**ચિત્રના આધારે ઉદાહરણ મુજબ પ્રશ્ન કે જવાબ લખો.**

ઉદા. 


**પ્રશ્ન** : કાર કેવી છે?

**જવાબ** : કાર લાલ છે.



૧. પ્રશ્ન : ____________?

જવાબ : સૂરજમુખી પીળું છે.




૨. પ્રશ્ન : તરબૂચ કેવું છે?

જવાબ : ____________



૩. પ્રશ્ન : ____________

જવાબ : ઝાડ ઊંચું છે.



૪. પ્રશ્ન : ____________

જવાબ : ____________

**કૌંસમાં આપેલા શબ્દોમાં કીડી, પતંગિયું અને હાથીને લગતા શબ્દો ભેગા થઈ ગયા છે. આ શબ્દોને છૂટા પાડી લખો.**

(જાડો, નાની, કાળી, રંગબેરંગી, લાલ, રૂપાળું, મોટો)

૧. કીડી કેવી? - ____________________

૨. પતંગિયું કેવું? - ____________________

૩. હાથી કેવો? - ____________________

## ટોપલીમાંથી યોગ્ય શબ્દ જોડકણાંમાં મૂકો.




૧. સસલાભાઈ તો બીકણ ભારે,
કાતરી ખાતાં લીલાં પાન,
ઉંદરભાઈના મામા એ તો,
એના ............. કાન.

૨. મરચું કહે હું .............,
પહેરું ટોપી .............,
તીખું ભડકા જેવું,
જીભ રેહ ના છાની.

૩. કાળી કાળી .............,
આંબા ડાળે ડોલે;
............. ફળ ખાતી ખાતી,
............. ટહુકા બોલે.

૪. ............. કાગડાભાઈ,
કા... કા... કરી ગાતા;
ચૌટે ચૌટે ઊડતા ફરતા,
એઠું જૂઠું ખાતા.

૫. આભે કાળાં વાદળ જોતાં,
મોર ............. રાચે;
ઢેલડ સામે જોતો,
થૈ થૈ કરતો નાચે.

૬. લીલું અંગ ............. ચાંચ,
............. બોલે;
ઝાડે બેસી હીંચકા ખાતો,
ડાળી ઉપર ડોલે.

## કૌંસમાં આપેલ શબ્દોમાં જરૂર લાગે તે ફેરફાર કરી ખાલી જગ્યા પૂરો.

(ગરમ, મીઠું, ચોખ્ખું, પીળું, ઝડપ, ઊંચું, ખાટું, લાંબું)

૧. મમ્મીએ દાળમાં ——— આંબલી નાખી.
૨. ગરુડરાજ ——— આસન પર બેઠા.
૩. સૂરજમુખીનું ——— રંગનું ફૂલ સૂરજ તરફ નમે.
૪. મેં ——— સાપ જોયો.
૫. ઉનાળામાં ——— ખૂબ લાગે.
૬. સોફિયાને ——— દાંત ગમે.
૭. મેં શેરડીનો ——— રસ પીધો
૮. સસલું ખૂબ ——— દોડે.

- **ચાલો, ગાઈએ ગીતડું : માટી ખાઈને થાય મોટું...**

મને ગમતા શબ્દો

⬡ **ટપ્પુએ પોતાની પેન્સિલ વિશે લખ્યું છે. હવે ખાલી જગ્યામાં યોગ્ય શબ્દ મૂકી તમારે પેન્સિલ વિશે લખો.**

| | |
|---|---|
| હું ટપ્પુ છું. મને જુદા જુદા રંગની પેન્સિલ બહુ ગમે. મારી પાસે લાલ રંગની બે, પીળા રંગની એક અને વાદળી રંગની એક એમ કુલ ચાર પેન્સિલ છે. એમાંય વાદળી રંગની પેન્સિલ તો મને બહુ ગમે. હું એ પેન્સિલ વડે જ લખું છું. એટલે એ ટૂંકી થઈ છે. હું પેન્સિલથી સુંદર અક્ષરે લખું છું. | હું ........ છું. મને જુદા જુદા રંગની પેન્સિલ બહુ ગમે. મારી પાસે ........ રંગની, ........, ........ રંગની ........ અને ........ રંગની ........ એમ કુલ ........ પેન્સિલ છે. એમાંય ........ રંગની પેન્સિલ તો મને બહુ ગમે. હું એ પેન્સિલ વડે જ લખું છું. એટલે એ ........ થઈ છે. હું પેન્સિલથી ........ અક્ષરે લખું છું. |

⬡ **તમારા સભ્યો દાદા, દાદી, માતા, પિતા, ભાઈ, બહેન, પાલતુ પ્રાણી-પક્ષીમાંથી કોઈ એક વિશે લખો.**

____________________

____________________

____________________

____________________

____________________

- **ચાલો ગાઈએ ગીતડું : માટી ખાઈને થાય મોટું...**

⬡ **વાંચો, સમજો અને બોલો.**

કિટ્ટુ : બિટ્ટુ, ચાલ હું **અને** તું ફરવા જઈએ.
બિટ્ટુ : પણ જવું ક્યાં? નદીએ **કે** તળાવે?
કિટ્ટુ : ચાલ, નદીએ જ જઈએ. પણ જઈશું કેવી રીતે?
બિટ્ટુ : ચાલતાં **અથવા** સાયકલ લઈને જઈએ.
કિટ્ટુ : બિટ્ટુ, ચાલતાં જ જઈએ.
બિટ્ટુ : આપણે બીજા મિત્રોને પણ નદીએ આવવા જણાવીએ.
કિટ્ટુ : કોને કોને કહીશું ?
બિટ્ટુ : ગિટ્ટુ, ચિટ્ટુ **અને** મિટ્ટુને કહીએ.





મને ગમતા શબ્દો

કિટ્ટુ : હા, પણ એ બધા આવશે **કે** નહિ આવે એ ખબર નહિ.

બિટ્ટુ : કહીએ તો ખરા! હું **અથવા** તું બેમાંથી એક કહેવા જઈએ.

કિટ્ટુ : ના, એમ નહિ, હું **અને** તું બંને જઈએ.

**જે-જે શબ્દો બરાબર ન લાગે તે-તે શબ્દો છેકી નાખો.**

૧. ચીન્ટુએ પિન્ટુને કહ્યું **અને/કે/અથવા** તે બહુ રૂપાળું છે.

૨. ચીટ્ટુ **અને/કે/અથવા** બીટ્ટુ દોડશે **અને/કે/અથવા** કૂદશે.

૩. ચીંકી **અને/કે/અથવા** પીંકી બંને રમવા ગયાં છે.

૪. તેઓ શું કરશે? આવશે **અને/કે/અથવા** નહીં આવે?

૫. મમ્મી બજારમાંથી પેન **અને/કે/અથવા** પેન્સિલ બંને લાવશે.

**કયું બરાબર સમજાય છે? બરાબર લાગે તેની સામે ✓ કરો. જો બરાબર ન લાગે તો નીચે લીટી કરેલા શબ્દને બદલે અને / કે / અથવા મૂકો.**

૧. હેત્વી અને દિયા રમે છે.

૨. તને શું ભાવે? સફરજન અને કેરી?

૩. તેઓ બાઈક અથવા ગાડી લઈને જશે.

૪. પેલો છોકરો ઊંચો અથવા જાડો છે.

૫. રાજાએ હુકમ કર્યો અને બીરબલને હાજર કરો.

૬. લીલા કે મોહન આવ્યાં.

૭. તમે ચા પીશો કે પછી કૉફી?

૮. હું કૉલેજ જઈશ અને લગ્નમાં જઈશ.

૯. હું અથવા મારી બહેન ગીત ગાઈશું.

**વાંચો, સમજો અને યોગ્ય શબ્દ મૂકી ખાલી જગ્યા પૂરો.**

૧. તમે શું લાવશો? ફળ ________ શાકભાજી?

હું બંને લાવીશ. ફળ ________ શાકભાજી.

હું બંનેમાંથી એક લાવીશ. ફળ ________ શાકભાજી.

૨. તમે શું રમશો? ચેસ ________ કેરમ?

આપણે બંને રમીશું. ચેસ ________ કેરમ.

ના, કોઈ પણ એક રમીએ. ચેસ ________ કેરમ.





૩. તમે શું લેશો? જલેબી ______ પેંડા?

હું બંને લઈશ. જલેબી ______ પેંડા.

હું તો ગમે તે એક જ લઈશ. જલેબી ______ પેંડા.

૪. કિટ્ટુ ______ બિટ્ટુ ફરવા ચાલ્યા.

કિટ્ટુ ______ બિટ્ટુ ફરવા જશે.

કિટ્ટુ ______ બિટ્ટુ બેમાંથી એક ફરવા જશે.

૫. ચિન્ટુ ______ પિન્ટુ ચૉકલેટ ______ આઈસક્રીમ ખાય છે.

ચિન્ટુ ______ પિન્ટુ ચૉકલેટ ______ આઈસક્રીમ ખાશે.

ચિન્ટુ ______ પિન્ટુ બેમાંથી એક ચૉકલેટ ______ આઈસક્રીમ ખાશે.

## યોગ્ય શબ્દ મૂકી ખાલી જગ્યા પૂરો અને વર્ગ સમક્ષ આખું વાક્ય રજૂ કરો.

(કડકડતી, ગડગડાટ, કાળઝાળ, બળબળતો, ગુલાબી, મુશળધાર, મંદ-મંદ, સોનાવરણી, સડસડાટ, તોફાની)

૧. ચોમાસું જામ્યું હતું. ______ વરસાદ પડતો હતો.

૨. ______ ગરમી હતી, રસ્તો બરાબર તપ્યો હતો.

૩. સમુદ્ર આજે ______ થયો છે. માછીમારો પોતાના ઘરે ઊપડ્યા.

૪. સવારની ______ ઠંડી અને પ્રફુલ્લિત કરે છે.

૫. વરસાદ આવ્યો અને સીમ ______ બની.

૬. ખૂબ શાંતિ છવાઈ ગઈ, ફક્ત ______ પવન વાતો હતો.

૭. ______ ઠંડીમાં અનિલ ઠરી ગયો.

૮. ______ ગરમીના કારણે બધાં જ પ્રાણીઓ ઝાડ નીચે ગોઠવાઈ ગયાં.

૯. એ ______ કરતો દોડ્યો ને પડ્યો.

૧૦. વાદળોનો ______ બતાવે છે કે ચોક્કસ વધુ વરસાદ પડશે.

## હસો.

૧. જીગો : ડૉક્ટર સાહેબ, એક મોટો પ્રોબ્લેમ છે.

ડૉક્ટર : બોલો શું થાય છે?

જીગો : રાત્રે સૂઈ જાઉં ત્યારે પગમાં કાંટા વાગે છે.

ડૉક્ટર : એ કેવી રીતે?




જીગો : સાહેબ, મને જંગલમાં જવાનાં સપનાં બહુ આવે.

ડૉક્ટર : હમમ.

જીગો : કોઈ ઉપાય ખરો?

ડૉક્ટર : પ્રિસ્ક્રિપ્શનમાં બે જોડી ચંપલ લખી આપું છું.

## નીચેની શબ્દપોટલીમાં શબ્દ ભરો :




## લગભગ સરખા :

**બમણું**-બેવડું; **સરવું**-સરકવું; **હાંફળુંફાંફળું**-બેબાકળું; **વહેંચણી**-ફાળવણી; **શિસ્ત**-નિયમબદ્ધ વર્તન; **અજોડ**-જેની જોડ ન હોય એવું; **સમૂહભાવના**-આખો સમૂહ એક ક્રિયામાં સાથે લાગતાં અનુભવે તેવો સમભાવ; **ટેકો**-આધાર; **ટોચ**-છેક ઉપરનો ભાગ; **સાંકળ**-કડીઓ કે આંકડા જોડીને બનાવેલી લાંબી હાર; **વહાલ**-પ્રીતિ; **પાવરધી**-કુશળ; **ગજબ**-આશ્ચર્ય; **પોષક**-પોષણ કરનાર; **કેદી**-કેદ કરેલું; **ગુલામ**-દાસ; **સંસ્કૃતિ**-સંસ્કાર, વિદ્યા, કળા, વિજ્ઞાન, ઉદ્યોગ વગેરેના કારણે તૈયાર થયેલી માનવજીવનના વિકાસની એક ભૂમિકા; **યુગ**-જમાનો; **ઉકેલ**-સૂઝ; **મશગૂલ**-લીન; **તીણું**-ઝીણી અણીવાળું; **મંદ**-ધીમું.

# ૪ આપણી  તો બચાવો, મારા  ને પણ

S2J7S7

## ચાલો, ગાઈએ ગીતડું :

ઓ જાડાપાડા હાથીડા! તું વાદળ છે કે ઝાડ છે?
ના રે ના! મને લાગે છે તું હાલતોચાલતો પહાડ છે!
તારા મોટા દાંત છે કે ધોળા મોટા ખીલા?
દરજી પાસે કપડાં તારાં સિવડાવીશ હું ઢીલાં!
તારી પૂંછે લટકી રહેતા નાનામોટા વાંદર
કોની ચુગલી તારે કાને કરવા આવે મચ્છર?
તું છે આખેઆખો જાણે ડુંગર પરનો કિલ્લો
તારી પીઠે બેસું તો દેખાતો આખો જિલ્લો
તારી બાજુમાં ચાલું તો તું મારો બોડીગાર્ડ છે!
હા રે હા! મને લાગે છે તું હાલતોચાલતો પહાડ છે!

## હાથીનું કાર્ટૂન ચિત્ર દોરી રંગ પૂરો.



મને ગમતા શબ્દો

## વાર્તા સાંભળો અને વાંચો.

### લાડુની જાત્રાનું છેલ્લું સ્ટેશન

અમારા ગામમાં એક ભોપુદાદા હતા.

એ ગોકુળમથુરાની જાત્રા કરી આવ્યા.

જાત્રાની ખુશાલીમાં ભોપુદાદાનાં વહુએ લાડવા કર્યા.

ખાસ્સી કથરોટ ભરાઈ.



બધાં કહે; ''વાહ, ભોપુદાદા, વાહ! તમે ખરી જાત્રા કરી આવ્યા!''

કથરોટમાં પડેલા લાડવાઓએ આ સાંભળ્યું.


એક લાડવો કહે; ''હુંયે જાત્રા કરવા જાઉં અને 'વાહવાહ' લઉં!''

એ તો કથરોટમાંથી કૂદીને બહાર પડ્યો અને દડબડ દડબડ દોડવા લાગ્યો. ઘર મેલ્યું, ઉંબરો મેલ્યો, આંગણું મેલ્યું, ફળિયું મેલ્યું ને ફળિયાનો ચોક મેલ્યો.

ચોકમાં લાલિયા કૂતરાની ચોકી હતી. એણે લાડવાને પકડ્યો : ''એ...ઈ, ક્યાં જાય છે?''

લાડુએ કહ્યું; ''જાઉં છું જાત્રા કરવા!''

ઘીમાં રસબસ લાડુને જોઈ લાલિયાની જીભ લબલબ થતી હતી. તેણે કહ્યું; ''તને જોઈને મને ભૂખ લાગી છે, હું તને ખાઉં!''



આ સાંભળીને લાડુનો મિજાજ ગયો. તેણે કહ્યું; ''જાણે છે હું કોણ છું તે? હું લાડુ છું.

મારું નામ લાડુ

તારા મોં પર ઝાડુ!''

આમ કહી તેણે જોરથી એક લાફો લાલિયાના મોં પર લગાવી દીધો. લાલિયો ધૂળભેગો થઈ ગયો.

મને ગમતા શબ્દો

લાડુ હસતો હસતો આગળ ચાલ્યો. આગળ આવ્યું વન.

વનમાં એક વાઘ રહેતો હતો.

લાડુને જોઈને એનીયે જીભ લબકી. એણે કહ્યું; ''એ...ઈ, ક્યાં જાય છે?''

લાડુએ કહ્યું; ''ક્યાં તે જાત્રા કરવા!''

વાઘે કહ્યું; ''રાજા પાસેથી તેં જાત્રાનો પરવાનો લીધો છે?''

લાડુએ કહ્યું; ''રાજા વળી કોણ?''

વાઘે કહ્યું; ''કોણ તે હું! હું આ વનનો રાજા છું. હું પરવાના વગર કોઈને જાત્રાએ જવા દેતો નથી!''


લાડુએ કહ્યું; ''પરવાનો એટલે?''

વાઘે કહ્યું; ''પરવાનો એટલે હું તને ખાઉં તે!''

આ સાંભળી લાડુનો મિજાજ ગયો. તેણે કહ્યું; ''જાણે છે હું કોણ છું તે?

મારું નામ લાડુ

તારા મોં પર ઝાડુ!''



આમ કહી એણે વાઘના મોં પર એવી એક લાત લગાવી દીધી કે વાઘનું મોં ફરી ગયું.

લાડુ હસતો હસતો આગળ ચાલ્યો.

વન પૂરું થયું. હવે બીજા ગામની સીમ આવી. સીમમાં નદી વહેતી હતી.

નદી પર સુંદર ઘાટ બાંધેલો હતો.

ઘાટ પર મોટુજી નાહી-ધોઈને ઉઘાડા શરીરે પૂજા કરવા બેઠા હતો.

ઘીમાં રસબસ લાડુને જોઈ એ ખુશ થઈ ગયો. એણે કહ્યું; ''પધારો, લાડુ મહારાજ, પધારો! આ આસન પર બિરાજો!''

મોટુજીએ પોતાને બહુ માનથી બોલાવ્યો અને બિરાજવાનું કહ્યું તેથી લાડુને ખૂબ આનંદ થયો. તેને થયું કે માણસ કદરદાન છે.

લાડુ મોટુજીની સામે આવીને રુઆબથી બેઠો.

મોટુજીએ કહ્યું; ''લાડુ મહારાજ, આપ ક્યાં પધારો છો?''

લાડુએ કહ્યું; ''જાત્રાએ જાઉં છું.''

મોટુજીએ કહ્યું; ''વાહ, ખૂબ સરસ! આપના જેવા જાત્રાળુનાં દર્શનથી મને ખૂબ આનંદ થાય છે!''

લાડુએ કહ્યું; ''મને પણ આપનાં દર્શનથી આનંદ થાય છે!''

બોલતી વખતે બલૂનની પેઠે ફૂલેલી મોટુજીની ફાંદ ઊંચીનીચી થતી હતી. લાડુ નવાઈ પામી જોઈ રહ્યો હતો.

તેણે પૂછ્યું; ''મહારાજ, તમારી પાસે આ કોઠી શાની છે?''



મને ગમતા શબ્દો

મોટુજીએ હસીને કહ્યું; ''એ તિજોરી છે.''

લાડુની નવાઈ વધી. તેણે કહ્યું; ''તિજોરી છે? શું રાખો છો એ તિજોરીમાં?''

મોટુજીએ કહ્યું; ''ઘી, ગોળ, મિષ્ઠાન એવું બધું!''

લાડુએ કહ્યું; ''ત્યારે તો એ જોવા જેવી હશે!''

મોટુજીએ કહ્યું; ''જોવા જેવી જ છે તો!''

થોડીવાર રહી લાડુએ કહ્યું; ''મહારાજ, એ તિજોરીનું બારણું કેમ દેખાતું નથી? બારણું નથી શું?''

મોટુજીએ કહ્યું; ''બારણું છે, પણ જેની તેની આગળ હું એ ખોલતો નથી. કોઈ લાયક મળે તો તેની આગળ આખી તિજોરી ખુલ્લી મૂકી દઉં છું.''


આ સાંભળી લાડુનું મોં પડી ગયું. તેણે બીતાં બીતાં કહ્યું; ''તો શું હું લાયક નથી?''

મોટુજીએ કહ્યું; ''અરર! એ શું બોલ્યા? તમે લાયક નથી એવું કહેનારની હું જીભ કાપી નાખું! મારી તિજોરી માટે તમારાથી વધારે લાયક બીજું છે કોણ? હમણાં અહીંથી એક ખાખરો ગયો, બે રોટલા ગયા, ચાર ભાખરી ગઈ, ચૌદ પૂરીઓ ગઈ, પણ મેં કોઈનીયે સામે જોયું નહિ. બધાએ પગે લાગી લાગીને મને કહ્યું, પણ મેં કોઈને આસન દીધું નહિ. પણ તમને જોતાં જ હું સમજી ગયો કે આનું નામ...''

''લાડુ!'' લાડુએ વાક્ય પૂરું કર્યું.

મોટુજીએ કહ્યું; ''લાડુ! કેવું સરસ નામ છે! ચાલો આવી જાઓ મારા હાથ પર! હું તમને મારા જ હાથે, માનભેર મારી તિજોરીનાં બારણાં સુધી લઈ જઈશ! તમને જોતાં જ બારણું ઊઘડી જશે!''

લાડુ ખુશ થઈ કૂદીને મોટુજીના હાથમાં જઈ બેઠો.



મોટુજીએ હાથ ઊંચો કર્યો ને ગુફા જેવું પોતાનું મોં ઉઘાડ્યું.

એ જ તિજોરીનું બારણું!

લાડુ હરખાતો હરખાતો કૂદીને મોટુજીના મોંમાં એની જીભ પર જઈને બેઠો અને બેઠો એવો જ લીસા લપસણિયા પરથી સરકે એમ સરકીને સડસડાટ મોટુજીના પેટમાં ઊતરી પડ્યો!

હવે મોટુજીએ લોટો ભરીને પાણી પી લીધું અને 'હોઈયા... હોઈયા' કરી હળવેથી ફાંદ પર હાથ ફેરવ્યો. લાડુની જાત્રા પૂરી થઈ ગઈ.

- રમણલાલ સોની

## ● વાતચીત.

- તને વાર્તામાં સૌથી વધુ મજા ક્યારે આવી?
- લાડુએ શું કર્યું જે તમને જરાક પણ ન ગમ્યું?
- લાડુએ શું કર્યું જે તમને બહુ ગમ્યું?
- તમે લાડુ હોત તો જાત્રામાં શું કર્યું હોત?
- તમે લાડુ હોત તો મોટુજી સાથે શી વાત કરી હોત?
- તમે કઈ કઈ જગ્યાએ જાવ તો જાત્રા કરી કહેવાય?
- તમે ઘરથી બહાર નીકળો ત્યારે તમારે કોઈને કહીને જવું પડે છે? કોને?
- વાર્તામાં તમને ગમી ગયેલા નવા શબ્દોની નીચે લીટી દોરો.
- તમને શું બહુ ભાવે? પ્રવાસમાં જાવ તો ખાવાની કઈ કઈ ચીજ વારંવાર ખરીદો?
- હજુ રસ્તામાં મગર કે અજગર કે ભીમમાંથી કોઈ મળ્યું હોત તો લાડુએ શી શી વાત કરી હોત?

## એક મિનિટ માટે વૃક્ષાસન કરો. તે પછી એક શબ્દમાં જવાબ લખો.

૧. ભોપુદાદા ક્યાં જાત્રા કરી આવ્યા હતા? ______

૨. ખુશાલીમાં ભોપુદાદાનાં વહુએ શું બનાવ્યું? ______

૩. ભોપુદાદાને જોઈને કોણ યાત્રાએ જવા તૈયાર થયું? ______

૪. યાત્રામાં લાડવાને સૌથી પહેલાં કોણ મળ્યું? ______

૫. સીમ પૂરી થતાં શું શરૂ થયું? ______

૬. કોણે કહ્યું કે હું વનનો રાજા છું? ______

૭. ઘાટ ઉપર કોણ પૂજા કરવા બેઠું હતું? ______

૮. મોટુજીએ કહેલી એ તિજોરી ખરેખર શું હતું? ______

૯. મોટુજીનું મોં શાના જેવું હતું? ______

૧૦. મોટુજીએ શું બોલતાં બોલતાં ફાંદ પર હાથ ફેરવ્યો? ______

## તમને કોણ યાદ આવે?

| | | | |
|---|---|---|---|
| ૧. ઊંચીનીચી થતી | ______ | ૪. મોં પર લાત ખાનાર | ______ |
| ૨. લબલબ થતી | જીભ | ૫. ઘીમાં રસબસ | ______ |
| ૩. તિજોરીનું બારણું | ______ | ૬. 'હોઈયા... હોઈયા' કરનાર | ______ |



મને ગમતા શબ્દો

## વાર્તામાં આવું થાય છે? હા/ના

૧. મહારાજ પાસે કોઠી જેવડી લોખંડની તિજોરી હતી. ________
૨. લાલિયો લાડુ ખાઈ ધૂળભેગો થઈ ગયો. ________
૩. મોટુજીએ હરખાતાં હરખાતાં લાડુને જીભ પર મૂક્યો. ________
૪. મોં એટલે પેટમાં જવાનું બારણું. ________
૫. લાડુએ પેટમાં જઈ 'હોઈયા... હોઈયા' કર્યું. ________
૬. લાડુ પેટમાં જવા ઉતાવળિયો થયો હતો. ________

● તો... આવી ગયો છે જાડોપાડો હાથી છે! ચાલો!, ગાઈએ ગીતડું.

## જવાબ લખો.

૧. ભોપુદાદાનાં વહુએ લાડવા કેમ બનાવ્યા?
૨. લાડવાએ જાત્રાએ જવાનું શા માટે વિચાર્યું?
૩. લાલિયાની જીભ શા માટે લબલબ થતી હતી?
૪. લાડુને મોટુજી કેમ કદરદાન લાગ્યા?
૫. લાડુ મોટુજીની ફાંદને શા માટે જોતો રહ્યો?
૬. લાડુની જાત્રા ક્યારે પૂરી થઈ ગઈ?

## તમે લાડુ હો તો આ વાક્ય વાંચીને તમને શું થાય? લખો.

('હોય નહિ!,' 'બાપ રે...!', 'વાહ ભૈ વાહ!', 'અરરર!', 'હટ રે!')

૧. ભોપુદાદાનાં વહુએ લાડવા કર્યા. વાહ ભૈ વાહ...!
૨. વાઘની જીભ લબકી. ________
૩. લાતથી વાઘનું મોં ફરી ગયું. ________
૪. તમે લાયક નથી એવું કહેનારની હું જીભ કાપી નાખું! ________
૫. મોટુજીએ ગુફા જેવું પોતાનું મોં ઉઘાડ્યું. ________
૬. પધારો, મહારાજ, પધારો! આ આસન પર બિરાજો! ________
૭. હું પરવાના વગર કોઈને જાત્રાએ જવા દેતો નથી! ________
૮. લાલિયાની વાત સાંભળીને મિજાજ ગયો. ________

મને ગમતા શબ્દો

## ⬡ આપેલા પ્રશ્નો પરથી વાર્તામાં આવેલા શબ્દ ઓળખી કાઢો.

૧. તેના પહેલા અને ત્રીજા અક્ષરથી બને છે ‘ખારો’
તેના બીજા અને ત્રીજા અક્ષરથી બને છે ‘ખરો’
તે ત્રણ અક્ષરનો શબ્દ કયો છે?

| | | |
|---|---|---|
| ખા | ખ | રો |

૨. તેનો પહેલો અને છેલ્લો અક્ષર મળે તો બને છે ‘કટ’
તેનો ત્રીજો અને પહેલો અક્ષર મળે તો બને છે ‘રોક’
તેનો બીજો અક્ષર એ ‘થડ’નો એક અક્ષર છે.
તે ચાર અક્ષરનો શબ્દ કયો છે?

| | | | |
|---|---|---|---|
| | | | |

૩. તેનો પહેલો અને છેલ્લો અક્ષર મળે તો બને છે ‘પનો’
તેનો ત્રીજો અને બીજો અક્ષર મળે તો બને છે ‘વાર’
તે ચાર અક્ષરનો શબ્દ કયો છે?

| | | | |
|---|---|---|---|
| | | | |

૪. તેના બીજા અને ત્રીજા અક્ષરથી બને છે ‘દર’
તેના ચોથા અને પાંચમા અક્ષરથી બને છે ‘દાન’
તેના પહેલા અને બીજા અક્ષરથી બને છે ‘કદ’
તે પાંચ અક્ષરનો શબ્દ કયો છે?

| | | | | |
|---|---|---|---|---|
| | | | | |

૫. તેના પહેલા બે અક્ષર છે ‘ધૂળ’
તેનો ચોથો અને બીજો અક્ષર મળે તો બને છે ‘ગોળ’
તેના ત્રીજા અને બીજા અક્ષરથી બને છે ‘ભેળ’
તે ચાર અક્ષરનો શબ્દ કયો છે?

| | | | |
|---|---|---|---|
| | | | |

- **ચાલો, ગાઈએ ગીતડું. ઓ જાડાપાડા હાથીડા!...**

## ⬡ ફકરો વાંચી નીચેના પ્રશ્નોના જવાબ આપો.

અમારા ગામમાં એક દાદા રહે. તેમનું નામ ભોપુદાદા. તેઓ ગોકુળમથુરાની જાત્રા કરી આવ્યા. તેમને તેમનાં વહુ કહે, “તમારી જાત્રાની ખુશાલીમાં લાડુ બનાવું.” તેણે ખાસ્સી કથરોટ ભરી લાડુ બનાવ્યા. બધાં કહે, “વાહ!, ભોપુદાદા, તમે ખરી જાત્રા કરી આવ્યા!”

| કયો શબ્દ | કોના માટે... ? | કયો શબ્દ | કોના માટે... ? |
|---|---|---|---|
| તેમનું | ભોપુદાદાનું | તમારી | ________ |
| તેઓ | ________ | તેણે | ________ |
| તેમને | ________ | તમે | ________ |
| તેમનાં | ________ | | |





મને ગમતા શબ્દો

**ફકરો-૧ મોટેથી વાંચી ફકરા-૨માં જ્યાં વિકલ્પો આપ્યા છે, તેમાંથી નકામા વિકલ્પો છેકો.**

| ફકરો-૧ | ફકરો-૨ |
|---|---|
| એક નાની છોકરી. છોકરીનું નામ ગુલાબ. ગુલાબ છઠ્ઠા ધોરણમાં ભણે. ગુલાબને ભણવું બહુ ગમે. ગામને છેડે ગુલાબનું ઘર. ગુલાબનાં મમ્મી-પપ્પા ખેતી કરે. ગુલાબનાં ખેતરની પાસે કુસુમનો પરિવાર રહે. ગુલાબે કુસુમ સાથે દોસ્તી બાંધી. ગુલાબ અને કુસુમ બંને સાથે નિશાળે જાય. | એક નાની છોકરી. એનું/એનાં/એની નામ ગુલાબ. તેઓ/એ/એણે છઠ્ઠા ધોરણમાં ભણે. એનું/એણે/એને ભણવું બહુ ગમે. ગામને છેડે એની/એનાં/એનું ઘર. એનો/એનાં/એમને મમ્મી-પપ્પા ખેતી કરે. એનાં/એને/એમનું ખેતરની પાસે કુસુમનો પરિવાર રહે. એનું/અમે/એણે તેને/તેનો/તેની સાથે દોસ્તી બાંધી. તેઓ/અમે/એમની બંને સાથે નિશાળે જાય. |

**પોતાના માથા પર ત્રણ તાળી ત્રણવાર પાડો. પછી યાદીમાંથી શબ્દ પસંદ કરી ખાલી જગ્યા પૂરો. (આ, તે, તેણે, તેનું, તેને, મારું, તમારું, તમારી, તમે, તેનો)**

ગુલાબની એક બહેનપણી. ______ નામ કુસુમ. ______ બકરી બહુ ગમે. ______ રોજ બકરીનાં બચ્ચાં સાથે રમે. ______ બચ્ચાનું નામ પાડ્યું : લલ્લુ. એકવાર લલ્લુ ખોવાયું. કુસુમ ______ શોધતી શોધતી ભોપુદાદાના ઘરે પહોંચી.

કુસુમ : ______ મારું લલ્લુ જોયું?

ભોપુદાદા : લલ્લુ? ______ વળી કોણ?

કુસુમ : ______ તો ______ બકરીનું બચ્ચું. ______ જોયું?

ભોપુદાદા : ______ રંગ કેવો છે?

કુસુમ : સફેદ, ______ ધોતી જેવો.

ભોપુદાદા : અચ્છા, ______ છે તારું લલ્લુ?

કુસુમ : અરે...! મને તો ખબર જ ન પડી. ______ તો ખોળામાં જ હતું.

- **ચાલો, ગાઈએ ગીતડું : ઓ જાડાપાડા હાથીડા!...**

મને ગમતા શબ્દો

## સાંભળો અને ગાઓ.

### સમર્થ બનો, Save કરો

પર્યાવરણનો પાઠ હતો ને હતી પાંચમી કક્ષા
શિક્ષક પૂછે વર્ગને, ''કહો શાની કરશો રક્ષા?''
પહેલી બેંચનો એક વિદ્યાર્થી, નામ છે એનું સમર્થ
ઊંચી કરીને આંગળી, એ બોલ્યો, "Save earth!"
''સરસ'' કહીને શિક્ષક બોલ્યા, હજુ ઘણા છે ઉત્તર
વિચાર કરીને જલધિ બોલી, "We should save water!"
ઊભો થઈ ગ્યો બીજો બાળક, અટક હતી જેની દરજી
ધીમે રહીને એ બોલ્યો, બહુ જરૂરી "Save energy!"
છેલ્લી બેંચ ઉપર બેઠી'તી, બોલી પટેલ પ્રીતિ
મારા મતથી સૌથી જરૂરી "Save electricity!"
એક છોકરો ગોળમટોળ, નામ હતું એનું અણમોલ
સહેજ વિચારી એ બોલ્યો, દોસ્તો! "Save petrol!"
સની સુરતીનો વારો આવ્યો, એનું મન કરતું'તું ભ્રમણ
એને લાગ્યું, ''હવે બચ્યું શું?'' એ બોલ્યો ''સેવ-ખમણ''
મનુ મરાઠી ''સેવ-ઉસળ'' કહી કરવા લાગ્યો દાંતિયાં!
ભગુ ભાવનગરી ચૂકે કેમ? એ બોલ્યો, ''સેવ-ગાંઠિયા''
હક્કાબક્કા થઈ ગ્યા શિક્ષક, જવાબ સાંભળી અજોડ!
ઉપર જોઈ વીનવે એ તો, "Save me, save me, O God!"

\- રઈશ મનીઆર





મને ગમતા શબ્દો

● **વાતચીત :**

- તમને કેટલામી લાઇન કે બેંચ પર બેસવું ગમે?
- તમને બેઠાં બેઠાં જવાબ આપવો ગમે કે ઊભા થઈને? અદબ વાળીને કે છૂટા હાથે?
- શિક્ષકે પૂછેલા પ્રશ્નના તમે વિચારેલા બધા જવાબ અપાઈ ગયેલા હોય ને તમારો વારો આવે તો તમે શું કરો?
- વર્ગમાં તમારું ધ્યાન નથી, શિક્ષક તે વખતે તમને જવાબ આપવા કહે ત્યારે તમને શું થાય?
- કોઈ તમને સવાલ પૂછતું નથી પણ તમારે જવાબ આપવો જ છે તો શું કરશો?
- તમારે આચાર્યને સવાલ પૂછવો હોય તો કયો સવાલ પૂછો?
- તમારે "Save me O God." એવું ક્યારેય કહેવું પડ્યું છે? ક્યારે?
- તમે કંઈ પૂછો ને કોઈ ઊંધા-ચત્તા જવાબ આપે તો તમને મનમાં શું થાય?
- તમારા દોસ્તોને એક એવો સવાલ પૂછો કે તે સવાલ સાંભળી સૌ હસી પડે.
- તમારા દોસ્તે પૂછેલા સવાલનો એવો જવાબ આપો કે સૌ હસી પડે.
- તમે શિક્ષકને પ્રશ્નો પૂછો. શિક્ષક તમને હસવું આવે તેવા જવાબ આપશે.

**સાંભળવામાં સરખા લાગતા શબ્દો કવિતામાંથી શોધીને લખો.**

| | | | |
|---|---|---|---|
| **કક્ષા** | - **રક્ષા** | | |
| દાંતિયા | - ______ | ______ | - અજોડ |
| ગોળમટોળ | - ______ | ______ | - energy |
| ભ્રમણ | - ______ | ______ | - water |

**ડિક્શનરી કે ઇન્ટરનેટનો ઉપયોગ કરી નીચેના શબ્દો માટે જેટલા મળે એટલા ગુજરાતી શબ્દો શોધીને લખો. તેમાંથી કોઈ પણ એક ગુજરાતી શબ્દ વાપરીને વાક્ય બનાવો.**

૧. We - ______

વાક્ય -

૨. Save - ______

વાક્ય -

૩. Earth - ______

વાક્ય -

૪. Water - ____________________

વાક્ય -

૫. Energy - ____________________

વાક્ય -

૬. Electricity - ____________________

વાક્ય -

૭. God - ____________________

વાક્ય -

**ઘણા વિદ્યાર્થીઓ 'Save' બોલ્યા, જ્યારે સની સુરતી અને મનુ મરાઠી 'સેવ' બોલ્યા. બંને બોલવા સાંભળવામાં સરખા, પણ તેના અર્થ જુદા! આવા બીજા શબ્દો અને તેના અર્થ શોધો.**

- **Save** - **બચાવવું** **સેવ - ચણા કે ઘઉંના લોટની પાતળી સળી જેવી તળેલી વાનગી**
- **One** - **વન -**
- **Sir** - **સર -**
- **Mug** - મગ -
- **Jug** - જગ -
- **Earth** - અર્થ -
- **Gum** - ગમ -
- **More** - મોર -
- **Mole** - મોલ -

**શાળા અમારી - નિયમો અમારા.**

તમારી શાળામાં તમને ન ગમતા નિયમો કયા છે? તેમાં તમે બદલાવ ઇચ્છો છો? કોઈ પણ ત્રણ નિયમ વિશે લખો.

૧. ન ગમતો નિયમ : ____________________

નવો નિયમ : ____________________

૨. ન ગમતો નિયમ : ____________________

નવો નિયમ : ____________________



૩. ન ગમતો નિયમ : ____________________

નવો નિયમ : ____________________

- **ચાલો, ગાઈએ ગીતડું : ઓ જાડાપાડા હાથીડા!...**

**વાંચો : હલવાના ભાગ.**

રમેશભાઈએ તેમનાં બાળકો અમુ અને અનુ માટે હલવાનો એક ટુકડો ખરીદ્યો. તેમણે તે બંને માટે તેને બે સરખા ભાગમાં વહેંચ્યો.

''આ ટુકડો ખૂબ જ મોટો છે. અમે તેને ખાઈ શકીશું નહીં'' તેઓએ કહ્યું. તેથી તેમણે આ ટુકડાઓને ફરીથી બે સરખા ભાગમાં વહેંચ્યા.

- **વિચારીને લખો.**

૧. તેમણે એટલે ____________
૨. બંને એટલે ____________
૩. તેને એટલે ____________
૪. તેઓ એટલે ____________

**ગોટાળો ટાળો. ગોલુને ગુજરાતી લખતાં બરાબર આવડતું નથી. તેણે લખેલાં વાક્યો પહેલાં મોટેથી વાંચો અને ત્યારબાદ સુધારીને લખો.**

૧. તારી બા જુમાંચા લુંતો તુંમા રોબો ડીગા ર્ડલાગે.
૨. ચો કમાંલા લિયાકૂ તરા નીચો કીહ તી.
૩. લા ડુન વાઈ પા મીજો ઈર હ્યોહ તો.
૪. એતિ જોરીનું બાર ણુંકે મદે ખા તુંનથી?
૫. પ ર્યાવ રણ નોપા ઠહ તોનેહ તીપાં ચમીક ક્ષા.

- **સુધારેલું લખાણ :**

૧. ____________________
૨. ____________________
૩. ____________________
૪. ____________________
૫. ____________________

## પ્રશ્નચિટ્ઠી.

**ઘર હો કે સ્કૂલ, બધે તમને જ પ્રશ્નો પુછાય છે. તમારે પ્રશ્ન પૂછવા છે? તો પૂછોને.**

વહાલા પપ્પા,
~~તમને કોની બીક લાગે?~~

પ્રિય દોસ્ત,

ઓ સૂરજદાદા,

વહાલા ટીચર/સર,

અરે! ઓ ચૉકલેટ,

વહાલા ઝાડ,

હવે, મારે ____________ ને પ્રશ્ન પૂછવા છે.

પ્રિય

૧. ____________________

૨. ____________________

૩. ____________________



મને ગમતા શબ્દો

## મોટેથી વાંચો, અભિનય કરો.

### રાજેશના છબરડા

હેમંતભાઈનો પુત્ર રાજેશ નવું નવું ગુજરાતી બોલતાં શીખ્યો.

એ તો ‘હું આવ્યો’ ને બદલે ‘રાજેશ આવ્યો’ બોલે. ‘મને ભૂખ લાગી’ને બદલે ‘રાજેશને ભૂખ લાગી’ એમ બોલે!

હેમંતભાઈએ એને બરાબર બોલતાં શીખવાડ્યું. રાજેશ બોલ્યો, “રાજેશને સમજ પડી ગઈ!”

ડેડીએ માથું કૂટ્યું!

મોડેમોડે રાજેશ બોલ્યો, “મને સમજ પડી ગઈ! તમારો આભાર!”

હવે રાજેશ બહુ ઝડપથી ગુજરાતી બોલવાનું શીખી રહ્યો હતો. બહાર જે જોઈને આવે તે ઘરમાં આ રીતે કહેતો :

એકવાર કહે, “તેણે તેને તે કર્યું!”

મમ્મી કહે, “શું?”

રાજેશ બોલ્યો, “મુન્નીએ મુન્નાને ચૂંટી ખણી.”

એકવાર રાજેશ પડોશમાં જાનકી સાથે રમતો હતો. ત્યારે જયંતભાઈએ તેમનાં પત્નીને કહ્યું, “આપણી શ્વેતાને પર્યટન જવાનું છે. પૈસા ભરી દીધા છે. પર્યટનમાં વૉટરબૅગ આપવાનું ભૂલાય નહીં. બધા બસમાં બેસીને વાડીએ જશે.”

રાજેશે આ વાત સાંભળી. ઘરે જઈ તેણે હેમંતભાઈને કહ્યું, “એક પેલી વાત કહું?”

“પેલી એટલે?”

“જયંતભાઈની.”

“કહે!”

“હું પેલે ત્યાં ગયો હતો ને...”

“ક્યાં?”

“જાનકી જોડે રમવા.”

હેમંતભાઈ ઉતાવળમાં હતા. તે કહે, “જે કહેવું હોય તે આખી વાત જલદી કહી દે!”

રાજેશ તો ઝડપથી બોલી ગયો! એણે કહ્યું, “પેલે ત્યાં પેલા અંકલે પેલી આંટીને કહ્યું કે આપણી પેલીને પેલામાંથી પેલું જવાનું છે, પેલા ભરી દીધા છે. પેલામાં પેલું આપવાનું ભૂલાય નહીં. બધા પેલીમાં બેસી, પેલે ત્યાં જશે.”


પછી કહે, “ડેડી, તમને પેલી પડી?”

“શું પેલી પડી?” હેમંતભાઈ અકળાઈને બોલ્યા.

“સમજ!”

હેમંતભાઈએ ફરી માથું કૂટ્યું!

### શબ્દપોટલીમાં શબ્દ ભરો.




### લગભગ સરખા :

**કથરોટ**-મોટો થાળ; **કદરદાન**-કદર કરી જાણે તેવું; **કોઠી**-મોટું પીપ; **ઘાટ**-નદીનો ઓવારો; **ચુગલી**-પીઠ પાછળ કરેલી નિંદા; **ચોક**-ખુલ્લી જગ્યા; **ચોકી**-રખેવાળને બેસવાનું સ્થાન; **છબરડા**-ગોટાળા; **જાત્રાળુ**-જાત્રા કરવા જનાર; **તિજોરી**-લોખંડનો કબાટ; **ધૂળભેગા થવું**-જમીન પર પડી જવું; **પરવાનો**-લાઈસન્સ; **ફાંદ**-ખૂબ મોટું પેટ; **મિજાજ જવો**-ગુસ્સો આવવો; **મિષ્ટાન્ન**-મીઠાઈ; **લાફો**-તમાચો.

૫ ઠંડક ← બોખ્ખો → બિલ્લી

X7M4E1

## ચાલો, ગાઈએ ગીતડું :

એક જાદુગર એવો, જાદુગર એવો,
એણે ખેલ બનાવ્યો કેવો!
જેણે વિધવિધરંગી ફૂલ કર્યાં,
એની પાંખડીઓમાં પ્રાણ પૂર્યાં,
એણે ચાંદો બનાવ્યો કેવો!
જેણે રૂપાળી રજની કીધી
જેણે દૂધભરી દુનિયા કીધી,
એણે મોર બનાવ્યો કેવો!
એના ટહુકા તો સૌને ગમતા,
એના રંગ દેખી બાળ હરખાતાં,
એનો ખેલ ન ખૂટે એવો!

\- પિનાકીન ત્રિવેદી

## આપેલા ચિત્રોની મદદથી તમને ગમે એ રીતે આ બિલાડીને સજાવો. પછી તેમાં રંગ પૂરો :



મને ગમતા શબ્દો

## સાંભળો અને વાંચો :

# ઠંડકનું આકાશદર્શન

દરિયાને તળિયે માછલીઓનું એક ગામ હતું. એ ગામમાં જે રહે એને બે મોટા ફાયદા થાય. એક તો પૈસા ભરીને કોઈ સ્વિમિંગ પૂલમાં મેમ્બર થવાની જરૂર નહિ... ચારે બાજુ પાણી જ પાણી. મન ફાવે ત્યાં તરવાનું, તદ્દન મફત. બીજો ફાયદો એ કે તરસ લાગે ત્યારે ગ્લાસ પણ નહિ શોધવાનો, ને માટલું પણ નહિ શોધવાનું. ફક્ત મોઢું ખોલવાનું. પાણી પોતાની મેળે પેટમાં પહોંચી જાય. પણ, માછલીઓના ગામમાં બે મોટાં દુઃખ એક તો પતંગ ચગાવવા મળે નહિ. પતંગનો તો પાણીમાં લોંદો જ વળી જાય ને! વળી પવન ન વાય એટલે ચગે પણ કેમ? બીજું, દુઃખ એ કે મોઢેથી વ્હિસલ ન વગાડાય. ગાલમાંથી ગમે તેટલી ફૂંક મારો પણ સિસોટીનો અવાજ નીકળે જ નહિ.

આવા ગામમાં ઠંડક નામની એક હસતી ગાતી માછલી રહેતી હતી. શિયાળાના દિવસો પાસે આવ્યા ત્યારે દરિયાનું પાણી ઠંડું થવા લાગ્યું. માછલીઓ ખંજરીની જેમ ધ્રૂજવા લાગી. ઠંડકના દાદાનું નામ આગેકૂચ. એમણે કહ્યું, ''દોસ્તારો, ગભરાઓ નહીં. અહીંથી સો કિલોમીટર દૂર એક ગામ છે. કડકડતી ઠંડીના દિવસોમાં પણ ત્યાંનું પાણી હૂંફાળું ને ગરમ રહે છે. એ ગામનો મુખી ભલાભાઈ મારો બચપણનો દોસ્ત છે. આપણે બધા બે મહિના માટે એ ગામે રહેવા જઈએ.''





મને ગમતા શબ્દો

માછલીઓમાં બૂમાબૂમ થઈ ગઈ. ''વંડરફૂલ, વંડરફૂલ!'' ''નવું ગામ જોવા મળશે, પિકનિક થઈ જશે, યાર....'' જોકે સો કિલોમીટર તરવાની વાત સાંભળીને અમુક ઘરડી માછલીઓ બેબાકળી થઈ ગઈ; અને પોકારવા લાગી :


''પાણીએ પાણીએ શોર હૈ,
આગેકૂચ ચોર હૈ!''

પણ આખરે, આગેકૂચની સરદારી નીચે, બધાં માછલાં નવે ગામ પહોંચ્યાં. નવા ગામનો મુખી ભલાભાઈ તો ઠંડકના દાદાને ભેટી જ પડ્યો. ''એલા આગેકૂચ, તું તો હાવ ડોહો થઈ ગયો, ડોહો! આ જો, હું તો પહેલાં જેવો જ હટ્ટોકટ્ટો છું. આટલાં વરસ તું ક્યાં ગુલ થઈ ગયેલો, હેં?''

રાત્રે એક મિજબાની ગોઠવાઈ, ને એમાં થાકેલા મહેમાનોને સુંવાળી શેવાળ અને સ્વાદિષ્ટ સાપોલિયાનું ભાવતું ભોજન પિરસાયું.

બીજે દિવસે સાઇટ-સીઇંગનો કાર્યક્રમ રખાયો. નવા ગામનાં જોવાલાયક સ્થળોએ બધાંએ ફરવાનું હતું. એને માટે બે કાચબાઓને ભાડે રાખ્યા હતા. બધી માછલીઓ કાચબાની ઢાલ ઉપર ગોઠવાઈ ગઈ એટલે કાચબાઓ સ્ટાર્ટ થયા.

ઘણી જગ્યાઓ જોઈ. પરવાળાના રાતા ખડકો જોયા. ગરમ અને ઠંડા પ્રવાહો મળે છે એ સંગમસ્થાનનાં દર્શન કર્યાં. દૂરથી ડરીડરીને દરિયાઈ સાપોનું ગામ જોયું. પણ, કાચબાઓ જ્યારે એક તૂટી પડેલા જહાજના ભંગાર પાસે લઈ આવ્યા, ત્યારે ઠંડક અને દોસ્તારોને સૌથી વધારે મજા પડી ગઈ. કાટમાળની વચ્ચે સોનામહોરોના ઢગલા હતા. ચાંદીની પેટીઓ હતી. કટાયેલી તલવારો હતી. ચળકતા હીરા-મોતીના હાર હતા. ફરવાનો કાર્યક્રમ પૂરો થયો ત્યાં સુધીમાં તો કાચબા અને નાનકડી ઠંડક વચ્ચે દોસ્તી જામી ગયેલી. કાચબાએ ઠંડકને ધીમેથી કહ્યું, ''કોઈએ પણ નહિ જોઈ હોય, એવી ચીજ જોવી છે? તો રાત્રે તૈયાર રહેજે.''



મને ગમતા શબ્દો

શું જોવાનું હશે? ઠંડક તો રાત્રે ઊંઘી જ ન શકી. આગેકૂચ અને બીજાં બધાં ઊંઘી ગયાં ત્યારે કાચબો આવ્યો. ઠંડકને સાથે લઈને એ ઉપરની તરફ તરવા લાગ્યો. ‘‘દરિયાની બહાર શું હોય છે તે તને ખબર છે?’’ કાચબાએ પૂછ્યું. ઠંડક બોલી, ‘‘દરિયો એટલે શું?’’ ‘‘આપણું ઘર. એટલે કે આપણે જે પાણીમાં રહીએ છીએ, તે દરિયો. પણ એની બહાર શું હોય છે તે આજે તને બતાવું.’’ એમ કહીને કાચબો એકદમ સપાટી પર આવી ગયો.

ઠંડકે પાણીની બહાર ડોકિયું કર્યું ન કર્યું ને તે સ્તબ્ધ બની ગઈ. ખૂબ ખૂબ ઊંચે કાળી ચાદરમાં ચમકીલાં કાણાં દેખાતાં હતાં. થોડાં રૂનાં ઢગલા જેવું પણ કૈંક હતું. થાળી આકારનો સોનેરી-સોનેરી કોઈક લાડવો દેખાતો હતો. ભૂરા-પીળા ચમકીલા ચાંદલા જેવું ઠેર-ઠેર પથરાયેલું હતું. ડૂબેલી આગબોટનો જે ખજાનો સવારે જોયો હતો, તેવા હજારો ખજાના વેરાઈને પડ્યા હોય એવું દેખાતું હતું. ઠંડકને શરીરે આનંદની ધ્રુજારી પસાર થઈ ગઈ. થોડીવારમાં કાચબાએ ઠંડકને પાછી પાણી નીચે ખેંચી લીધી. ‘‘કાચબાદાદા, આ બધું શું હતું ? મને તો કંઈ સમજ પડતી નથી...’’ ઠંડક કહેવા લાગી.





મને ગમતા શબ્દો

“દીકરી, એ  અને  હતા.”

“કેટલા સુંદર હતા એ, કાચબાદાદા. આખી જિંદગીમાં મેં તો આવી અદ્‌ભુત વસ્તુઓ કદી જોઈ નથી. પાછા પાણીની બહાર ચાલો, દાદા. આપણે ચાંદા-તારાની પાસે જ રહી જઈએ.”

કાચબો હસીને બોલ્યો, “બેટા ઠંડક, તું પાણીની બહાર ચાંદા-તારાની પાસે રહેવા જાય ને, તો શ્વાસ જ નહિ લઈ શકે. આપણે તો દરિયાની અંદર જ રહેવાનું. હા, મહિને વળી એકાદ વાર ઉપર આવવાનું, ને સપના જેવા સુંદર મજાના ચાંદ-તારાને જોઈ જવાના.

આટલું કહીને ભલો કાચબો ઠંડકને ગામમાં પાછો લઈ ગયો. બીજી માછલીઓ સાથે એને વહાલથી સુવડાવી. અબરખનો તકિયો ને રેતીની પોચીપોચી પથારી. ગુડનાઈટ.”

- ઉદયન ઠક્કર

## ● વાતચીત :

- આ વાર્તામાં તમને સૌથી વધુ મજા ક્યારે આવી?
- તમે ઘર વગર રહેતા હો તો શું શું થાય?
- પાણીમાં વ્હિસલ કેમ ન વાગે? પાણીમાં વ્હિસલ વાગે એ માટે તમે શું શું કરશો?
- બહુ ઠંડી લાગે ત્યારે લોકો શું કરે?
- એવું શું થાય ત્યારે તમને વન્ડરફૂલ વન્ડરફૂલ એવું કહેવાનું મન થાય?
- એક કાચબાના પરિવારમાં પાંચ લોકો રહે છે, તે પાંચેયનાં નામ પાડો.
- તમે શિયાળામાં ઠંડીથી બચવા શું શું કરો?
- તમે પિકનિકમાં જાવ ત્યાં શું શું કરો છો?
- તમને ક્યાં ફરવા જવું ગમે?
- તમારે દરિયાની અંદર ફરવા જવું હોય તો તમે શું શું તૈયારી કરશો? કેમ?
- ઠંડકને પૃથ્વી પર બધું જોવું છે તો તમે તેના માટે શું શું આઈડિયા કરશો?

## ● ચાલો, ગાઈએ ગીતડું : એક જાદુગર એવો...

## ⬡ સાચા અર્થવાળાં વાક્ય સામે માછલી દોરો.

૧. આગેકૂચની સરદારી નીચે, બધાં માછલાં નવે ગામ પહોચ્યા.

(અ) આગેકૂચે જેમ કહ્યું તેમ માનીને માછલાંઓ નવા ગામ સુધી પહોંચ્યાં.

(બ) આગેકૂચના સરદાર મિત્રની નીચે સૌ માછલાં નવા ગામ ફરીને આવ્યાં.

(ક) આગેકૂચની વાત માની માછલાંઓ નવ ગામ ફર્યાં.

૨. આવા ગામમાં ઠંડક નામની એક હસતી ગાતી માછલી રહેતી.

(અ) ઠંડક આખો દિવસ હસહસ જ કરતી.

(બ) ઠંડક નામના ગામમાં હસતી ગાતી નામની માછલી રહેતી.

(ક) ઠંડક હંમેશાં ખુશ રહેતી હતી.

૩. આખી જિંદગીમાં મેં તો આવી અદ્‌ભુત વસ્તુઓ કદી જોઈ નથી.

(અ) મને આવી નવાઈ લાગે તેવી વસ્તુઓ હજી સુધી ક્યારેય જોવા મળી નથી.

(બ) મને આવી ભૂતને ગમે તેવી વસ્તુઓ ક્યાંય મળતી નથી.

(ક) મેં જિંદગીમાં આવી વસ્તુઓ નવી નવી જગ્યાએ જોઈ છે.

૪. પતંગનો તો પાણીમાં લોંદો જ વળી જાય ને!

(અ) પાણીમાં પતંગ લટકી જાય એટલે સુકાય નહીં.

(બ) પતંગ ચગે નહીં તેવું સાવ ભીના ડૂચા જેવું થઈ જાય.

(ક) પતંગનો દોરો પાણીમાં લાંબો થઈ જાય.

૫. માછલીઓ ખંજરીની જેમ ધ્રુજવા લાગી.

(અ) માછલીઓને બહુ ઠંડી લાગી એટલે તે ધ્રુજવા લાગી.

(બ) માછલીઓને ઠંડી લાગે એટલે એ ખંજરી થઈ જાય.

(ક) ખંજરી માછલીની જેમ બીજી માછલીઓ પણ ધ્રુજવા લાગી.

**વાક્ય સાચું હોય તો તે જ લખો અને વાક્ય ખોટું હોય તો સુધારીને લખો. આ વાક્યો ઝીણા અક્ષરથી લખી બતાવો.**

૧. માછલીઓને સ્વિમિંગપૂલમાં જવાનો ખર્ચ ન કરવો પડે. ______

૨. દરિયામાં ક્યાંક ક્યાંક થોડું ગરમ પાણી હતું. ______

૩. ઠંડકને ખબર હતી કે તે દરિયામાં રહે છે. ______

૪. મહેમાનો માટે રાત્રે જમવાની પાર્ટીમાં સૌને ભાવે તેવું જમવાનું હતું. ______

૫. કાચબાદાદાએ ઠંડકને સવારનું સોનેરી આકાશ દેખાડ્યું. ______

૬. ઘરડી માછલીઓને વધુ તરવાની વાત બહુ ગમી. ______





મને ગમતા શબ્દો

⬡ ‘હો’ એમ બોલતાં જઈ કૂદકો મારો. આવા પાંચ કૂદકા મારો. ‘અ’નાં વાક્યોના અર્થવાળાં વાક્ય ‘બ’માંથી શોધી ઉદાહરણ મુજબ ક્રમ લખો. તે જોડકાં મોટેથી વાંચો.

| ક્રમ | ‘અ’ | | ‘બ’ |
|---|---|---|---|
| ૧ | ઠંડકના દાદા ખૂબ ઘરડા થઈ ગયા હતા. | ૧ | ઠંડકના દાદા અને ગામના મુખી સારા મિત્રો હતા. |
| ૨ | દરિયામાં સાવ નીચે એક ગામ હતું, તેમાં ઠંડક રહેતી હતી. | | બપોર પછી આજુબાજુની કેટલીક સારી જગ્યાએ ફરવા જવાનું હતું. |
| ૩ | સૌ હુંફાળા પાણીવાળા ગામમાં બે મહિના રહેવા ગયા. | | આગેકૂચ ડોહા જેવો થઈ ગયો હતો. |
| ૪ | સહુ આગેકૂચ કહે તે રીતે સો કિલોમીટર સુધી તરીને હૂંફાળા પાણીના ગામમાં ગયા. | | ભલાભાઈના ગામમાં સૌ શિયાળો પૂરો થાય ત્યાં સુધી રોકાવાના હતા. |
| ૫ | ભલાભાઈ આગેકૂચના દોસ્ત હતા. | | ઠંડકનું ઘર દરિયાના તળિયે હતું. |
| ૬ | સાંજે જોવાલાયક સ્થળોએ ફરવા જવાનો કાર્યક્રમ હતો. | | આગેકૂચની સરદારી નીચે સૌ દૂર દૂર નવા ગામે પહોંચ્યા. |

- ચાલો, ગાઈએ ગીતડું : એક જાદુગર એવો...

⬡ વાક્યોને વાર્તા મુજબનો ક્રમ આપો :

☐ કાચબાઓ પર સવાર થઈ માછલીઓ ફરવા નીકળી.

☐ ‘રાત્રે તે વળી શું જોવાનું હશે?’ ઠંડકની ઊંઘ ઊડી ગઈ.

☐ ઘરડાં માછલાંએ નવે ગામ જવાનો વિરોધ કર્યો.

મને ગમતા શબ્દો





| | |
|---|---|
| ☐ | કાચબો ઠંડકને સાથે લઈ તે ઉપરની તરફ તરવા લાગ્યો. |
| ☐ | આગેકૂચની આગેવાનીમાં બધાં માછલાં નવા ગામ પહોંચ્યાં. |
| ☐ | કાચબાએ બીજી માછલીઓ સાથે ઠંડકને વહાલથી સુવડાવી. |
| ☐ | ‘‘કાચબાદાદા, કેટલા સુંદર હતા ચંદ્ર-તારા!’’ |

## ⬡ ટમીની ગઈકાલની, આજની અને આવતીકાલની પ્રવૃત્તિઓ વાંચો.

- ટમી ગઈકાલે સવારે પાંચ વાગ્યે ઊઠી. શનિવાર હોવાથી તે આઠ વાગ્યે શાળામાં પહોંચી ગઈ. તેણે દસ વાગ્યે રિસેસમાં નાસ્તો કર્યો. તે બપોરે બે વાગ્યે જમીને ચાર વાગ્યે સૂઈ ગઈ.
- આજે રવિવાર છે. ટમીની શાળામાં રજા છે. અત્યારે દસ વાગ્યા છે. ટમી નાહીધોઈને ટી.વી.માં કાર્ટૂન જોવા બેઠી છે. બપોરના બે વાગ્યા છે, તે જમીને વાંચવા બેઠી છે. ઘડિયાળમાં ચાર વાગ્યા છે, તે તેના ભાઈ સાથે રમે છે.
- આવતીકાલે સોમવાર છે. ટમીની શાળાનો સમય ૧૧થી ૫ વાગ્યાનો હશે. તે સવારે આઠ વાગ્યે ઊઠશે. નાસ્તો કરીને ૧૦ વાગ્યે તે શાળાએ જવા નીકળશે. બે વાગ્યે મોટી રિસેસમાં તે નાસ્તો કરશે. ચાર વાગ્યે પી.ટી.ના પિરિયડમાં તે મિત્રો સાથે ક્રિકેટ રમશે.

- **હવે, ટમીની ક્રિયાઓ બતાવતાં એક કે બે શબ્દો કોષ્ટકમાં લખો. ઉદાહરણ જુઓ :**

| સમય | ટમી ગઈ કાલે.. | ટમી આજે... | ટમી આવતી કાલે... |
|---|---|---|---|
| ૦૫:૦૦ | ઊઠી | ઊંઘે છે | |
| ૦૮:૦૦ | | | ઊઠશે |
| ૧૦:૦૦ | | ટી.વી. જોવા બેઠી છે | |
| ૧૪:૦૦ | | | |
| ૧૬:૦૦ | | | |



મને ગમતા શબ્દો

**⬡ અહીં અમૃતાના ત્રણ દિવસની પ્રવૃત્તિઓ ભેગી થઈ ગઈ છે. તેને છૂટી પાડીને લખો.**

- અમૃતા કૉલેજ ગઈ હતી. અમૃતા તેના મામાના ઘરે જશે. અમૃતા પ્રવાસમાં ગઈ છે. તે મિત્રો સાથે નવાં નવાં સ્થળોએ ફરે છે. તે પોતાના ભાઈને ભાવતી ચૉકલેટ લઈને જશે. કૉલેજથી આવીને તે ડાન્સક્લાસમાં ગઈ હતી. ઘરે જઈને તે મામીના હાથના ઢોસા ખાશે. ડાન્સક્લાસમાંથી ઘરે પાછા આવતી વખતે તે મમ્મીપપ્પા માટે આઈસ્ક્રીમ લઈને ગઈ હતી. બધા મિત્રો ભેગા મળીને પિત્ઝાપાર્ટી કરે છે.

૧. અમૃતાની ગઈકાલ : ____________________

____________________

૨. અમૃતાની આજ : ____________________

____________________

૩. અમૃતાની આવતીકાલ : ____________________

____________________

**⬡ 'અત્યારે બપોરના ૧૨ વાગ્યા છે.' - આ વાતને ધ્યાનમાં રાખી જે વાક્ય સાચું હોય તેની આગળના (  )માં ✓ કરો.**

૧. ( ✓ ) તે સવારે ૧૦ વાગ્યે નાસ્તો કરતો હતો.
( ) તે સવારે ૧૦ વાગ્યે નાસ્તો કરશે.

૨. ( ) તે સવારે ૮ વાગ્યે ઊઠે છે.
( ) તે સવારે ૮ વાગ્યે ઊઠ્યો હતો.

૩. ( ) તે સવારે ૯ થી ૧૦ વાગ્યા સુધી વાંચવા બેસે છે.
( ) તે સવારે ૯ થી ૧૦ વાગ્યા સુધી વાંચવા બેઠો હતો.

૪. ( ) તે બપોરે ૧૨ વાગ્યે જમવા બેઠો છે.
( ) તે બપોરે ૧૨ વાગ્યે જમવા બેઠો હતો.

૫ ( ) તે બપોરે ૨ થી ૪ વાગ્યા સુધી ટી.વી. જોતો હતો.
( ) તે બપોરે ૨ થી ૪ વાગ્યા સુધી ટી.વી. જોશે.

૬. ( ) તે સાંજે ૬ વાગ્યે રમવા જશે.
( ) તે સાંજે ૬ વાગ્યે રમવા જાય છે.





૭. (       ) તે રાત્રે ૧૦ વાગ્યા સુધી લેસન લખશે ને પછી ઊંઘી જશે.

(       ) તે રાત્રે ૧૦ વાગ્યા સુધી લેસન લખીને ઊંઘી ગયો હતો.

**તમારી શાળાના તમને ગમતા શિક્ષક પાસે જાઓ, તેમને પૂછો અને લખો.**

- શિક્ષકનું નામ :
- ગઈકાલે તેમણે આખા દિવસમાં શું કર્યું હતું?

  ૧. ______________________________

  ૨. ______________________________
- અત્યારે તેઓ શું કરી રહ્યા છે?

  ૧. ______________________________

  ૨. ______________________________
- આવતીકાલે તેઓ આખા દિવસમાં શું કરશે?

  ૧. ______________________________

  ૨. ______________________________

**સમય બતાવતા શબ્દોને તેને અનુરૂપ 'અગાઉ', 'અત્યારે' અને 'હવે પછી'ના ખાનામાં લખો.**

(ગયા રવિવારે, હાલમાં, બે દિવસ બાદ, આજે, અબ્બીહાલ, ઈ.સ. ૨૦૧૬માં, પરમ દિવસે, અઠવાડિયા પહેલાં, ઈ.સ. ૨૦૯૪માં, હમણાં, આવતા મહિને)

| અગાઉ ← | અત્યારે ● | હવે પછી → |
|---|---|---|
| | | |
| | | |
| | | |
| | | |







મને ગમતા શબ્દો

## સાંભળો, ઝીલો અને ગાઓ.

### બોખ્ખો મગર



એક બિલાડી જાડી પાડી એ તો પહેરે જીન્સ
એનાં બે નાનકડાં બચ્ચાં બ્લેક એન્ડ વ્હાઈટ ટ્વિન્સ
રોજ સવારે તળાવકાંઠે બધ્ધાં ફરવા જાય
લુચ્ચા મગરભાઈના મોમાં પાણી આવી જાય
મીઠું મીઠું સ્માઈલ આપી એ સૌને લલચાવે
બચ્ચાંને પણ ખબર હતી કે બિલ્લી એને ભાવે
મૉડર્ન બિલ્લી જોઈ મગરનું ચિત્ત ચડે ચકરાવે
આ તે કેવી બિલ્લી જેને ચક્કર પણ ના આવે!



મને ગમતા શબ્દો



એક દિવસ તો બિલ્લીબાઈએ મનમાં વાળી ગાંઠ
કદી ભૂલે નહીં એવો શીખવું મગરભાઈને પાઠ
કપડાંની એક જાડી બિલ્લી બિલ્લીબાઈ લઈ આવ્યાં
સરસ મજાની સાડી ઉપર ગોગલ્સ પણ પહેરાવ્યાં
તળાવ પાળે લઈ જઈ એને તરતી મૂકી દીધી
ઝટપટ લગાવી છલાંગ મગરભાઈએ બિલ્લી ઝડપી લીધી
કપડાંની બિલ્લીમાં પથ્થર સંતાડ્યા'તા સાત
તડ તડ તડ તડ તડાક તૂટ્યા મગરભાઈના દાંત
બિલ્લીબહેન ને મગરભાઈનો હિસાબ થઈ ગયો ચોખ્ખો
તળાવમાં તો બધા જ ખીજવે આવ્યો મગર બોખ્ખો.

- કૃષ્ણ દવે





મને ગમતા શબ્દો

● **વાતચીત :**

- ગીતમાં તમને સૌથી વધુ મજા ક્યારે આવી?
- તમે જો બિલાડી પાળો તો તેને શું શું પહેરાવો?
- બિલાડી અને તેનાં બચ્ચાં તળાવે ફરવા જઈને શું શું કરતાં હશે?
- કોઈને ચક્કર આવે ત્યારે તેને શું શું થતું હશે?
- તમારા ઘરમાં કોણ સાડી પહેરે છે?
- તમારા દાંત પડે ત્યારે તમને શું થાય?
- દાંત ન હોય તેને તમે શું કહો છો?
- તમે તમારા મિત્રને શું કહીને ખીજવો છો?
- તમને કોઈ ખીજવે ત્યારે તમને કેવું લાગે છે?

**વાક્ય ઉપરથી કાવ્ય પંક્તિ શોધો :**

૧. એનાં બે નાનકડાં બચ્ચાં બ્લેક એન્ડ વ્હાઇટ ટ્વિન્સ

(અ) મગરનાં બે નાનાં નાનાં બચ્ચાં હતાં.

(બ) બિલ્લીને બે કાળાં જોડિયાં બચ્ચાં હતાં.

(ક) બિલ્લીને કાળું અને સફેદ એવાં બે જોડિયાં બચ્ચાં હતાં.

૨. મૉડર્ન બિલ્લી જોઈ મગરનું ચિત્ત ચડે ચકરાવે.

(અ) મૉડર્ન નામની બિલ્લી જોઈ મગરને ચક્કર આવ્યાં.

(બ) મૉડર્ન બિલ્લીને જોઈ મગરનું ચિત્ત ચક્કર ઉપર ચડ્યું.

(ક) નવા જમાનાની બિલ્લી જોઈ મગરના મનમાં કેટલાય વિચારો થયા.

૩. કપડાંની એક જાડી બિલ્લી બિલ્લીબાઈ લઈ આવ્યાં.

(અ) બિલ્લી કપડાંની એક જાડી બિલાડી બનાવીને લઈ આવી.

(બ) કપડાંની એક બિલાડી જાડી બિલ્લીને લઈને આવી.

(ક) જાડી બિલ્લી કપડાં પહેરીને આવી.

૪. બિલ્લીબહેન મગરભાઈનો હિસાબ થઈ ગ્યો ચોખ્ખો.

(અ) બિલાડી અને મગરનો ગંદો થઈ ગયેલો હિસાબ ચોખ્ખો થઈ ગયો.

(બ) મગર અને બિલાડીના પૈસાનો હિસાબ પૂરો થઈ ગયો.

(ક) નવી બિલાડીએ જૂની બિલાડીનો બદલો લીધો.

મને ગમતા શબ્દો





- **ચાલો, ગાઈએ ગીતડું : એક જાદુગર એવો...**

**⬡ પ્રશ્નના જવાબ કહો.**

૧. બિલાડીને શું પહેરવું ગમતું હતું?
૨. બિલ્લીનાં બચ્ચાંને લલચાવવા મગરભાઈ શું કરતા હતા?
૩. મગરભાઈના મોંમાં પાણી કેમ આવતું હતું?
૪. મગરને બોખ્ખો કેમ કહે છે?
૫. બિલાડીને ચક્કર નથી આવતાં તેની મગરને નવાઈ કેમ લાગી?
૬. મગરભાઈને પાઠ ભણાવવા બિલાડીએ શું કર્યું?

**⬡ બિલાડીને લાગુ પડતું હોય ત્યારે 'મ્યાઉં' બોલો અને મગરભાઈને લાગુ પડતું હોય ત્યારે 'વાઉં' બોલો.**

૧. એનાં બે કાળાં અને સફેદ બચ્ચાં કેવાં સુંદર છે!
૨. અરે આને હું ખાઉં તો કેવી મજા આવે...!
૩. હું શું કરું કે જેથી આના દાંત તૂટી જાય?
૪. ઓ મા! મારા દાંત તૂટી ગયા, મને તો બહુ દુખ્યું.
૫. લાવ, એને ગોગલ્સ પહેરાવું.
૬. આ તો જો, મારાથી જરાય ડરતી નથી.

**⬡ તમે નાના હતા ત્યારનો અને અત્યારનો તમારો ફોટો લગાવો.**

| નાનપણનો ફોટો | અત્યારનો ફોટો |
| --- | --- |
| | |

- **વાતચીત :**

૧. તમે નાનાં હતાં ત્યારે ઘરમાં તમારું હુલામણું નામ શું હતું?
૨. તમે જે ફોટો લગાવ્યો એ ફોટો ક્યાં પડાવ્યો હતો?
૩. તમે નાનાં હતાં ત્યારે તમને શું બહુ ભાવતું હતું?
૪. ફોટામાં જે કપડાં પહેર્યાં છે તે કોણે અપાવ્યાં હતાં?
૫. તમે નાનાં હતાં ત્યારે તમને શાની બીક લાગતી?
૬. તમે નાનાં હતાં ત્યારે તમને કોઈ વાર્તા ગમતી હતી? કઈ?

## તમારા વિશે લખો.

| | |
|---|---|
| મારું ઘરનું નામ ________ હતું. | અત્યારે મારું નામ ________ છે. |
| મને ________ , ________ ભાવતું હતું. | હવે મને ________ ભાવે ________ |
| મને ________ બીક લાગતી ________ | અત્યારે મને ________ બીક લાગે ________ |
| મને ________ વાર્તા ગમતી ________ | હવે મને ________ વાર્તા ________ |
| પહેલાં ________ મારે બનવું ________ | મારે ________ ________ ________ |


## જરા હસીએ...

ધૈર્ય : આ વર્ષનું એક કૅલેન્ડર આપજો ને.

દુકાનદાર : કેવું આપું?

ધૈર્ય : ઘણી બધી રજાઓવાળું.

## શબ્દપોટલીમાં શબ્દ ભરો.




## લગભગ સરખા :

**બાળ**-નાનો બાળક; **ટહુકો**-એક પ્રકારનો મધુર અવાજ; **હરખાતાં**-ખુશ થતાં; **તદ્દન**-એકદમ; **લોંદો**-પલળેલા કાગળનો ડૂચો; **પવન વાય**-પવન આવે; **ચગે**-ઉપર ઊડે; **હૂંફાળું**-થોડું ગરમ; **મુખી**-મુખ્ય વ્યક્તિ; **પોકારવું**-મોટેથી બોલવું; **નવે ગામ**-નવા ગામમાં; **ડોહો**-ડોસો, ઘરડો; **ગુલ થવું**-ગાયબ થવું; **સંગમસ્થાન**-બે પ્રવાહ ભેગા થાય તે જગ્યા; **કટાયેલી**-કાટ લાગેલી વસ્તુ; **સ્તબ્ધ થવું**-આશ્ચર્ય થવું; **વેરાઈને**-છૂટુંછૂટું; **અબરખ**-એક પ્રકારનો પદાર્થ; **ચિત્ત ચકરાવે ચડ્યું**-મનમાં આડાઅવળા વિચારો આવવા; **રજની**-રાત્રિ, રાત; **બેબાકળી**-ગભરાયેલી; **ટ્વિન્સ**-જોડિયાં બાળકો.





| ૬ | # જીવવા દો અને જીવો |
|---|---|

E9U4T3

## ચાલો, ગાઈએ ગીતડું :

પાટીમાં ઘૂંટ્યા'તા દાદાએ કક્કા ને
પપ્પા પણ વાપરતા સ્લેટ
રે! મારી પાસે છે મારું ટેબલેટ!

નાનકડી હતી ત્યારે મમ્મી તો ઊંચકતી
ચોપડાંનો દફતરમાં ભાર
વાત એની સાંભળીને દાદી તો હસતી
'હું ભણી છું ચોપડી જ ચાર'

મારે તો હાથવેંત પુસ્તક હજાર, બસ
ચાલુ જો હોય ઈન્ટરનેટ
રે! મારી પાસે છે મારું ટેબલેટ!

દાદાએ દસ વાર, પપ્પાએ પાંચ વાર,
પકડ્યા'તા સ્કૂલમાં અંગૂઠા
દાદાની ગિલ્લી ને પપ્પાના બોલબેટ
મારા તો ખેલ સૌ અનૂઠા


દાદાના જેવડો હું થઈશ ત્યારે કિડ્ઝ
શું ભણશે, શું રમશે એક્ઝેક્ટ?
રે! મારી પાસે છે મારું ટેબલેટ!






મને ગમતા શબ્દો

બન્ને ચિત્રો જુઓ. ચિત્રમાં શું થઈ રહ્યું છે? કહો.



વાર્તા વાંચો.

## ટાઈમ-ટ્રાવેલ



વિમાન જેવા દેખાતા વિચિત્ર વાહનમાં ફિન્ટી ચડી ગયો. તે વાહનમાં બેસીને સદીઓ પહેલાંના અને સદીઓ પછીના સમયમાં મુસાફરી કરી શકાતી હતી. ઈ.સ. ૨૦૯૪નું વર્ષ ચાલી રહ્યું હતું અને આવું વાહન દુનિયામાં આ પહેલું જ હતું. તેનું નામ રાખવામાં આવ્યું હતું - ટાઈમ શટલ. આમ તો આ વાહનનો ઉપયોગ માત્ર વિજ્ઞાનીઓ જ કરતા હતા - એ પણ માત્ર સંશોધનો કરવા માટે. જોકે ફિન્ટીએ જુરાસિક યુગ અને ડાયનાસોર જોવા માટે મંજૂરી મેળવી લીધી હતી. આ સફરમાં તેની સાથે ગાઈડ ડૉ. આશા જાની, સલામતી અધિકારી મિ. દેવરાજ અને જુરાસિક કાર્યક્રમ અધિકારી મિ. ફિરદૌસ વહોરા પણ હતાં.

મને ગમતા શબ્દો

અમદાવાદ અને ગાંધીનગર વચ્ચે એક પ્રયોગશાળા હતી. તેમાં મૂકેલું આ વિમાન (ટાઇમ શટલ) થોડી જ વારમાં શરૂ થયું. શરૂ થતાં જ તેમાંથી જબરજસ્ત અવાજ આવી રહ્યો હતો. ધીમે ધીમે તેની સ્પીડ વધી રહી હતી. ફિરદૌસે ફિન્ટીને આખો કાર્યક્રમ સમજાવવાનું શરૂ કર્યું, ‘‘જુઓ, મિ. ફિન્ટી, અમે ટાઇમ શટલમાં ડાયનાસોરના સમયમાં પહોંચવાની ગોઠવણ કરી દીધી છે. ધ્યાન રહે, ત્યાં આપણે વિશાળ ડાયનાસોરથી લઈને નાનામાં નાના જીવની ખૂબ જ કાળજી લેવી પડશે.’’ ફિન્ટી બોલ્યો, ‘‘તે બધું તો ઠીક છે હવે! પણ માનો કે તેમાંનું કોઈ આપણા પર હુમલો કરવા આગળ વધે, તો તો પછી...’’ ફિરદૌસે કહ્યું, ‘‘અમે દરેક બાબતની ખૂબ કાળજી લેતા હોઈએ છીએ. આપણે ત્યાં ચોક્કસ જગ્યા પર ઊભા રહેવાનું છે. ત્યાં સ્થિર ઊભા રહેવાથી કોઈ પ્રાણી આપણને નુકસાન નહિ પહોંચાડી શકે. આપણે તે સમયનાં બધાં જ જીવોનું રક્ષણ કરવાનું છે. એક નાનકડી કીડીને પણ મારવાનું વિનાશક પરિણામ આવી શકે છે. મિ. દેવરાજ આપણા સલામતી અધિકારી છે. આપણે તેમની સૂચનાઓનો ચુસ્તપણે અમલ કરવાનો છે.’’ ફિન્ટી મનમાં ને મનમાં બોલ્યો, ‘‘હ્અ... કીડી! આવા જીવજંતુઓ પૃથ્વી પર હોય તોય શું ને ન હોય તોય શું!’’

ટાઇમ શટલના બૉર્ડ પર ટાઇમ મીટર ફરી રહ્યું હતું. ૨૦૯૩... ૨૦૯૨... ૨૦૧૦... ૧૦૦૦... ૧૦૦... ૦... ઈ.સ. પૂર્વે ૧૦૦... ૧૦૦૦... ૧૦૦૦૦... ૧ લાખ... ૧૦ લાખ... ૧ કરોડ... ૧૦ કરોડ... એમ કરતાં કરતાં તેઓ છેક ઈ.સ. પૂર્વે ૨૪ કરોડના વર્ષમાં પહોંચી ગયાં. શટલ અટક્યું ને દરવાજો ખૂલ્યો. બહાર લીલીછમ વનરાજી અને ભેજવાળી જમીન દેખાઈ રહી હતી. સફેદ રંગના ધાતુના નિશાન બતાવી દેવરાજે કહ્યું, ‘‘મિ. ફિન્ટી, તમારે ફક્ત આ નિશાન પર જ ચાલવાનું છે. એનાથી બહાર જવાની તમને મંજૂરી નથી.’’ ફિન્ટીએ દેવરાજની વાત સાંભળી-ન સાંભળી કરી અને એક સુંદર ફૂલને જોતાં જ તેને તોડવા પોતાનો હાથ લંબાવ્યો. ફિરદૌસે તેને દેવરાજની વાત યાદ કરાવી અટકાવ્યો. ફિન્ટી બોલ્યો, ‘‘હું તો માત્ર ફૂલ તોડી રહ્યો હતો. કાંઈ ફરક પડી જાય! હ્અ...’’ પછી તે આમતેમ જોવા લાગ્યો.



થોડા સમય પછી ડૉ. આશા જાનીએ કહ્યું, ‘‘મિ. ફિન્ટી, થોડી જ વારમાં ડાયનાસોર તમારી ડાબી બાજુથી પસાર થશે. તમે લગભગ પાંચેક મિનિટ સુધી તેને જોઈ શકશો. તમે તેને કૅમેરાથી શૂટ પણ કરી શકો છો.’’ ફિન્ટીએ પોતાનો મોંઘો



મને ગમતા શબ્દો

ડિજિટલ કૅમેરો સંભાળ્યો. થોડીવારમાં ડાયનાસોર નજીક આવ્યું. તેનું શરીર ડુંગર જેવું વિશાળ હતું. ઝાડના થડ જેવા જાડા તેના પગ હતા. પેટ જોતાં એવું લાગતું હતું કે જાણે તેણે હમણાં જ એકસાથે ત્રીસ હાથી ખાધા હશે. તેના શરીરમાંથી વિચિત્ર ગંધ આવી રહી હતી. અચાનક ડાયનાસોરે માથું ફિન્ટી તરફ ફેરવ્યું અને એક ભયાનક ગર્જના કરી. આવા વિશાળકાય ડાયનાસોરને જોઈને અને તેની ભયાનક ગર્જના સાંભળીને ફિન્ટી ફફડી ગયો. તેના હાથમાંથી કૅમેરો પડી ગયો. જીવ બચાવવા તે જંગલ તરફ ભાગ્યો. થોડી જ વારમાં તે જંગલમાં ગાયબ થઈ ગયો. દેવરાજે પોતાની સ્પેશિયલ ગન વડે ડાયનાસોરને થોડી સેકન્ડ માટે બેભાન કરી દીધું. ત્રણેય ફિન્ટીને શોધવા માટે જંગલમાં ગયાં. જ્યારે પાછાં આવ્યાં ત્યારે ચારેયના પગ કાદવથી ખરડાયેલા હતા. ફિન્ટી થોડા ડર અને થોડી બેફિકરાઈ સાથે બોલ્યો, ‘‘ચાલો પાછા, મારે આવો ભયાનક પ્રવાસ નથી કરવો.’’ ત્રણેય ગુસ્સે થઈ તેની સામે જોઈ રહ્યાં.

ફિરદૌસ વહોરાએ ટાઈમ શટલમાં ફરીથી ઈ.સ. ૨૦૯૪માં જવા માટેનું સેટિંગ કર્યું. ટાઈમ શટલના બૉર્ડ પર ટાઈમ મીટર ફરી રહ્યું હતું. ઈ.સ. પૂર્વે ૨૪ કરોડ વર્ષ... ૧૦ કરોડ... ૧ કરોડ... ૧૦ લાખ... ૧ લાખ... ૧૦૦૦૦... ૧૦૦૦... ૧૦૦... ૦... ઈ.સ. ૧૦૦... ૧૦૦૦... ૨૦૧૦... ૨૦૯૨... ૨૦૯૩... અને છેલ્લે તેઓ ઈ.સ. ૨૦૯૪ના વર્ષમાં પહોંચી ગયાં. શટલ અટક્યું ને દરવાજો ખૂલ્યો. બહાર આવીને ચારેયે જોયું તો તેઓ પ્રયોગશાળામાં નહોતાં. તેમની આસપાસ નજર પહોંચે ત્યાં સુધી ઉજ્જડ રણ ફેલાયેલું હતું. દૂરદૂર સુધી એક પણ ઝાડ દેખાતું નહોતું, પાણી નહોતું, માત્ર સૂર્યનો બળબળતો તાપ વરસી રહ્યો હતો.

ડૉ. આશા જાનીએ જોયું કે ફિન્ટીના કાદવવાળા પગ પર એક મરેલું પતંગિયું ચોંટેલું હતું.

## વાતચીત :

- વાર્તામાં તમને સૌથી વધુ શું ગમ્યું?
- વાર્તામાં તમને શું ન ગમ્યું?
- વાર્તામાં તમને સૌથી વધુ આશ્ચર્ય ક્યારે થયું?
- આવું થાય તે તમને શક્ય લાગે છે?
- ટાઈમ શટલમાં મુસાફરી કરવાની તક મળે, તો તમને કયો સમય જોવા જવું ગમે?
- ઈ.સ. ૨૦૯૪માં તમે કેટલા વર્ષના હશો?
- ફિન્ટીએ શું ભૂલ કરી?
- જો તમે ફિન્ટી હોત તો તમે શું ન કર્યું હોત?
- તમે સલામતી અધિકારી હો તો તમે શું કરો?
- આ વાર્તામાં તમને કઈ વાત ન સમજાઈ?

મને ગમતા શબ્દો





(અ) અને (બ) ઉદાહરણ મુજબ જોડો. આ રીતે બનતું વાક્ય મોટેથી વાંચો.

| (અ) | (બ) |
|---|---|
| ૧. ફિન્ટી | A. માર્ગદર્શિકા હતાં. |
| ૨. ટાઈમ શટલ | B. જુરાસિક કાર્યક્રમ અધિકારી હતા. |
| ૩. ફિરદૌસ વહોરા | C. બેફિકર હતો. |
| ૪. આશા જાની | D. મહાકાય અને બિહામણું પ્રાણી હતું. |
| ૫. દેવરાજ | E. અમદાવાદ અને ગાંધીનગર વચ્ચે આવેલી હતી. |
| ૬. પ્રયોગશાળા | F. ટાઈમ ટ્રાવેલ કરવાનું મશીન હતું. |
| ૭. ડાયનાસોર | G. સલામતી અધિકારી હતા. |

ઉદા. : (૧-C), (૨- ), (૩- ), (૪- ), (૫- ), (૬- ), (૭- )

ફકરો વાંચો. વાર્તાનાં આપેલાં વાક્યોમાં લીટી દોરેલ શબ્દની નજીકનો અર્થ મળે એવા શબ્દવાળું વાક્ય ફકરામાંથી શોધો. તે વાક્ય નીચે લીટી કરી ક્રમ લખો.

નાનકડા માહિનને ફરવા જવું બહુ ગમતું. તેની મમ્મી તેની ખૂબ જ દરકાર રાખતી. વૅકેશન પડે એ પહેલાં જ મમ્મીએ બધો બંદોબસ્ત કરી લીધો. જેવું વૅકેશન પડ્યું કે બંને પ્રવાસે નીકળી પડ્યાં. મમ્મી ગાડી ચલાવે ને માહિન બારીએથી જાતજાતનું બધું જુએ, પવનમાં પોતાનો હાથ લહેરાવે ને ખુશ થાય. અચાનક માહિનને કંઈક જુદો જ (૧) અવાજ સંભળાયો. તેને લાગ્યું કે થોડે દૂરની વેરાન જગ્યાએથી કોઈક વ્યક્તિ મદદ માટે બોલાવી રહી છે. ગાડી ઊભી રખાવીને મમ્મીને સાથે લઈ માહિન તે અવાજની દિશામાં પહોંચ્યો. કોઈક વ્યક્તિ મેલાં કપડાંમાં અને લોહીલુહાણ હાલતમાં ત્યાં પડેલી હતી. લાગતું હતું કે હમણાં જ તે ભાન ગુમાવી દેશે. મમ્મી અને માહિન બંને વિચારવા માંડ્યાં કે તેનો જીવ બચાવવા માટે શું કરી શકાય!

૧. વિમાન જેવા દેખાતા વિચિત્ર વાહનમાં ફિન્ટી ચડી ગયો.
૨. તે વાહનમાં બેસીને સદીઓ પહેલાંના અને સદીઓ પછીના સમયમાં મુસાફરી કરી શકાતી હતી.
૩. જુઓ, મિ. ફિન્ટી, અમે ટાઈમ શટલમાં ડાયનાસોરના સમયમાં પહોંચવાની ગોઠવણ કરી દીધી છે.
૪. ધ્યાન રહે, ત્યાં આપણે વિશાળ ડાયનાસોરથી લઈને નાનામાં નાના જીવની ખૂબ જ કાળજી લેવી પડશે.
૫. દેવરાજે પોતાની સ્પેશિયલ ગન વડે ડાયનાસોરને થોડી સેકન્ડ માટે બેભાન કરી દીધું.

બંને હાથ ફેલાવી પગ ખસેડ્યા વગર કાનની જગ્યાએ નાક આવે ત્યાં સુધી ડાબેથી જમણે, જમણેથી ડાબે ફરો. તે પછી આપેલ વાક્ય વાંચો અને સમજો. તેના આધારે આપેલા વાક્યોમાંથી જે ખરું હોય તેની આગળના (   )માં ✓ કરો અને જે ખોટું હોય તેની આગળના (   )માં **x** કરો.

- ફિન્ટીએ દેવરાજની વાત સાંભળી-ન સાંભળી કરી અને એક સુંદર ફૂલને જોતાં જ તેને તોડવા પોતાનો હાથ લંબાવ્યો.

(   ) ફિન્ટી સરખું સાંભળી શકતો નહોતો.

(   ) ફિન્ટીએ ફૂલ તોડવાનો પ્રયત્ન કર્યો.

(   ) દેવરાજ ખૂબ જ ધ્યાનથી ફિન્ટીની વાત સાંભળી રહ્યો હતો.

(   ) ફિન્ટી ખૂબ જ ધ્યાનથી દેવરાજની વાત સાંભળી રહ્યો હતો.

(   ) ફિન્ટીએ દેવરાજે આપેલી સૂચનામાં ધ્યાન ન આપ્યું.

(   ) ફિન્ટીએ ફૂલ તોડ્યું.

(   ) ફિન્ટીના હાથ લાંબા હતા.

(   ) ફિન્ટીને ફૂલ જોતાંની સાથે જ ગમી ગયું હતું.

- ચાલો, ગાઈએ ગીતડું : પાટીમાં ઘૂંટ્યા'તા...

વિકલ્પોમાંથી સાચા અર્થવાળું વાક્ય શોધી ✓ કરો.

**૧. એક જબરદસ્ત અવાજ સાથે શરૂ થયેલ મશીન ધીમે ધીમે પોતાની સ્પીડ વધારતું જતું હતું.**

(અ) મશીનમાંથી ધીમે ધીમે અવાજની સ્પીડ વધતી જતી હતી.

(બ) મશીનમાંથી અવાજ ધીમો આવતો હતો પણ તેની સ્પીડ વધુ હતી.

(ક) મશીનમાંથી અવાજ વધુ આવતો હતો અને તેની સ્પીડ વધતી જતી હતી.

**૨. ધ્યાન રહે, ત્યાં આપણે વિશાળ ડાયનાસોરથી લઈને નાનામાં નાના જીવની ખૂબ જ કાળજી લેવી પડશે.**

(અ) આપણે બધા જ જીવોની સેવા કરવાની છે.

(બ) આપણે કોઈપણ જીવને નુકસાન ન પહોંચે તેનું ધ્યાન રાખવાનું છે.

(ક) જો આપણે કોઈ જીવને નુકસાન પહોંચાડીએ તો પછી તેની કાળજી પણ લેવી જોઈએ.

**૩. એક નાનકડી કીડીને પણ મારવાનું વિનાશક પરિણામ આવી શકે છે.**

(અ) એક નાની કીડીને મારવાથી એના દરની બીજી કીડીઓનો પણ નાશ થઈ જાય છે.

(બ) એક નાની કીડીને મારવાથી એના દરની બીજી કીડીઓ આપણો વિનાશ કરી દે છે.

(ક) એક નાની કીડીનો જીવ પણ પૃથ્વી પરના જીવનચક્ર (લાઇફ સાયકલ) માટે ખૂબ અગત્યનો હોય છે.

**૪. ફિન્ટીના કાદવવાળા પગ પર એક મરેલું પતંગિયું ચોંટેલું હતું.**

(અ) કાદવને કારણે મરેલું પતંગિયું ફિન્ટીના પગ પર ચોંટી ગયું હતું.

(બ) ફિન્ટીને કાદવવાળું પતંગિયું ગમ્યું હતું. આથી તેણે તેને પોતાના પગ પર ચોંટાડ્યું.

(ક) ના પાડવા છતાં ફિન્ટીએ તે સમયના એક જીવને નુકસાન પહોંચાડ્યું હતું.

**૫. તેમની આસપાસ નજર પહોંચે ત્યાં સુધી ઉજ્જડ રણ ફેલાયેલું હતું... ફિન્ટીના કાદવવાળા પગ પર એક મરેલું પતંગિયું ચોંટેલું હતું.**

(અ) ટાઇમ શટલ ચારેયને કોઈક બીજા સ્થળે લઈ ગયું હતું.

(બ) ટાઇમ શટલ ભૂલથી ઈ.સ. પૂર્વે ૨૪ કરોડ કરતાંય જૂનાં વર્ષોમાં જતું રહ્યું હતું.

(ક) એક પતંગિયાના મૃત્યુથી જીવનચક્ર પર અસર થઈ. તેના પરિણામે અનેક વર્ષો પછી શહેર ઉજ્જડ બની ગયું હતું.

## આવું વાક્ય કોણ બોલી શકે? કૌંસમાંથી શોધીને લખો.

(મિ. ફિરદૌસ વહોરા, પતંગિયું, ડૉ. આશા જાની, ડાયનાસોર, ટાઇમ શટલ)

૧. ફિન્ટી, હું હમણાં તને ખાઈ જઈશ. ____________

૨. હું તમને એક પછી એક દરેક જગ્યા જોવા લઈ જઈશ. ____________

૩. આપણે દેવરાજ સાહેબની બધી જ સૂચનાઓ માનવાની છે. ____________

૪. તમે બધાં તો થોડા થોડા દિવસે મારામાં બેસીને છેક ક્યાં ક્યાં વર્ષોમાં ફરવા જાઓ છો! ____________

૫. મારા સુંદર રંગો જોઈને મને મારી નાખવાનું? ____________



મને ગમતા શબ્દો

## ⬡ સાચા વિકલ્પની સામે ✓ કરો.

૧. ફિન્ટીએ ટાઈમ શટલમાં બેસીને કયા સમયમાં મુસાફરી કરી હતી?
( ) જે સમયમાં હતો તેના પછીના સમયમાં
( ) જે સમયમાં હતો તેના પહેલાંના સમયમાં
( ) પહેલાના સમય કરતાં પહેલાંના સમયમાં

૨. વિજ્ઞાનીઓ ટાઈમ શટલનો ઉપયોગ શાને માટે કરતા હતા?
( ) ડાયનાસોર જોવા માટે
( ) એક દેશમાંથી બીજા દેશમાં જવા માટે
( ) એક સમયમાંથી બીજા સમયમાં જવા માટે

૩. ફિન્ટી કીડી જેવા જીવજંતુઓ વિશે શું માનતો હતો?
( ) કીડી જીવે કે ન જીવે શો ફેર પડે?
( ) કીડીને પગ નીચે કચડીએ તો જીવનચક્ર પર અસર થાય.
( ) એક નાનકડી કીડીને પણ મારવાનું વિનાશક પરિણામ આવી શકે છે.

૪. ટાઈમ શટલ વર્ષ ૨૦૯૪માં પાછું આવ્યું ત્યારે ત્યાં મોટા શહેરની જગ્યાએ ઉજ્જડ રણ કેમ બની ગયું હશે?
( ) ફિન્ટી જેવા કેટલાય લોકો એ બધા જીવોનું રક્ષણ કરતાં નહોતા એટલે પૃથ્વી પરના જીવો નાશ પામ્યા હતા.
( ) વિજ્ઞાનીઓએ વિચાર્યું કે ફિન્ટીને વર્ષ ૨૦૯૪નું રણ બતાવીએ.
( ) હવે પછી વર્ષ ૨૦૯૪ના વર્ષમાં ડાયનાસોર હોવાની સૌને ધારણા હતી.

## ⬡ બે-ત્રણ વાક્યમાં જવાબ લખો.

૧. ટાઈમ શટલ વિશે લખો.
૨. ડાયનાસોર કેવું દેખાતું હતું?
૩. ડાયનાસોરને જોઈને ફિન્ટીએ શું કર્યું?
૪. ફિન્ટીની સાથે સલામતી અધિકારી મિ. દેવરાજને કેમ મોકલવામાં આવ્યા હતા?

## ⬡ વાક્યોને વાર્તાની ઘટના મુજબનો ક્રમ આપો.

( ) ત્રણેય ફિન્ટીને જંગલમાંથી શોધીને લઈ આવ્યાં.
( ) ફિન્ટીનો પગ પતંગિયા પર પડ્યો.
( ) આજુબાજુમાં શહેરના બદલે ઉજ્જડ રણ દેખાતું હતું.
( ) ફિન્ટી જંગલમાં ભાગી ગયો.

મને ગમતા શબ્દો



( ) એક વિશાળકાય ડાયનાસોર આવ્યું.
( ) દેવરાજે ડાયનાસોરને બેભાન કરી દીધું.
( ૧ ) ટાઈમ શટલનું મીટર ઈ.સ. પૂર્વે ૨૪ કરોડના વર્ષમાં પહોંચ્યું.
( ) ટાઈમ શટલનું મીટર ઈ.સ. ૨૦૯૪ના વર્ષમાં પાછું આવ્યું.

**● ચાલો, ગાઈએ ગીતડું : પાટીમાં ઘૂંટ્યા'તા...**

**⬡ નિશાની જુઓ અને વાક્યો વાંચો.**

| ← | ● | → |
| --- | --- | --- |
| ● અગાઉ મારી પાસે ભૂખરા લાલ રંગની પેન્સિલ હતી.<br>● તેનાથી ખૂબ જ આછા અક્ષરે લખાતું હતું. | ● અત્યારે મારી પાસે આસમાની રંગની પેન્સિલ છે. તે ગુલાબી રંગમાં પણ મળે છે.<br>● તેનાથી ઘાટા અક્ષરે લખાય છે. | ● હું હવે પછી એવી પેન્સિલ ખરીદીશ કે જે રંગબેરંગી હશે. તેના પર ચટાપટાવાળી ડિઝાઈન હશે. તેના માથે ઢીંગલાનું મોઢું હશે.<br>● તેનાથી લખવાની મને બહુ મજા પડશે માટે મારા અક્ષર પણ વધુ સુંદર થશે. |

**⬡ તમારી પાસે એવી ઘણીબધી વસ્તુઓ હશે કે જે પહેલા જુદી જાતની હતી, આજે વધુ સારી છે અને હજી વધુ સારી મેળવવાની તમારી ઈચ્છા હશે. તેના વિશે બે-બે વાક્યો બોલો.**

**⬡ વાક્યો વાંચો. વાક્યમાં અગાઉની વાત હોય તો વાક્યની પાછળ ←— કરો. અત્યારની વાત હોય તો ● કરો. હવે પછીની વાત હોય તો —→ કરો.**

૧. પતરંગા પાર્કના પ્રવાસીઓ કુક્કુટ કબીલામાં છે. ●
૨. લાડુને જોતાં જ મોટુજીની તિજોરીનું બારણું ઊઘડી જશે.
૩. ઠંડક તો ચાંદા અને તારાની પાસે જ રહે છે.
૪. હવે પછી ગરુડરાજ પ્રમુખપદ સંભાળશે. —→
૫. કેટલીક કીડીઓ ચૉકલેટની કાતળીને ઢસડીને લઈ ગઈ.
૬. ફિન્ટી 'ટાઈમ શટલ' મશીનમાં બેઠો છે.
૭. ભલાભાઈ આગેકૂચના પાક્કા ભાઈબંધ હતા. ←—



૮. ફિન્ટી, ત્યાં આપણે દરેક જીવની કાળજી લેવી પડશે.
૯. મોટા માંચડા પર કબીલાના મહારાજ બિરાજમાન હતા.
૧૦. ભોપુદાદાનાં વહુએ કથરોટ ભરીને લાડુ બનાવ્યા.

## (અ) અને (બ) જોડી વાક્યો બનાવો. તે વાક્ય <u>અગાઉનું છે./અત્યારનું છે./હવે પછીનું છે.</u> તે લખો.

| (અ) | (બ) |
|---|---|
| હું આવતીકાલે | ખાવાનું બહુ મન થાય છે. |
| મેં ગઈકાલે ચકલીને | જાદુનો ખેલ જોવા લઈ જશે. |
| સોનલને આજે પેંડા | સંતાકૂકડી રમીશ. |
| બે વર્ષ પહેલાં મેં | ગાઈએ છીએ. |
| અમે અત્યારે ગીતો | એક રૉબોટ ખરીદ્યો હતો. |
| ભૂમિકા પરમદિવસે તથ્યને | ચીં ચીં બોલતાં સાંભળી હતી. |

૧. હું આવતીકાલે સંતાકૂકડી રમીશ. - હવે પછીનું છે.
૨. ______ - ______
૩. ______ - ______
૪. ______ - ______
૫. ______ - ______
૬. ______ - ______

## ખોટા શબ્દો છેકી નાખો.

૧. ગઈકાલે મેં ગુલાબજાંબુ **ખાધાં હતાં/ખાઉં છું/ખાઈશ.**
૨. પોપટ મરચું ખાય **હતું/છે/હશે.**
૩. અત્યારે અમે પાંચમા ધોરણમાં **ભણતાં હતાં/ભણીએ છીએ/ભણીશું.**
૪. આવતા દિવાળી વૅકેશનમાં અમે સોમનાથ ફરવા **ગયાં હતાં/જઈએ છીએ/જઈશું.**
૫. ગયા વર્ષે મારાથી પ્રૉજેક્ટ સારી રીતે **બન્યો નહોતો/બન્યો નથી/બનશે નહિ.**
૬. મારા દાદા આવતીકાલે અમદાવાદમાં **હતા/છે/હશે.**

- **ચાલો, ગાઈએ ગીતડું : પાટીમાં ઘૂંટ્યા'તા...**

મને ગમતા શબ્દો





## કૌંસમાંથી યોગ્ય વિકલ્પ મૂકી પત્ર પૂર્ણ કરો.

વહાલી જોલીદીદી,

હું અહીં મજામાં ________ (હતી, છું હશે). તું પણ ત્યાં મજામાં ________ (હતી, છે, હોઈશ). તને મારો પત્ર જોઈને નવાઈ લાગી ________ (હતી, છે, હશે). મેં એક સરસ વાત કહેવા માટે તને પત્ર ________ (લખતી હતી, લખ્યો છે, લખશે). આજે અમે શાળામાં 'ટાઈમ-ટ્રાવેલ' નામની એક મસ્ત વાર્તા ભણ્યાં. તેમાં ફિન્ટી નામના એક છોકરાની વાત આવી હતી. તે 'ટાઈમ શટલ' મશીનમાં બેસીને છેક ઈ.સ. પૂર્વે ૨૪ કરોડમાં ગયો ________ (હતો, છે, હશે). તેણે ત્યાં ડાયનાસોર ________ (જોયું હતું, જોયું છે, જશે).

દીદી, તને યાદ ________ (હતું, છે, હશે) કે આપણે ઉનાળામાં ધાબે સૂતાં ________ (હતાં, છીએ, હશે) ત્યારે ચાંદા-તારાની ને આવી બધી જાતજાતની વાતો કરતાં ________ (હતાં, છીએ, હશે). જો ને! હું તો હજી આજેય આવી જ વાતો કરતી હોઉં ________ (હતી, છું, હશે). તું આવતા વૅકેશનમાં ઘરે ________ (આવતી હતી, આવતી છે, આવીશ) ત્યારે આપણે ભેગાં મળીને આવી વાર્તાઓ વાંચીશું. ચાલ, આવજે.

તારી વહાલી,
પૃથ્વી

## વિચારો અને લખો.

- **ધારો કે તમે આંબા ઉપરથી તોડવામાં આવેલી એક કાચી કેરી છો.**

૧. તમે આંબાની ડાળે લટકતાં હતાં ત્યારે તમને કેવું લાગતું હતું?

જ. ________________________________

________________________________

૨. તમને અત્યારે ડાળીએથી તોડીને એક છાબડીમાં મૂકી દીધેલાં છે. તમને અત્યારે કેવું લાગે છે?

જ. ________________________________

________________________________

૩. હવે તમારામાંથી અથાણું બનાવવામાં આવશે. ત્યારે તમને શું થશે?

જ. ________________________________

________________________________



મને ગમતા શબ્દો

## ⬡ સંવાદ મોટેથી વાંચો અને ભજવો.

દાદી : હલક, જરા ટી.વી. ચાલુ કરી આપને!

હલક : દાદી, મારે પણ ટી.વી. જોવું છે.

દાદી : લે વળી! તારે અત્યારે શું જોવું છે?

હલક : મારે કાર્ટૂન જોવું છે.

દાદી : અરે! કાર્ટૂન તો આખો દિવસ આવતું જ હોય, મને અત્યારે મહાભારતની સીરિયલ જોવા દે.

હલક : સારું, તમે જોઈ લો. હું રમવા જાઉં.

દાદી : બેટા, તું પણ મારી સાથે જો ને, આજ તો પાંડવો યુદ્ધમાં જીતી જવાના છે.

હલક : ઓકે દાદી, પણ પછી હું કાર્ટૂન જોઈશ હોં!

દાદી : હા, સારું.

## ⬡ કવિતા ગાઓ.

### પણ આવું કે...મ!

દુનિયા આખીમાં મારે છે
ઘણું ઘણું જોવાનું,
અહીંયાં બેસી રે'તાં મારે
શું શું નહીં ખોવાનું!
ધરતીનો છેડો છે ક્યાં ને
સૂરજ આવે ક્યાંથી?
કોયલ કાળી પોપટ લીલો
બગલો ધોળો શાથી?
શિયાળે ઠંડી છે શાને?
ગરમી કેમ ઉનાળે?
ચોમાસામાં ગાજવીજ શેં?
તણખો શાથી બાળે?
આવું આવું ઘણુંક મારે
ભણવાનું હજી બાકી
લીલી કેરી પીળી પડતાં

મને ગમતા શબ્દો

કેમ મનાતી પાકી?
ચાર પગે કેમ પશુઓ ચાલે?
પંખીને કેમ પાંખો?
આવી દુનિયા જોવા મુજને
દીધી કોણે આંખો?

- સ્નેહરશ્મિ

- **વાતચીત :**
  - તમને કઈ પંક્તિ ગાવાની સૌથી વધુ મજા પડી?
  - ગીતમાં આવતી બાબતોમાંથી તમને સૌથી વધુ નવાઈ કઈ બાબતમાં લાગી?
  - ગીત સિવાયની આવી બીજી કઈ કઈ બાબતોમાં તમને નવાઈ લાગે છે?
  - તમે કોઈ મોટેરાંઓને 'ધરતીનો છેડો ઘર' એવું બોલતાં સાંભળ્યાં છે? તેનો શો અર્થ થતો હશે?
  - તમને દુનિયામાં શું શું જોવાનું મન થાય છે?
  - જો તમારે ભણવાનું જ ન હોય તો તમે રોજ શું કરો, શું જુઓ, ક્યાં ક્યાં ફરવા જાઓ?

**કઈ વાતની નવાઈ છે? કવિતામાંથી શોધીને લખો.**

૧. ધરતી - ધરતીનો છેડો ક્યાં હશે?

૨. સૂરજ - ____________

૩. કેરી - ____________

૪. પશુ - ____________

૫. બાળક - ____________

**કૌંસમાંથી શબ્દ પસંદ કરી ખાલીજગ્યા પૂરો. દરેક શબ્દનો બે વખત ઉપયોગ થશે.**

(મારે, છેડો, ઠંડી, પાકી જાય)

૧. ફળ ________ પછી જ ઝાડ પરથી તોડવાં જોઈએ.

૨. ________ દુનિયામાં ઘણું બધું જોવાનું છે.

૩. વાહ! ________ ની ઋતુ અને આઈસક્રીમ ખાઈએ તો મજામજા.

૪. હું નાનો હતો ત્યારે આખો દિવસ મમ્મીની સાડીનો ________ પકડી રાખતો.



મને ગમતા શબ્દો

૫. કૉફી હોય તો ઠીક, ચા ____________ કોઈને થોડી ભાવે?

૬. 'ધરતીનો ____________ ક્યાં હશે?' એ પ્રશ્નનો જવાબ તમે લખ્યો કે નહિ?

૭. ફોડલી ____________ તો એ પીળા રંગની દેખાવા માંડે.

૮. ભાઈ મને ____________, એવું તો કદી બને જ નહિ.

## નમસ્કાર મુદ્રામાં દોઢ મિનિટ બેસો. તે પછી વિચારો અને સમજાવો.

૧. શિયાળો શરૂ થાય ત્યારે ઠંડી પડે છે કે ઠંડી પડે છે માટે 'શિયાળો આવ્યો' એમ કહેવાય છે?

૨. જ્યારે વરસાદ પડે ત્યારે 'ચોમાસું આવ્યું' એમ કહેવાય છે?

૩. પાનખર ઋતુ એટલે શું? તે ક્યારે આવે છે?

## અભિનય ગીત ગાઓ : 'મારે જાણવું છે.'

*વિદ્યાર્થીઓના બે જૂથ બનાવો. પહેલા જૂથને અભિનય સાથે પહેલી પંક્તિ ગાવા કહો. ત્યારબાદ બીજા જૂથને અભિનય સાથે બીજી પંક્તિ ગાવા કહો. આમ, સળંગ આખું અભિનય ગીત ગવડાવો.*

## એવી કઈ કઈ વસ્તુઓ છે જે કાચી હોય ત્યારે જુદા રંગની હોય છે અને પાકી જાય ત્યારે એનો રંગ બદલાઈ જાય છે? લખો.

| વસ્તુ | કાચી હોય ત્યારનો રંગ | પાકી જાય પછીનો રંગ |
|---|---|---|
| કેરી | લીલો | પીળો |
| | | |
| | | |
| | | |
| | | |

## કોઈ તમને પૂછે તો તમે શો જવાબ આપો?

૧. ધરતીનો છેડો ક્યાં હશે?

૨. સૂરજ ક્યાંથી આવતો હશે?

૩. કોયલ કાળી કેમ હશે?

૪. પોપટ લીલો કેમ હશે?

૫. ચોમાસામાં વીજળી કેમ થતી હશે?

૬. પશુઓ ચાર પગે કેમ ચાલતાં હશે?

૭. પંખીને પાંખો છે, માણસોને કેમ નહિ?

૮. તમારે પાંખો હોત તો તમે શું કરત?

મને ગમતા શબ્દો

● ચાલો, ગાઈએ ગીતડું : પાટીમાં ઘૂંટ્યા'તા...

## શબ્દો વાંચો. નવાઈ લાગે તેવાં વાક્યો બનાવો.

૧. ભેંસ : કાળી, ધોળું દૂધ આપવું

વાક્ય : કાળી ભેંસ ધોળું દૂધ કેમ આપતી હશે?

૨. પોપટ : તીખું મરચું, મીઠું મીઠું - બોલે

વાક્ય : પોપટ તીખું મરચું ખાઈનેય મીઠું મીઠું કેવી રીતે બોલતો હશે?

૩. તરબૂચ : બહાર લીલું, અંદર લાલ

વાક્ય : ____________________

૪. કેરી : કાચી ખાટી, પાકી મીઠી

વાક્ય : ____________________

૫. ________ : ____________________

વાક્ય : ____________________

૬. ________ : ____________________

વાક્ય : ____________________

## આપેલ વાક્યના જેવો અર્થ દર્શાવતી પંક્તિ કવિતામાંથી શોધીને લખો.

૧. આ આખી દુનિયામાં મારે કેટલું બધું જોવાનું છે!

દુનિયા આખીમાં મારે છે ઘણું ઘણું જોવાનું.

૨. માત્ર બેસી રહેવાથી હું ઘણું બધું ગુમાવું છું.

____________________

૩. મારે ઘણું બધું જાણવા માટે ઘણું બધું ભણવાનું બાકી છે.

____________________

૪. પશુઓ ચાર પગથી ચાલતાં હોય છે ને પંખીઓ પાંખોથી ઊડતાં હોય છે, એવું કેમ હોતું હશે?

____________________

૫. આવી સુંદર દુનિયા જોવા માટે મને આંખો કોણે આપી હશે?

____________________





મને ગમતા શબ્દો

## ફકરો વાંચો. તેના આધારે આપેલ પ્રશ્નોના સાચા જવાબ સામે ✓ કરો.

આજે શહેરના મુખ્ય ફ્રૂટમાર્કેટમાં ખૂબ જ ભીડ છે. અનેક વાહનોમાં ખૂબ જ કેરી આવી છે. વેચવાવાળા બૂમો પાડી પોતાની કેરીનાં વખાણ કરી અને ભાવ બોલી-બોલી ગ્રાહકોને બોલાવી રહ્યા છે.

સવજીભાઈ : અહીં આવો! અહીં આવો! વલસાડી તોતાપુરી કેરી ૪૦ રૂપિયે કિગ્રા લઈ જાવ!

મહિપતભાઈ : આટલી સસ્તી ક્યારેય નહિ! હાફુસ કેરી ૬૦ રૂપિયે કિગ્રા.

મધુબહેન સારી ગુણવત્તાવાળી કેસર કેરી ૧૫૦ રૂપિયે કિગ્રા વેચે છે. રાજારામ લંગડો કેરી ૫૦ રૂપિયે કિગ્રા વેચે છે.

- **પ્રશ્નો :**

૧. ફ્રૂટમાર્કેટમાં ભીડ કેમ હતી?

( ) વાહનોની આવનજાવન વધી ગઈ હતી માટે

( ) લોકો ફ્રૂટ - ખાસ તો કેરી - ખરીદવા ઊમટી પડ્યા હતા માટે

( ) વેચવાવાળા બૂમો પાડતા હતા માટે

૨. વેચવાવાળા પોતાની કેરીનાં વખાણ શા માટે કરતા હતા?

( ) પોતાની કેરી વખાણવાલાયક હતી માટે

( ) કેરી પોતાની વાડીમાં ઉગાડેલી માટે

( ) પોતાની કેરી વધુ વેચાય માટે

૩. 'આટલી સસ્તી ક્યારેય નહિ! હાફૂસ કેરી ૬૦ રૂપિયે કિગ્રા.' - એટલે શું?

( ) હાફૂસ કેરી સૌથી સસ્તી છે.

( ) હાફૂસ કેરી આટલી સસ્તી બીજે ક્યાંય નહિ મળે.

( ) હાફૂસ કેરી પહેલી વખત આટલી સસ્તી મળી રહી છે.

૪. મધુબહેન કેવી કેરી વેચે છે?

( ) 'કેસર' નામના પ્રકારની કેરી

( ) કેસરના ગુણવાળી કેરી

( ) કેસરી રંગની કેરી





૫. ૫૦ રૂપિયે કિગ્રા કેરી કોણ વેચે છે?

( ) રાજા જેવા રામભાઈ

( ) રાજારામ નામના ભાઈ

( ) એક જ પગે ચાલી શકતા રાજારામભાઈ

૬. આ ફ્રૂટમાર્કેટમાં કયા કયા પ્રકારની કેરી વેચાય છે?

( ) હાફુસ ( ) કેસર ( ) દશેરી

( ) લંગડો ( ) તોતાપુરી ( ) બદામ

## હસવું છે? તો વાંચો.

૧. શિક્ષક : આ પક્ષીના પગ જોઈને તેનું નામ લખો.

તથ્ય : મને નથી ખબર.

શિક્ષક : તું ફેઈલ. તારું નામ શું છે?

તથ્ય : મારા પગ જોઈને લખી લો.

૨. પિતા : દેવર્ષ, આજનું છાપું ક્યાં છે?

દેવર્ષ : એ તો હું ગઈકાલથી શોધું છું પણ નથી મળતું.

## શબ્દપોટલીમાં શબ્દ ભરો.



## લગભગ સરખા :

**અટકવું**-પ્રવૃત્તિ બંધ પડવી; **અમલ કરવું**-હુકમ પ્રમાણે કાર્ય કરવું; **આમતેમ**-અહીંતહીં; **આવનજાવન**-આવજા; **આશ્ચર્ય**-નવાઈ; **ઉજ્જડ**-વેરાન; **ઊમટવું**-એકસામટા જથ્થામાં આવવું; **ઊંચકવું**-ઉપાડવું, ઉઠાવવું; **કબીલો**-કુટુંબ, પરિવાર; **કાતળી**-પાતળી, ચપટી કકડો; **કાદવ**-કીચડ; **કાળજી લેવી**-દરકાર રાખવી; **ખરડવું**-મેલું કરવું, બગાડવું; **ગાજવીજ**-વાદળાંની ગર્જના અને વીજળી; **ગિલ્લી**-ગિલ્લીદંડાની રમતમાં નાનો લાકડાનો કકડો, મોઈ; **ગુણવત્તા**-ઉત્તમતા; **ગોઠવણ**-બંદોબસ્ત; **ઘૂંટવું**-પુનરાવર્તનથી પાકું કરવું; **ચુસ્ત**-દઢ; **ચોક્કસ**-નક્કી, બરાબર; **ચોંટવું**-વળગવું; **છાપું**-વર્તમાનપત્ર; **છાબડી**-વાંસની છીછરી ટોપલી; **છેડો**-અંતનો ભાગ, પાલવ; **જીવ**-શરીરનું ચેતનતત્ત્વ, કોઈ પણ પ્રાણી; **જેવડું**-અમુક કદ કે માપનું; **ઝાલવું**-પકડવું; **તણખો**-દેવતાની ચિનગારી; **થડ**-ઝાડનો મૂળથી ઉપરનો જાડો ભાગ જેમાંથી ડાળી ફૂટે છે; **દફતર**-વિદ્યાર્થીની ચોપડીઓ રાખવાની થેલી; **પસાર**-આરપાર ગયેલું; **પાકવું**-પરિપક્વ થવું, શરીરમાં અંદર પરુ પેદા થવું; **પાટી**-સ્લેટ; **ફફડવું**-ધ્રૂજવું, કંપવું; **ફોડલી**-ફોલ્લી, ચામડી પર ફૂટી આવતો પ્રવાહીયુક્ત કે પ્રવાહીરહિત એક વિકાર; **બળબળતું**-બાળે-દઝાડે એવું; **બાબત**-મુદ્દો; **બિહામણું**-ડરામણું, ભયંકર; **ભેગું**-સાથે; **ભૂખરું**-રાખોડિયું, રંગે ફીકું; **ભેજ**-ભીનાશ; **મહાકાય**-કદાવર, મોટા શરીરવાળું; **માત્ર**-ફક્ત, કેવળ; **માર્ગદર્શક**-રસ્તો બતાવનાર, ગાઇડ; **માંચડો**-ઊંચી બેઠક; **માંદું**-બીમાર, રોગી; **મેલું**-ગંદું; **લગભગ**-આશરે, અંદાજથી; **લપસણું**-લપસી પડાય એવું; **લીલુંછમ**-ખૂબ લીલું; **લોહીલુહાણ**-લોહીના રેલાથી ખરડાઈ ગયેલું; **વખાણ**-પ્રશંસા; **વનરાજી**-વૃક્ષોની લાંબી હાર, લાંબો જંગલનો પ્રદેશ; **વાડી**-ફળઝાડનું ખેતર; **વિનાશક**-નાશ કરનાર; **સંતાકૂકડી**-એક રમત; **સંશોધન**-જે-તે વિષયનો ઊંડો અભ્યાસ; **સૂવું**-ઊંઘવું; **સ્લેટ**-પથ્થરપાટી; **હાથવેંત**-બહુ નજીક, સાવ પાસે.

# ૭ પ્રશ્નક્ષેત્રમાં પરાક્રમ

R8J1W5


## ચાલો, ગાઈએ ગીતડું.

લે ને તારી લાકડી ને લે ને તારી કામળી,
વાછરું ચરાવવા નહીં જાઉં માવલડી.
માખણ તો બલભદ્રે ખાધું,
અમને આપી ખાટી છાસલડી. - લે ને...
વૃંદાવનને મારગ જાતાં
પગમાં ચૂભે છે ઝીણી કાંકરડી. - લે ને...
દાદુર, મોર, બપૈયા બોલે
ખીજવે છે કહી કાળી કરશનડી. - લે ને...
મીરાં કહે પ્રભુ ગિરધરના ગુણ,
ચરણ કમળ ચિત્ત રાખલડી. - લે ને...

- મીરાંબાઈ


## જુઓ અને રંગ પૂરો.











મને ગમતા શબ્દો

● **વાતચીત :**

- તમે કયા ચિત્રને સૌથી પહેલાં ઓળખી ગયા?
- તમને કયા ચિત્રમાં રંગ પૂરવાની મજા આવી?
- અહીં કોનાં કોનાં ચિત્ર આપેલાં છે?
- આ પાત્રો વિષે તમે ક્યાં સાંભળ્યું છે?
- કયું ચિત્ર તમે સૌથી પહેલાં જોડ્યું?
- કયું ચિત્ર જોડવાનું તમને અઘરું લાગ્યું?
- કોઈ પણ બે ચિત્રમાંથી વ્યક્તિ કે વસ્તુ વિશે કહો.

**સાંભળો, વાંચો અને ભજવો.**

## મહાભારતમાં શું નથી!

વખતસિંહ : નમસ્કાર... આદાબ... સત શ્રી અકાલ.
હું છું વખતસિંહ... આપ સૌનું ક્વિઝ કોમ્પિટિશનમાં સ્વાગત છે. આજે તમારી ત્રણેય ટીમ વચ્ચે થશે પ્રશ્નોનું મહાભારત... હા દોસ્તો, આજની કોમ્પિટિશનનો વિષય છે મહાભારત. તો છો ને સૌ તૈયાર?

વિદ્યાર્થીઓ : યસ સર...!

વખતસિંહ : ગુડ... તો શરૂ કરીએ પ્રથમ રાઉન્ડ, જેનું નામ છે : 'સત્ય - અસત્ય'. દરેક સાચા જવાબના એક એક પોઈન્ટ મળશે. જવાબ ફક્ત 'સત્ય' કે 'અસત્ય' બોલીને જ આપવાનો છે.

વિદ્યાર્થીઓ : ઓકે સર.

વખતસિંહ : પહેલો પ્રશ્ન ટીમ મોજ માટે, મહાભારત ગુજરાતીમાં લખાયું હતું.

ટીમ મોજ : અસત્ય.

વખતસિંહ : સાચો જવાબ, નાગાર્જુન. મોજને મળે છે એક પોઈન્ટ, હવે ટીમ મજા માટે પ્રશ્ન - અર્જુનના રથના સારથિ શ્રીકૃષ્ણ હતા.

ટીમ મજા : સત્ય.

વખતસિંહ : સહી જવાબ! યાહ્યા, આપ જીત ગયે વન પોઈન્ટ! અગલા ક્વેશ્ચન હૈ ટીમ મસ્તી કે લિયે - શ્રીકૃષ્ણની બહેનનું નામ ઉત્તરા હતું.

ટીમ મસ્તી : યસ... ઓહ... સત્ય.

વખતસિંહ : ઓહ નો! ગલત જવાબ દેવસેના, શ્રીકૃષ્ણની બહેનનું નામ સુભદ્રા હતું.

તમારો સ્કોર છે ઝીરો પોઈન્ટ. અગલા પ્રશ્ન હૈ ટીમ મોજ કે લિએ મહાભારત ૧૮ પર્વમાં વહેંચાયેલું છે.

મીત : 'પર્વ' એટલે?

વખતસિંહ : ક્વેશ્ચનનો આન્સર ક્વેશ્ચન? નહીં ચાલે.

ટીમ મોજ : અસત્ય.

વખતસિંહ : ઓહ... ખોટો જવાબ... બિનોદ, મહાભારત ૧૮ પર્વમાં વહેંચાયેલું છે. એ સાચું છે. તમને આ જવાબ માટે પોઈન્ટ મળતો નથી. આગળ વધીએ, ટીમ મજા, મહાભારતના રચયિતા વેદવ્યાસ છે.

ટીમ મજા : સત્ય.

વખતસહિં : સહી જવાબ... વિધુ સહી જવાબ, આ પ્રશ્નના સાચા જવાબની સાથે તમારો સ્કોર થયો બે પોઈન્ટ્સ. ગુડ. હવે આ રાઉન્ડનો લાસ્ટ ક્વેશ્ચન ટીમ મસ્તી માટે - કર્ણની માતાનું નામ માદ્રી હતું.

ટીમ મસ્તી : અસત્ય.

વખતસિંહ : સાચો જવાબ! મધુમાલતી, તમારું ખાતું ખૂલ્યું ખરું. તમને મળે છે એક પોઈન્ટ. સત્ય અસત્ય રાઉન્ડની સમાપ્તિની સાથે સૌને સ્કોર જણાવી દઉં, ટીમ મોજ એક પોઈન્ટ, ટીમ મજા બે પોઈન્ટ્સ, મસ્તી ટીમ એક પોઈન્ટ. ટીમ મજા એક પોઈન્ટની લીડથી આગળ છે. અભિનંદન ટીમ મજા.

હવે શરૂ કરીએ બીજો રાઉન્ડ, જેનું નામ છે મહાબલી રાઉન્ડ. જેમાં મહાભારતનાં પાત્રોની ખાસિયતો કે શક્તિઓ વિશે ત્રણેય ટીમને બે-બે પ્રશ્નો પૂછીશ, દરેક સાચા જવાબના બે પોઈન્ટ્સ મળશે. સો, હો જાઓ તૈયાર સાથીઓ.

ફર્સ્ટ ક્વેશ્ચન ટીમ મોજ માટે, સહદેવ પાસે કઈ શક્તિ હતી?

ટીમ મોજ : ભવિષ્ય જોઈ શકવાની.

વખતસિંહ : વાહ! કૂહુ... આ લ્યો... બે પોઈન્ટ્સ ગજવામાં. તમારા માટે બીજો પ્રશ્ન - શ્રીકૃષ્ણના ભાઈ બલરામ શામાં પારંગત હતા?

ટીમ મોજ : ગદાયુદ્ધ

વખતસિંહ : ચીકુ, આ લ્યો બીજા બે પોઈન્ટ્સ ગજવામાં...! પ્રથમ રાઉન્ડના એક પોઈન્ટને ગણતાં તમારો સ્કોર થયો પાંચ પોઈન્ટ્સ.



મને ગમતા શબ્દો

હવે આગળ વધીએ. ટીમ મજા માટે મહાબલી રાઉન્ડનો પહેલો સવાલ, કોની પાસે યુદ્ધના મેદાનમાં બનતી ઘટનાઓ ઘેરબેઠાં વર્ણવવાની દિવ્યદૃષ્ટિ હતી?

ટીમ મજા : અમમ... પેલા... શું નામ હતું...?

વખતસિંહ : સંજય, સંજય પાસે આ શક્તિ હતી, પરંતુ મીત, તમે જવાબ આપી શક્યા નથી, એટલે તમને પોઈન્ટ્સ મળતા નથી. તમારા માટે બીજો સવાલ, કોણ અશ્વવિદ્યામાં નિપુણ હતા?

ટીમ મજા : નકુલ

વખતસિંહ : તમારો જવા... બ સાચો છે, હીર! બે પોઈન્ટ્સ આપ્યા. બીજા રાઉન્ડના અંતે તમારો સ્કોર છે ચાર પોઈન્ટ્સ. આગળ વધીએ, ટીમ મસ્તી માટે મહાબલી રાઉન્ડનો પહેલો સવાલ, અર્જુન બાણવિદ્યા ઉપરાંત કઈ બાબતમાં માહિર હતો... એક્સપર્ટ હતો?

ટીમ મસ્તી : અમમ... અ અન... નૃત્યકલા...

વખતસિંહ : 'નૃત્યકલા' લોક કિયા જાય. ઓકે ક્રિશ, સહી જવાબ! બીજો સવાલ તમારા માટે, ભીષ્મને કયું વરદાન હતું?

ટીમ મસ્તી : ઈચ્છે ત્યારે મૃત્યુ પામવાનું એટલે કે ઈચ્છામૃત્યુનું.

વખતસિંહ : વાહ, સાચો જવાબ ટીકુ, આપ જીત ગયે ફોર પોઈન્ટ્સ. મહાબલી રાઉન્ડના અંતે તમારો સ્કોર થાય છે પાંચ પોઈન્ટ્સ. સ્કોર બૉર્ડ જોઈએ તો ટીમ મોજ ઈઝ ઈક્વલ ટુ ટીમ મસ્તી. પાંચ પોઈન્ટ્સ, ટીમ મજા એક પોઈન્ટથી પાછળ છે. યે ખેલ હૈ મહાભારત કા દોસ્તો! લાસ્ટ મોમેન્ટ તક દિલ થામ કે રખીએ, કુછ ભી હો સકતા હૈ, લાસ્ટ રાઉન્ડ જિસકા નામ હૈ બાણવર્ષા.

હું એક પછી એક ફટાફટ દસ સવાલ પૂછીશ, તમારે ફટાફટ તેના જવાબ આપવાના છે. જે સૌથી પહેલાં સાચો જવાબ આપશે તેને મળશે ત્રણ પોઈન્ટ્સ. શરત માત્ર એટલી છે કે આખો પ્રશ્ન પૂરો થાય ત્યાં સુધી તમારે જવાબ બોલવાનો નથી અને હા આખો પ્રશ્ન એટલે કે પૂછેલા પ્રશ્નો સાથે તેના જવાબ માટે ત્રણ વિકલ્પો પણ સાંભળવાના રહેશે. તો દોસ્તો, ગજવાં પોઈન્ટથી હો ભરવા, તો તમારા કાન કરી લો સરવા.

હવે પહેલો પ્રશ્ન, અભિમન્યુ કોની પાસેથી યુદ્ધકળા શીખ્યો?

(એ) દ્રોણાચાર્ય (બી) કૃષ્ણ (સી) કૃપાચાર્ય

ટીમ મસ્તી : (બી) કૃષ્ણ

વખતસિંહ : સાચો જવાબ ઈકબાલ, ૩ પોઈન્ટ્સ.

પ્રશ્ન ૨. કોણ રામાયણ અને મહાભારત બંનેમાં છે?

(એ) હનુમાન (બી) કૃષ્ણ (સી) બલરામ

ટીમ મજા : (એ) હનુમાન

વખતસહિં : સાચો જવાબ રાબિયા, તમને પણ મળે છે ૩ પોઈન્ટ્સ. ગુડ, ટીમ મજા.

પ્રશ્ન ૩. મહાભારત કોના હાથે લખાયું?

(એ) કાર્તિકેય (બી) વ્યાસ (સી) ગણેશ

ટીમ મજા : (સી) ગણેશ

વખતસિંહ : સાચો જવાબ સુખવિંદરસિંગ. ૩ પોઈન્ટ્સ. શાબાશ છે, તમારું ધ્યાન ક્યાં છે? હવે આગળનો પ્રશ્ન ૪, બાળપણમાં નાગલોકમાં ભાણેજ તરીકે કોણ મોજ માણી આવ્યું હતું?

ટીમ મોજ : શ્રીકૃષ્ણ

વખતસિંહ : ઓહ! ગોલુ... ખોટો જવાબ. ઉતાવળા સો બાવરા... સાચો જવાબ છે, ભીમ. તમે ઓપ્શન સાંભળવાની ધીરજ ના રાખી.

આગળનો પ્રશ્ન નંબર ૫, શ્રીકૃષ્ણ અને અર્જુન માટે આ પૈકી કયો સંબંધ ખોટો છે?

(એ) સાળા-બનેવી (બી) મામા-ભાણેજ (સી) કાકા-ભત્રીજા

ટીમ મસ્તી : (બી) મામા-ભાણેજ

વખતસિંહ : સાચો જવાબ સંતુ, ૩ પોઈન્ટ્સ, ટીમ મસ્તી તમે કુલ ૮ વત્તા ૩ એમ કુલ ૧૧ પોઈન્ટ્સ મેળવી સૌથી આગળ ચાલી રહ્યા છો. શાબાશ. હવે પ્રશ્ન ૬. કૂતરાને ઈજા પહોંચાડ્યા વગર, બાણ વડે તેનું ભસવાનું કોણે બંધ કરાવ્યું ?

(એ) અર્જુન (બી) અભિમન્યુ (સી) એકલવ્ય

ટીમ મોજ : (સી) એકલવ્ય

વખતસિંહ : ગુડ હેરી, ૩ પોઈન્ટ્સ. કુલ મિલાકે હુએ 5 + 3 = 8 પોઈન્ટ્સ... બઢિયા... ટીમ મોજ આગે બઢો.

પ્રશ્ન ૭. મહાભારતના યુદ્ધ સમયે હસ્તિનાપુરના રાજા કોણ હતા?

(એ) દુર્યોધન (બી) શકુનિ (સી) ધૃતરાષ્ટ્ર

ટીમ મોજ : (સી) ધૃતરાષ્ટ્ર

વખતસિંહ : શાબાશ મુબીન. હવે પ્રશ્ન ૮, અર્જુનના ધનુષ્યનું નામ શું?

(એ) પિનાક (બી) ગાંડીવ (સી) સુદર્શન

ટીમ મસ્તી : (બી) ગાંડીવ

વખતસિંહ : જોન, સાચો જવાબ... તમારા કુલ પોઈન્ટ થયા ૧૪!

લાસ્ટ ટુ ક્વેશ્ચન્સ.

પ્રશ્ન ૯. શ્રીકૃષ્ણની પાલક માતાનું નામ શું હતું?

(એ) યશોદા (બી) દેવકી (સી) કુંતા

ટીમ મજા : (એ) યશોદા

વખતસિંહ : સહી જવાબ મારિયા... તમારા કુલ પોઈન્ટ થયા તેર! ઓહો... જબરદસ્ત રસાકસી જામી છે... આ સાથે આપણે પહોંચ્યા છેલ્લા પ્રશ્ન પર. પ્રશ્ન ૧૦ એ કયો પાંડવપુત્ર કે જે માયાવી વિદ્યાનો જાણકાર હતો?

(એ) ઘટોત્કચ (બી) બભ્રુવાહન (સી) અભિમન્યુ

ટીમ મોજ અને ટીમ મસ્તી : (એ) ઘટોત્કચ

વખતસિંહ : અરરરર. ક્રિશ અને મુબીન. જવાબ સાચો છે પણ તમે બેઉ ટીમ એક સાથે જવાબ આપ્યો તેથી, પોઈન્ટ નહીં મળે. નવો પ્રશ્ન માત્ર ટીમ મોજ અને મસ્તી માટે.

આજીવન બ્રહ્મચારી રહેવાની પ્રતિજ્ઞા કોણે લીધી હતી?

(એ) દેવવ્રત (બી) શકુનિ (સી) વિદુર

ટીમ મોજ : (એ) દેવવ્રત

વખતસિંહ : સાચો જવાબ. ૩ પોઈન્ટ સાથે તમારો સ્કોર થયો ૧૪... ઓહ... ટાઈ પડી...!

ટીમ મસ્તી અને ટીમ મોજ બંનેનો સ્કોર છે : ૧૪. તો અબ લીજિએ એક ઔર સવાલ... બંને ટીમ માટે. શ્રી કૃષ્ણએ અર્જુનને યુદ્ધ પહેલાં આપેલો ઉપદેશ કયા નામે ઓળખાય છે?

(એ) શ્રીમદ્ ભગવદ્ગીતા (બી) મહાભારત (સી) તત્ત્વજ્ઞાન

ટીમ મસ્તી : (એ) શ્રીમદ્ ભગવદ્ગીતા

વખતસિંહ : શાબાશ, હલક. અને આ સાથે આપણી આજની ક્વિઝ પૂરી થાય છે. આજની સ્પર્ધાના વિજેતા છે. ..........................................

ફરી મળીશું નવી ક્વિઝ સાથે... ત્યાં સુધી વાંચતાં રહો... વંચાવતાં રહો...

## વાતચીત :

- તમને સૌથી વધુ મજા ક્યારે આવી?
- તમને કયો રાઉન્ડ બહુ ગમ્યો?
- કયો રાઉન્ડ તમને અઘરો લાગ્યો?
- જો તમને આ ક્વિઝ રમવા મળે તો તમે કઈ ટુકડીમાં જવાનું પસંદ કરો? કેમ?
- ક્વિઝમાં ભાગ લેવા માટે કેવી તૈયારી કરવી પડે?
- ક્વિઝ કોણ જીતી શકે?
- કયા વિષય પર ક્વિઝ રમાડે તો તમને ગમે?
- જો તમારે ક્વિઝ રમવી હોય તો તમે શું શું તૈયારીઓ કરો?
- તમે મહાભારતની વાર્તાઓ સાંભળી છે? ક્યાં?
- તમને કોઈ શક્તિનું વરદાન માગવાનું કહે તો તમે શું માંગો?

## જવાબ લખો.

૧. ક્વિઝમાં ભાગ લેનાર બાળકોના નામની યાદી તૈયાર કરો. કોણ કઈ ટીમમાં હતું તે અલગ તારવી લખો.

૧. ટીમ મોજ ૨. ટીમ મજા ૩. ટીમ મસ્તી

૨. 'ગુડ', 'સરસ', 'બઢિયા' આવા એક જ અર્થ ધરાવતા જુદી જુદી ભાષાના શબ્દો સંવાદમાંથી શોધો.

૩. ક્વિઝમાં કઈ વ્યક્તિ કેટલા ઉત્તર આપે છે તે અલગ તારવો અને નોંધો.

૪. ક્વિઝમાં પ્રોત્સાહન આપવા માટે કયા કયા શબ્દો વાપરવામાં આવ્યા છે? તે શબ્દો તમારી માતૃભાષામાં લખો.

## નમૂના મુજબ લખો.

| ક્રમ | રાઉન્ડનું નામ | જવાબની રીત | પોઈન્ટ ગણવાની રીત |
|---|---|---|---|
| | | 'સત્ય' કે 'અસત્ય' એમ બોલવું. | |
| | | | |
| | | | |

## આપેલ શબ્દનો અર્થ યોગ્ય રીતે વપરાયો હોય તે વાક્ય સામે ટીક કરો.

૧. ખાતું ખૂલવું

(અ) નાનું ગલૂડિયું બ્રેડ ખાતું ખાતું બારણું ખોલવા આવ્યું. ☐

(બ) ક્રિકેટમાં છેલ્લે છેલ્લે રન કરીને પાર્થિવે ખાતું ખોલ્યું. ☐

૨. સારથિ

(અ) કૃષ્ણ અર્જુનના રથમાં તેની સાથે હતા. ☐

(બ) કૃષ્ણ અર્જુનનો રથ ચલાવનાર હતા. ☐

૩. રચયિતા

(અ) આટલી સુંદર દુનિયાને બનાવનાર કેટલા સુંદર હશે? ☐

(બ) રચના ખૂબ સરસ ગીત ગાય છે. ☐

૪. ઉતાવળ

(અ) ઝડપ રાખો, નહિતર મોડા પડશો. ☐

(બ) મોડા ન પડવું હોય તો ધીમે ધીમે જાઓ. ☐

૫. ભવિષ્ય

(અ) હવે પછી જે થવાનું છે તે તમે જોઈ શકો તો તમે શું કરો? ☐

(બ) પહેલાં જે થઈ ગયું એ ભૂલી જાઓ. ☐

**કૌંસમાંનો કયો શબ્દ વાપરીએ તો વાક્યનો અર્થ બદલાશે નહીં? તે શોધી આખું વાક્ય ફરીથી લખો.**

(મહાભારત થયું, ગજવે ભરવું, કાન સરવા કરવા)

૧. આજ તો પાણી સોસાયટીમાં ફેલાતાં મારી અને તારી મમ્મી વચ્ચે જોરદાર લપ થઈ. ____________

૨. જ્યારે દાદી બોર અપાવશે ને ત્યારે હું કેટલાય ઠળિયા ભેગા કરીશ. ____________

૩. વર્ગમાં શિક્ષક 'પ્રવાસ' શબ્દ બોલ્યા એટલે બધાં બાળકો ધ્યાનથી સાંભળવા લાગ્યાં. ____________

**શબ્દસમૂહ માટે એક શબ્દ શોધો.**

**ઉદાહરણ :** આખું જીવન : આજીવન

(ગદાયુદ્ધ, અજ્ઞાન, સારથિ, ગુરુદક્ષિણા, અશ્વવિદ્યા, દિશાજ્ઞાન)

૧. ગુરુને અપાતી દક્ષિણા : ________

૨. દિશા ઓળખવાની સમજ : ________

૩. રથનો ડ્રાઈવર : ________

૪. જ્ઞાનની ગેરહાજરી : ________

૫. ઘોડાને લગતી વિદ્યા : ________

૬. ગદા વડે લડાતું યુદ્ધ : ________

**આ સંબધોને અંગ્રેજીમાં અને તમારી માતૃભાષામાં કયા નામે ઓળખો છો તે લખો.**

| સંબંધ | અંગ્રેજીમાં | તમારી માતૃભાષામાં |
|---|---|---|
| મામા - ભાણેજ | | |
| સાળો - બનેવી | | |
| ફોઈ - ભત્રીજી | | |
| દેરાણી - જેઠાણી | | |
| ભાઈ - ભાભી | | |



મને ગમતા શબ્દો

## દરેક વિશે તમે જાણો છો તેટલું લખો.

૧. મહાભારત    ૨. શ્રીકૃષ્ણ

૩. અર્જુન    ૪. ભીષ્મ

- **ચાલો ગાઈએ ગીતડું : લે ને તારી લાકડી...**

**જુઓ, વાંચો, અભિનય કરો.**

બે - બે વિદ્યાર્થીઓની જોડી બનાવી અભિનય કરાવો.

નિહારિકા : પાર્થ! તું ક્યાં છે?

પાર્થ : દીદી, હું મામાના ઘરે છું.

નિહારિકા : અરે! હું તો તને શોધવા આખી સોસાયટીમાં ફરી વળી.

પાર્થ : એ તો મને મામાએ ફોન કર્યો હતો એટલે હું તો પહોંચી ગયો એમના ઘરે.

નિહારિકા : હા, આપણે તો સાચે જ મામાનું ઘર કેટલે, દીવો બળે એટલે રહ્યું ને! પણ તારી સાયકલ તો ઘરમાં પડી છે.

પાર્થ : એ તો હું ઈલેક્ટ્રિક-બાઈક લઈને આવ્યો છું.

નિહારિકા : (આશ્ચર્યથી) કોનું?

પાર્થ : અરે! રિયાંશીનું, બીજા કોનું વળી!

નિહારિકા : સારું, તું પાછો ઘરે ક્યારે આવવાનો?

પાર્થ : પંદર મિનિટમાં આવી જઈશ. તારે શું કામ છે?

નિહારિકા : એ તો અરુંધતી આંટી આવ્યાં છે. મમ્મી કહે છે કે કાજુકતરી લઈ આવો.

પાર્થ : ઓકે. કેટલી લાવવાની છે?

નિહારિકા : બસ, ફક્ત ૫૦૦ ગ્રામ.

પાર્થ : ઓકે. હું હમણાં જ લઈને ઘરે પહોંચું છું.

મને ગમતા શબ્દો

જવાબના સવાલો નદીના પાણીમાં તણાય છે. તેની બાજુમાં જવાબ મૂકીને તેમને રોકી લો. જવાબ કૌંસમાં આપેલ છે.

**(પ્રાથમિક શાળામાં, પુસ્તકાલયમાં, કુક્કુટનું, ગુજરાત, અગણિત, રાત્રે, દિલ્હીમાં, ચોમાસામાં, આપણી, સાડત્રીસ)**

| | |
|---|---|
| આકાશમાં કેટલા તારા હોય છે? | વરસાદ ક્યારે પડે છે? |
| આપણા રાજ્યનું નામ શું છે? | તમે શામાં ભણો છો? |
| પુસ્તકો ક્યાં મૂકેલાં હોય? | આ શાળા કોની છે? |
| પચીસ ને બાર કેટલા થાય? | લાલ કિલ્લો ક્યાં આવેલો છે? |
| તારા ક્યારે દેખાય છે? | આ પીંછું કોનું છે? |

⬡, ▢, ▭ અને ⬡ ના જવાબમાં વાક્યનો જે શબ્દ આવતો હોય તેની ફરતે જે-તે આકારનું બોક્ષ બનાવો.

૧. સરદાર પટેલનો જન્મ ૩૧ ઑક્ટોબર, ૧૮૭૫ ના રોજ નડિયાદ ગામમાં થયો હતો.
- સરદાર પટેલનો જન્મ ક્યાં થયો હતો?
- સરદાર પટેલનો જન્મ ક્યારે થયો હતો?
- કોનો જન્મ નડિયાદ ગામમાં થયો હતો?

૨. વહેલી સવારે સિંહણ પોતાના બચ્ચાને સાથે લઈને હરણનો શિકાર કરવા ગઈ હતી.
- સિંહણ ક્યારે શિકાર કરવા ગઈ હતી?
- સિંહણ કોનો શિકાર કરવા ગઈ હતી?
- સિંહણ કોના બચ્ચાને સાથે લઈને ગઈ હતી?

૩. પૂનમે પાંચ વાગ્યે પોપટકાકાનું પાકીટ પગથિયે પડેલું જોયું.
- પૂનમે કોનું પાકીટ જોયું?
- પૂનમે કેટલા વાગ્યે પોપટકાકાનું પાકીટ જોયું?
- પૂનમે પાકીટ ક્યાં પડેલું જોયું?

૪. કાકાએ ગઈકાલે કનુભાઈના કોઠારમાંથી બે કિલો કેરી કાઢી.

- કાકાએ કોઠારમાંથી (કેટલા) કિલો કેરી કાઢી?
- કાકાએ [કોના] કોઠારમાંથી કેરી કાઢી?
- કાકાએ કોઠારમાંથી કેરી ⟨ક્યારે⟩ કાઢી?

૫. ઝાલાવાડમાં રહેતાં ઝમકુ ડોશીના ઘરે ત્રણ ઝૂલા હતા.

- ઝૂલા (કોના) ઘરે હતા?
- ઝમકુ ડોશી [ક્યાં] રહેતાં હતાં?
- ઝમકુ ડોશીના ઘરે ⟨કેટલા⟩ ઝૂલા હતા?

૬. ગજબપુરમાં રહેતો ગોવાળિયો રોજ દસ ગાઉ ચાલીને અજબપુર જતો હતો.

- ગોવાળિયો (ક્યાં) રહેતો હતો?
- ગોવાળિયો [કેટલા] ગાઉ ચાલતો હતો?
- ગોવાળિયો રોજ ⟨ક્યાં⟩ જતો હતો?

**આપેલો જવાબ મેળવવા માટે કયો પ્રશ્ન સાચા છે? તે પ્રશ્નો સામે ✓ કરો.**

૧. સીદી સૈયદની જાળી અમદાવાદમાં આવેલી છે.

- [ ] અમદાવાદમાં ક્યાં સીદી સૈયદની જાળી આવેલી છે?
- [ ] સીદી સૈયદની જાળી ક્યારે આવેલી છે?
- [ ] સીદી સૈયદની જાળી ક્યાં આવેલી છે?

૨. એક કિલોમીટર એટલે એક હજાર મીટર.

- [ ] એક કિલોમીટર એટલે કેટલાનું મીટર?
- [ ] કેટલા મીટર એટલે એક કિલોમીટર?
- [ ] એક કિલોમીટર એટલે કેટલા મીટર?

૩. ઉત્તરાયણ ૧૪મી જાન્યુઆરીએ આવે છે.

- [ ] ૧૪મી જાન્યુઆરીએ ઉત્તરાયણ ક્યારે આવે?
- [ ] ઉત્તરાયણ કેટલી આવે છે?
- [ ] ઉત્તરાયણ ક્યારે આવે છે?

૪. જાદુઈ લાકડી એક પટારામાં મૂકેલી છે.

- [ ] પટારામાં મૂકેલી જાદુઈ લાકડી ક્યાં છે?
- [ ] કયા પટારામાં જાદુઈ લાકડી મૂકેલી છે?
- [ ] જાદુઈ લાકડી ક્યાં મૂકેલી છે?

૫. દાદાની પાસે બે સૂટ છે.

- [ ] કોની પાસે બે સૂટ છે?
- [ ] બે સૂટ ક્યાં છે?
- [ ] દાદાની પાસે કોના સૂટ છે?

૬. મોતીનું આ સુંદર તોરણ અમારું છે.

- [ ] અમારાં મોતીનું સુંદર તોરણ ક્યાં છે?
- [ ] આ સુંદર તોરણ કેમ મોતીનું છે?
- [ ] મોતીનું સુંદર તોરણ કોનું છે?

૭. આકાશમાં પુષ્કળ વાદળાં છે.

- [ ] આકાશમાં વાદળાં ક્યાં છે?
- [ ] આકાશમાં કેટલાં વાદળાં છે?
- [ ] આકાશમાં વાદળાં કોનાં છે?

૮. મોબાઈલ ટેબલ પર મૂકેલા છે.

- [ ] ટેબલ પર કેટલા મોબાઈલ છે?
- [ ] મોબાઈલ ક્યાં મૂકેલા છે?
- [ ] કોના ટેબલ પર મોબાઈલ મૂકેલા છે?

૯. એક કિલો વજનમાં પંદર ડુંગળી આવી હતી.

- [ ] કેટલા કિલો વજનમાં પંદર ડુંગળી આવી હતી?
- [ ] પંદર કિલો ડુંગળી કેટલા કિલો વજનની આવી?
- [ ] એક કિલો વજનમાં કેટલી ડુંગળી આવી હતી?

૧૦. દેવાંશનો જન્મદિવસ ડિસેમ્બરમાં આવે છે.

- [ ] દેવાંશનો જન્મદિવસ ક્યાં આવે છે?
- [ ] દેવાંશનો જન્મદિવસ ક્યારે આવે છે?
- [ ] કોનો જન્મદિવસ ડિસેમ્બરમાં આવતો?



મને ગમતા શબ્દો

**⬡ ________ , ~~~~~~~~ અને ═══════ કરેલ શબ્દો જવાબમાં મળે તેવા પ્રશ્ન બનાવો :**

૧. પરોઢિયે તીરકામઠાં લઈને પચીસ કૂકડાસૈનિકોની કતાર નીકળી.

- કૂકડાસૈનિકોની કતાર ક્યારે નીકળી?
- કતારમાં કેટલા કૂકડાસૈનિકો હતા?
- પરોઢિયે કોની કતાર નીકળી?

૨. આવતીકાલે જંગલમાં પક્ષીઓની મહાસભા ભરાશે.

- ________
- ________
- ________

૩. કીડીઓની એન્ટહિલમાં એક રાણીકીડી હોય છે.

- ________
- ________
- ________

૪. બે દિવસ પહેલાં ભોપુદાદાનાં વહુએ વીસ લાડવા બનાવ્યા હતા.

- ________
- ________
- ________

૫. માછલીઓ શિયાળાના દિવસોમાં સો કિલોમીટર દૂરના નવાગામમાં રહેવા ગઈ.

- ________
- ________
- ________

૬. સાંજે શહેરમાં પાછા આવ્યા ત્યારે ફિન્ટીના પગ કાદવથી ખરડાયેલા હતા.

- ________
- ________
- ________

● ચાલો, ગાઈએ ગીતડું : લે ને તારી લાકડી...

સાંભળો, ગાઓ.

## હવે હું પૂછું ?

મારે પૂછવા છે એક બે સવાલ
પંખીને ટોપી ને સ્વેટર નહિ પહેરવાનાં? એને નહિ ઓઢવાની શાલ?
મારે પૂછવા છે એક બે સવાલ
મારે તો રોજ બ્લ્યૂ સ્વેટર પહેરીને પેલી સ્કૂલબસમાં જાવાનું સ્કૂલ
સ્કૂલ બસમાં બેસવાની જલ્દીમાં રહી જાય છે જોવાનું પેલું બુલબુલ
મારે પણ ઝાડવાની ડાળીએ બેસવું છે; મારે પણ કરવી ધમાલ
મારે પૂછવા છે એક બે સવાલ
મારે તો બેંચ ઉપર બેસીને લખવાનું; પંખીને ઊડવાનું ઊંચા આકાશે
ક્લાસરૂમની બારી પણ ખોલવાની નહિ; છેક મેદાને જાઉં ત્યારે પંખી દેખાશે
કેટલીયે વાર હું તો વાતો કરવાનું કહું તોય કશું બોલે નહિ, કેવી દીવાલ?

– જીગર જોષી 'પ્રેમ'

● વાતચીત :

- તમને કઈ પંક્તિ ગાવાની સૌથી વધુ મજા પડી?
- તમને કેવા કેવા પ્રશ્નો પૂછવાનું મન થાય છે?
- તમે ક્યારે સ્વેટર પહેરો છો? તે કેવા રંગનું છે?
- તમને ઉનાળામાં સ્વેટર પહેરાવીએ તો તમને શું થાય?
- તમારે સ્કૂલે જવાનું મોડું થાય ત્યારે શું શું થાય છે?
- તમને કોઈ પ્રશ્ન થાય તો તમે કોને પૂછો છો?
- સ્કૂલે જતી વખતે રસ્તામાં તમે શું જોતાં જોતાં જાઓ છો?



મને ગમતા શબ્દો

## સાચું વાક્ય ઓળખાવો.

૧. મારે પૂછવા છે એક-બે સવાલ
   (અ) મને થોડા પ્રશ્નો પૂછવાની ઈચ્છા છે.
   (બ) મને બધા એક-બે સવાલ પૂછે છે.
   (ક) તમારે મને એક-બે સવાલ પૂછવા છે?

૨. સ્કૂલબસમાં બેસવાની જલદીમાં રહી જાય છે જોવાનું પેલું બુલબુલ.
   (અ) બુલબુલ જોવામાં સ્કૂલ બસમાં બેસવાનું રહી જાય છે.
   (બ) સ્કૂલ બસનો સમય થાય એટલે બુલબુલ સામે નજર ન નાખી શકાય.
   (ક) સ્કૂલે જવાની જલ્દી હોય તોય હું બસમાં બુલબુલ જોતો જોતો જાઉં છું.

૩. મારે તો રોજ બ્લ્યૂ સ્વેટર પહેરીને પેલી સ્કૂલ બસમાં જાવાનું સ્કૂલ.
   (અ) દરરોજ વાદળી રંગનું સ્વેટર પહેરીને સ્કૂલ બસમાં સ્કૂલે જવાનું.
   (બ) મારે બ્લ્યૂ બસમાં સ્વેટર પહેરીને જવાનું.
   (ક) પેલી વાદળી રંગની સ્કૂલમાં સ્વેટર પહેરીને જવાનું.

૪. ક્લાસરૂમની બારી પણ ખોલવાની નહિ; છેક મેદાને જાઉં ત્યારે પંખી દેખાશે.
   (અ) ક્લાસરૂમની બારીમાંથી પક્ષી દેખાય એટલે મેદાનમાં જવાની જરૂર નહિ.
   (બ) પક્ષી જોવા છેક સ્કૂલે જવું પડે કારણકે મેદાનમાં બારી ન હોય ને!
   (ક) સ્કૂલના વર્ગખંડની બારી તો બંધ હોય એટલે પક્ષી જોવા માટે મેદાનમાં જવું પડે.

૫. મારે તો બેંચ ઉપર બેસીને લખવાનું; પંખીને ઊડવાનું ઊંચા આકાશે.
   (અ) પક્ષી ઊંચા આકાશે ઊડતું હોય એ રીતે મારે બેંચ પર બેસીને લખવાનું છે.
   (બ) પક્ષીને ઊંચે ઊડવા મળે પણ તે બેંચ પર બેસીને લખી ન શકે.
   (ક) મારે પક્ષીની જેમ ઊંચે ઊડવું છે, બેંચ પર બેસીને લખવું મને ગમતું નથી.

## તમારા મિત્રનો હાથ પકડી તેની આંખમાં એક મિનિટ સુધી જોયા કરો. પછી ફકરો વાંચો.

સવાર પડે એટલે દોડાદોડી ચાલુ થઈ જાય. સૌ પોતપોતાના કામમાં લાગી જાય. મારે પણ સ્કૂલ ચાલુ થઈ જાય. હું ઝાડ હોત તો કેવું સારું! મારા ઉપર પંખીઓ બેસવા આવત. કોઈ માળો બાંધત તો કોઈ મીઠાંમીઠાં ગીતો ગાત. પણ એક લોચો એ થાત કે જો હું વૃક્ષ હોઉં તો એક જગ્યાએથી બીજી જગ્યાએ જઈ ન શકું ને! એના કરતાં જો હું પક્ષી હોત તો મજા પડી જાત. જ્યાં ફરવું હોય ત્યાં ફરવાનું. કોઈ એકેય પ્રશ્ન પૂછે નહીં. આખો દિવસ સવાલના જવાબ આપી આપીને હું કંટાળી ગયો છું. કોઈ તોફાન ન કરવા દે. પણ હા, એકવાર સ્કૂલમાં 'ધમાલ દિવસ' ઊજવાયો હતો ત્યારે બહુ જલસો પડ્યો હતો.

સરખા અર્થવાળા શબ્દોની નીચે તમને ગમે તેવી નિશાની કરી. એ શબ્દોની જોડ લખો.

_______________ = _______________        _______________ = _______________

_______________ = _______________        _______________ = _______________

### હસો.

- ચંદ્રા : ચાલ ઋષિ, હવા ખાવા બગીચામાં જઈએ.

  ઋષિ : નહિ દીદી, આજે મારે ઉપવાસ છે.

### શબ્દપોટલીમાં શબ્દો ભરો.




### લગભગ સરખા :

**આદાબ**-નમસ્કાર; **ટુકડી**-ટીમ; **ખાતું ખૂલ્યું**-શરૂઆત થઈ; **સમાપ્તિ**-પૂરું થવું; **શસ્ત્ર**-હથિયાર; **ગણેશ**-ગણપતિ; **ઉત્તર**-જવાબ; **ટિટોડી**-એક પક્ષી; **કુંડળ**-કાનમાં પહેરવાનું ગોળ કડી જેવું ઘરેણું; **રસાકસી**-સામસામે ખેંચવું; **ખાસિયત**-ખાસ લક્ષણ; **ઉપદેશ**-સલાહ; **સવાલ**-પ્રશ્ન; **ઝડપથી**-જલ્દીથી; **ઝાડવાં**-વૃક્ષો; **ધમાલ**-તોફાન; **સારથિ**-રથ ચલાવનાર; **મોજ માણી**-મજા કરી.

૮

# ચોટી મુંડો ઘૂઘૂઘૂ

B9W9H6

## ચાલો, ગાઈએ ગીતડું :

નાનાં અમથાં આજ ભલે ને, કાલે મોટાં થાશું;
અમે તો ગીત ગુલાબી ગાશું!
કળી-કળીનાં ફૂલ થાય ને બુંદ-બુંદનો દરિયો!
નાની અમથી વીજ ચમકતી આભે થઈ ચાંદલિયો;
મસ્ત થઈને અજાણ પંથે અમે એકલાં જાશું :
અમે તો ગીત ગુલાબી ગાશું!
નાનકડી કેડીનો થાતો મારગ કેવો મોટો;
એવાં મોટાં થઈશું કે નહિ જડે અમારો જોટો!
હશે હોઠ પર સ્મિત : આંખમાં કદી હોય નહિ આંસુ,
અમે તો ગીત ગુલાબી ગાશું!

- સુરેશ દલાલ

## ધ્યાનથી જુઓ અને તફાવત લખો.





જેમ કે : એક માણસને લાંબી ચોટલી છે. બીજા માણસને માથે ટકો છે.

______

______

______

______

મને ગમતા શબ્દો

⬡ વાર્તા વાંચો.

## અઠેગઠે અક્કલવીર

વિદ્યાચતુર નામે એક પંડિત હતા. તેમને પોતાની ચતુરાઈનું ખૂબ અભિમાન હતું. એક વખતની સભામાં બધાએ તેમને મહાપંડિત કહ્યા.

એક પંડિત : મુંડાપુરમાં બે ચતુર પુરુષો છે. તે બંનેને જીતે તે જ ખરો વિદ્યાવાન કહેવાય. બાકી કોઈ વિદ્યાવાન ચતુરોએ પોતાની બડાઈ હાંકવી નહીં.

વિદ્યાચતુર : હું ખોટી બડાઈ હાંકું છું એમ તમે કહો છો? ચતુરાઈમાં અમને કોઈ જીતી શક્યું નથી. હવે તો એ ચતુર પુરુષોને હરાવું તો જ હું પંડિત વિદ્યાચતુર ખરો, નહિતર મારું નામ બદલી નાખું. હું ખરેખરો ચતુર છું, બુદ્ધિશાળી છું. ગમે તેવી સમસ્યાનો ઉકેલ આપી જ દઉં.

વિદ્યાચતુર તો બીજા જ દિવસે ઊપડ્યા ચતુર પુરુષોને જીતવા ને પહોંચી ગયા મુંડાપુર. આ તરફ બીજા દિવસે છકોમકો પણ પહોંચ્યા રાજ્યસભામાં ને બિરાજ્યા પોતાના આસન પર. સભાજનોએ 'ચતુર પુરુષો કી જય' બોલીને સભા ગજવી મૂકી.



 મને ગમતા શબ્દો

પ્રધાનજી : હે ચતુર પુરુષો! મહિસૂરનગરના પંડિત તમને એક પ્રશ્ન પૂછવા આવ્યા છે.

પ્રશ્નની વાત સાંભળતાં જ મકાભાઈનું માથું ભમી ગયું અને છકાભાઈના છક્કા છૂટી ગયા. છકાએ મકા સામે જોયું. મકાએ છકા સામે જોયું.



પ્રધાનજી : અમારા ચતુર પુરુષો તૈયાર છે, પૂછો પ્રશ્ન.

વિદ્યાચતુર : કહો જોઈએ, આ કોયડાનો સાચો ઉત્તર શો?



**દેખે નહિ તે જોતો જાય,**
**નહિ ચાલતો દોડ્યો જાય;**
**એકમાં એક જો ભળે,**
**તો તે નક્કી એક જ થાય.**

સૌ ચતુર પુરુષોના જવાબની રાહ જોતા હતા. માત્ર છકોમકો જ જાણતા હતા કે પોતે દર વખતે અઠેગઠે સાચાખોટા ઉત્તરો આપીને 'ચતુર પુરુષો' કહેવાવા માંડ્યા હતા.

મકો : આજે ઉત્તર નહિ આપીએ.

છકો : અમે કાલે ઉત્તર આપીશું.

છકાભાઈ ચોટીચતુર અને મકાભાઈ મુંડાચતુર, બેઉ ઉપાધિમાં પડી ગયા. રથ લઈ પોતાના મહેલમાં પહોંચ્યા.

છકો : મકા, મારી તો છાતી ફડક ફડક થાય છે. આપણે એ કોયડાનો ઉત્તર શી રીતે આપીશું?



મકો : ઉત્તર તો ભઈ, હમણાં આપી દઉં; પણ હું તો પંડિતનો કોયડો જ ભૂલી ગયો. હવે બીજો કોઈ ઉપાય નથી.

છકો : ત્યારે કરો તૈયારી. રાત છે આપણા બાપની.

છકો રાજાએ અગાઉ ઇનામમાં આપેલી સોનામહોરનાં બે પોટલાં બાંધવા માંડ્યો.

મકો : એક તો સાત મણ વજનનું શરીર લઈને ચાલવું ને ઉપરથી મણ એકનું પોટલું! મારાથી નહિ ઊંચકાય. બે પોટલાંનું એક કરી નાખ અને ઉપાડજે તું.



થોડીવાર પછી છકામકાને વારાફરતી અડધોઅડધો કોયડો યાદ આવ્યો. વિચાર્યું કે પંડિતે એમને બેવકૂફ બનાવવા માટે જ આવો ખોટો કોયડો પૂછ્યો છે.

મકો : તો બસ, આપણે સભામાં જઈને કહીએ કે વિદ્યાચતુરે પૂછેલા કોયડા ખોટા છે.


છકો : એવો ઉત્તર આપવાથી રાજા આપણને સાચો કોયડો પૂછશે. આપણે એવું નથી કરવું. આપણે ભાગવું છે.



રાત પડી ને છકામકાભાઈ તો પોટલું લઈને ભાગ્યા. મકો ધીમેધીમે ને છકો જાય તડામાર. ઉતાવળા સો બાવરા. છકાને ઠેસ વાગી. પોટલું પકડવા જતાં છકો પડ્યો નીચે. ખારવાળી ધૂળ તેની આંખમાં ભરાઈ ગઈ.

છકાએ મકાને જોરથી બૂમ પાડી : ઓ મકલા રે... દોડ ઝટ. મારી આંખો ફૂટી ગઈ. હવે મારાથી દેખાશે નહિ.

મકો : હું તને દોરીશ. તું મારી પાછળ પાછળ ચાલ્યો આવ.



થોડે દૂર ગયા ત્યાં વળી મકાને ઠેસ વાગી. બાજુમાં પડેલા પથ્થર સાથે મકાનો ગોઠણ ભટકાયો. હાડકું ભાંગ્યું હોય એવી પીડા તેને થવા માંડી.



મકો : ઓ છકલા રે... મારો પગ તૂટી ગયો. હવે મારાથી ચલાશે નહિ.

છકો : મકા, કંઈ વાંધો નહિ. ચડી જા મારે ખભે. તું મારગ બતાવજે. હું ચાલીશ; મારા પગ ને તારી આંખો.

સવારી ઊપડી. મકો કહે એમ છકો ચાલ્યો જાય. એકાએક છકો ઊભો રહી ગયો. આનંદમાં આવી હસી પડ્યો. છકાને કોયડાનો



મને ગમતા શબ્દો

ઉકેલ સૂઝી ગયો. બંને પાછા વળ્યા અને કોઈ જુએ નહિ એમ પાછલા બારણેથી પોતાના મહેલમાં ઘૂસી ગયા. સોનામહોરનું પોટલું સાચવીને પાછું મૂકી દીધું.

મકાભાઈને ગોઠણમાં વાગેલું. સાત મણના મકાભાઈને ઉપાડીને છકાભાઈની પીઠ દુ:ખતી હતી. બેય પલંગમાં પડ્યા તેવા ઊંઘી ગયા. જાગવામાં મોડું થયું. આ તરફ રાજસભામાં બેયના આવવાની રાહ જોવાતી હતી.

વિદ્યાચતુર : આવે શું ખાખ! હું પંડિત મહિસૂરનગરનો, મારા કોયડાનો ઉત્તર કોઈથી અપાય નહિ.



છકામકાભાઈ ઊઠ્યા. ઝટપટ દાતણપાણી કરી રાજસભામાં પહોંચ્યા.

છકો : ક્યાં છે પેલા બેવકૂફ...!

રાજા : પ્રધાનજી, વિદ્યાચતુરને ઊભા કરો.

છકો : શો હતો તમારો કોયડો? પેલા દેખતા ને નહિ દેખતાનો?

વિદ્યાચતુરે ફરીથી કોયડો કહ્યો :

**દેખે નહિ તે જોતો જાય,**
**નહિ ચાલતો દોડ્યો જાય;**
**એકમાં એક જો ભળે,**
**તો તે નક્કી એક જ થાય.**

છકો ખડખડાટ હસ્યો.

છકો : હા, આ તો સહેલું છે. કોઈકને દેખાતું ન હોય ને કોઈકથી ચલાતું ન હોય. હવે, જો ચલાતું ન હોય એ દેખાતું ન હોય એના ખભે બેસી રસ્તો બતાવે તો પેલો દેખતો થઈ ગયો હોય એમ રસ્તો કાપે. એ જ રીતે નહોતું ચલાતું એય દોડતો હોય એમ ભાગે. બોલો, ખરી વાત કે નહિ!

વિદ્યાચતુર : પણ એકમાં એક ભળે એનું શું?

મકો : અરે! એ બે એક જ થયા કે નહિ! એક પોટલામાં બીજું પોટલું મૂકો તો એ એક જ પોટલું કહેવાય. એક નદીમાં બીજી નદી ભળે તો પછીથી તે એક જ નદી કહેવાય. એક ઢગલામાં બીજો ઢગલો ભેળવો તો એ એક જ ઢગલો કહેવાય.

બોલો, ખરી વાત કે નહિ!



વિદ્યાચતુર પીળા પડી ગયા. કોયડાનો જવાબ સાચો હતો. સભાએ ચતુર પુરુષોની જય બોલાવી. રાજાએ છકામકાભાઈને થાળ ભરીને સોનામહોર ભેટ આપી. સભા પૂરી થઈ. બંને રથમાં બેસી પોતાના મહેલમાં પાછા આવ્યા.

છકો : મકા, હવે ફરી કોઈ ઉપાધિ આવશે તો!

મકો : તો શું! રાત છે આપણા...

છકોમકો : બાપની...!

- જીવરામ જોષી

- **વાતચીત :**
  - તમને વાર્તામાં શું ગમ્યું?
  - ચતુર કોને કહેવાય?
  - તમે મહાપંડિત હો તો ચતુર પુરુષોને કયો પ્રશ્ન પૂછો?
  - તમને છકામકામાંથી કોનામાં વધારે બુદ્ધિ હોય એમ લાગે છે? કેમ?
  - તમારા શિક્ષક ભણાવતાં ભણાવતાં તમને પ્રશ્ન પૂછે ત્યારે તમને કેવું લાગે છે?
  - 'પતરંગો'માં આવેલાં ઉખાણાંમાંથી જેટલાં યાદ હોય તેટલાં વર્ગમાં પૂછો.

**(અ) અને (બ) વિભાગની લાગુ પડતી બાબતો જોડો.**

| (અ) | (બ) |
|---|---|
| મુંડાપુર | મુંડાચતુર |
| પ્રશ્ન | ચતુર પુરુષો |
| છકો | ઉકેલ |
| મકો | એક નગર |
| છકોમકો | ચોટીચતુર |

| (અ) | (બ) |
|---|---|
| સોનામહોર | પંડિત |
| વિદ્યાચતુર | રાજાનો વિશ્વાસુ |
| કોયડો | પોટલું |
| પ્રધાનજી | અક્કલવીર |
| અઠેગઠે | ઉપાધિ |



મને ગમતા શબ્દો

**વાક્યો વાંચો. લીટી દોરેલ શબ્દના અર્થ જેવો જ અર્થ થતો હોય તેવું વાક્ય ઉપરથી શોધીને લખો.**

- બાકી કોઈ વિદ્યાવાન ચતુરોએ પોતાની બડાઈ હાંકવી નહિ.
- હું તને દોરીશ. તું મારી પાછળ પાછળ ચાલ્યો આવ.
- મકા, હવે ફરી કોઈ ઉપાધિ આવશે તો!
- હું ખરેખરો ચતુર છું.
- મકો ધીમેધીમે ને છકો જાય તડામાર.

૧. હેમંતભાઈ તો કોઈપણ મુશ્કેલી ઉકેલી આપે તેવી બુદ્ધિવાળા છે.

______________________________

૨. કેટલાક લોકોને પોતાના વધારે પડતાં વખાણ કરવાની આદત હોય છે.

______________________________

૩. દેવાંશે પેપર ઝપાટાબંધ લખી નાખ્યું, ધીમેધીમે એ લખે જ નહીં.

______________________________

૪. હું તને રસ્તો બતાવું તેમ તેમ તું આગળ વધજે.

______________________________

૫. મુશ્કેલી આવી પડે તો એમાંથી નીકળવાનો રસ્તો શોધવાનો, બીજું શું!

______________________________

**વાક્ય વાંચો અને સમજો. તેના આધારે આપેલા વાક્યોમાંથી જે ખરું હોય તેની આગળ ( )માં ✓ કરો અને જે ખોટું હોય તેની આગળ ( )માં X કરો.**

- માત્ર છકોમકો જ જાણતા હતા કે પોતે દરવખતે અઠેગઠે સાચાખોટા ઉત્તરો આપીને 'ચતુર પુરુષો' કહેવાવા માંડ્યા હતા.

( ) છકોમકો ચતુર પુરુષો હતા.
( ) છકોમકો ચતુર પુરુષોને ઓળખતા હતા.
( ) લોકોને છકોમકો ચતુર પુરુષો લાગતા હતા.
( ) છકામકાને ખબર હતી કે પોતે ચતુર પુરુષો છે.
( ) છકોમકો પૂછાયેલા પ્રશ્નોના અડસટ્ટે જવાબ આપતા હતા.
( ) છકોમકો એવા જવાબો આપે કે પ્રશ્ન પૂછનારને તે સાચા જ લાગે.
( ) છકામકાને બધા જ પ્રશ્નોના જવાબ આવડતા હતા.

## જવાબ આપો.

૧. શું છકોમકો ખરેખર ચતુર હતા? તમે શાને આધારે કહી શક્યા?
૨. સભાજનોએ ચતુર પુરુષોની જય કેમ બોલાવી હશે?
૩. પ્રશ્નની વાત સાંભળીને છકામકાએ એકબીજાની સામે કેમ જોયું હશે?
૪. છકાએ બીજા દિવસે જવાબ આપવાનું કેમ કહ્યું હશે?
૫. છકાની આંખો ફૂટી ગઈ, મકાનો પગ તૂટી ગયો, પછી તે બંનેએ ચાલવા માટે શો ઉપાય કર્યો?
૬. છકોમકો પોતાના જ મહેલમાં કોઈ જુએ નહિ એ રીતે કેમ ઘૂસ્યા હશે?
૭. છકાએ વિદ્યાચતુરને બેવકૂફ કેમ કહ્યા હશે?

## કૂદીને માથા પર તાળી પાડો. આવી પાંચ તાળી પાડ્યા પછી સમાન અર્થ ધરાવતાં વાક્ય વાર્તામાંથી શોધીને લખો.

૧. મુંડાપુરના ચતુર પુરુષોને હરાવે તે જ હોશિયાર કહેવાય.
મુંડાપુરમાં બે ચતુર પુરુષો છે. તે બંનેને જીતે તે જ ખરો વિદ્યાવાન કહેવાય.

૨. પ્રશ્નનું નામ સાંભળીને છકોમકો ઢીલાઢસ થઈ ગયા.
______________________

૩. છકામકાને ચિંતા થવા માંડી.
______________________

૪. હું આટલો જાડો ને વળી આટલું મોટું પોટલું!
______________________

૫. થોડુંક છકાને યાદ આવ્યું ને થોડુંક મકાને.
______________________

૬. છકો ઝડપથી ચાલે ને મકો શાંતિથી.
______________________

૭. છકોમકો સંતાતા સંતાતા પોતાના ઘરમાં પાછા આવ્યા.
______________________

૮. મેં પૂછેલા સવાલનો જવાબ કોઈને આવડે જ નહીં.
______________________

૯. મારો જવાબ સાચો છે કે નહિ તે કહો.
______________________

 મને ગમતા શબ્દો

- **ચાલો, ગાઈએ ગીતડું : નાનાં અમથાં આજ ભલે ને...**

## જવાબ લખો.

૧. વિદ્યાચતુરનું અભિમાન દર્શાવતું કોઈ એક વાક્ય વાર્તામાંથી શોધીને લખો.
૨. પોતે ઉપાધિમાં પડી ગયા છે એવું છકામકાને કેમ લાગ્યું?
૩. બીજા દિવસે જવાબ ન આપવો પડે તે માટે છકામકાએ શું વિચાર્યું?
૪. છકાએ સોનામહોરનાં પોટલાં કેમ બાંધ્યાં?
૫. મકાએ બે પોટલાંનું એક પોટલું કરી નાખવાનું કેમ કહ્યું?
૬. છકાને દેખાવાનું બંધ કેમ થઈ ગયું?
૭. મકાને પગમાં પીડા કેમ થતી હતી?

## છકામકાને જવાબ કેવી રીતે મળ્યો?



| સવાલ શું હતો? | છકામકા સાથે શું થયું? | સભામાં છકામકાએ શું જવાબ આપ્યો? |
|---|---|---|
| જે દેખતો ન હોય, જુએ કેવી રીતે? | | |
| ચાલી ન શકે એ દોડે કેવી રીતે? | | |
| એકમાં એક ઉમેરીએ તો એક કેવી રીતે થાય? | | |

## વાક્યોને વાર્તાની ઘટના મુજબનો ક્રમ આપો.

(   ) છકોમકો સોનામહોર લઈને ભાગ્યા.
( ૪ ) લોકો ચતુર પુરુષોના જવાબની રાહ જોતા હતા.
(   ) વિદ્યાચતુરે કોયડો પૂછ્યો.
(   ) છકામકાએ ‘બીજા દિવસે જવાબ આપીશું’ એમ કહ્યું.
(   ) છકાને કોયડાનો ઉકેલ સૂઝી ગયો.
(   ) પ્રધાને વિદ્યાચતુરને દાનદક્ષિણા લઈને ચાલ્યા જવા કહ્યું.
( ૧ ) વિદ્યાચતુરે ચતુરપુરુષોને હરાવવાનું નક્કી કર્યું.
(   ) છકાની આંખો ફૂટી ગઈ અને મકાનો પગ તૂટી ગયો.

મને ગમતા શબ્દો

## ⬡ ચિત્ર જુઓ, વાક્ય વાંચો. જગ્યા બતાવતા શબ્દ નીચે લીટી દોરો.

| | | |
|---|---|---|
| ૧ |  | વાંદરું ઝાડ ઉપર બેઠું છે. |
| ૨ |  | બિલાડી પલંગ નીચે છે. |
| ૩ |  | ફૂલદાનીની વચ્ચે ફોટોફ્રેમ છે. |
| ૪ |  | ઉંદર બિલાડીની આગળ દોડે છે. |
| ૫ |  | કૂતરું બિલાડીની પાછળ દોડે છે. |
| ૬ |  | ચૉકલેટ્સ બરણીની અંદર છે. |
| ૭ |  | બિસ્કિટનું પૅકેટ બરણીની બહાર છે. |

- **હવે, આ પ્રશ્નોના જવાબ આપો.**

૧. ચૉકલેટ્સ ક્યાં છે?
૨. બિલાડીની આગળ કોણ દોડે છે?
૩. બિલાડી ક્યાં બેઠી છે?
૪. બરણીની બહાર શું છે?
૫. વાંદરું ક્યાં બેઠું છે?
૬. ફોટોફ્રેમ શેની વચ્ચે મૂકેલી છે?
૭. કૂતરું કોની પાછળ દોડે છે?

- **ચાલો, ગાઈએ ગીતડું : નાનાં અમથાં આજ ભલે ને...**

**ચિત્ર જુઓ. ચિત્રને આપેલ નંબર પ્રમાણે ક્રમમાં વાક્યો લખો.**




૧. ટોમ આંબાની નજીક છે.
૨. જેરી આંબાથી દૂર છે.
૩. ______
૪. ______
૫. ______
૬. ______
૭. ______
૮. ______

**વાક્ય સાચું હોય તો ✓ કરો અને ખોટું હોય તો માત્ર ખોટો ભાગ સુધારો.**

૧. કોશેટામાંથી એક પતંગિયું બહાર આવ્યું. ✓
૨. દિતિએ પોતાના દફતરની ~~પાછળ~~ અંદર જાતજાતનાં રમકડાં ભરી દીધાં.
૩. કાગળની નીચે પેપરવેટ મૂકીએ તો કાગળ ઊડી ન જાય.
૪. મેં બે ગાડીઓની નીચે મારી સાયકલ પાર્ક કરી.
૫. પાઉંની વચ્ચે વડું મૂકીને ખાઈએ તો આપણે વડાપાઉં ખાધું કહેવાય.

મને ગમતા શબ્દો

૬. હું પહેલી બેન્ચ પર બેસું છું ને સુધા મારી આગળની બેન્ચ પર બેસે છે.


૭. હેલિકૉપ્ટરની ઉપર ફરતો પંખો જોવાની કેવી મજા પડે!


૮. એક મોટા ઝાડની વચ્ચે ચિંકુ, મિંકુ, ટિંકુ અને પિંકુની ટોળકી રમતી હતી.

૯. મેં પહેલી વખત જાતે સેન્ડવિચ બનાવી હું તેની અંદર મસાલો ભરવાનો જ ભૂલી ગયો.

## બળદગાડાને શાકભાજીથી શણગારો.

બળદનાં શિંગડાં પર ગાજર બાંધો. તેની ડોકે એક ડુંગળી લટકાવો. ગાડામાં જ્યાં ગાડાવાળો બેસે છે ત્યાં પાંચ કોબીજ દોરો. કોબીજની પાછળ બે ફૂલાવર દોરો. ગાડાની પાછળ ત્રણ લીંબુ લટકાવો. પૈડાં પર દસ મરચાં દોરો. બળદની ખૂંધ ઉપર એક કોળું દોરો. તેના આગળના પગે કોથમીરનો પૂળો બાંધો.







મને ગમતા શબ્દો

## સંવાદ મોટેથી વાંચો અને ભજવો.

જિનલ : હાય, આયુષભાઈ.
આયુષ : હેલો, જિનલ.
જિનલ : તમે આ વૅકેશનમાં ક્યાં ગયા હતા?
આયુષ : અમારા ગામડે.
જિનલ : અરે વાહ! તમને ત્યાં કેવું લાગ્યું?
આયુષ : મને તો બહુ મજા પડી.
જિનલ : ત્યાં તમે શું નવું જોયું?
આયુષ : ખેતર. આહા! શું મજા પડી!
જિનલ : એ કેવું હોય?
આયુષ : અરે! બહુ સરસ. ત્યાં એક ચાડિયો પણ હતો.
જિનલ : એ વળી શું હોય!
આયુષ : સમજ ને, જાણે મૂંગોમંતર માણસ જ.

## સાંભળો અને ગાઓ.

### સીમનો સંત્રી



ચાડિયાના માથે બેસી, પૂછે હોલો બોલી ઘૂ,
ખેતર વચ્ચે ઊભો રહી, ભાઈ! તું કરે છે શું?
આ માટલાનું માથું તારું, ને લાકડાના હાથ,
રાત-દા'ડો ઊભો રહે છે, ના કોઈનોયે સંગાથ.
શરીર આખું પૂળા કેરું, છે ઝભ્ભો ફાટ્યો તૂટ્યો,
ચૂપ થઈને કાં ઊભો, શું કોઈએ આવી લૂંટ્યો?
હોલાભાઈની વાત સાંભળી, પછી ચાડિયો ડોલ્યો,
પટપટાવી આંખો મોટી, ધીમે રહીને બોલ્યો,
એક પગે હું ઊભો રહીને, સાચવું છું ખેતર,
ચકલી, પોપટ દૂર રહે છે, ભાળી ભાગે તેતર.
ચાલું ના હું સ્હેજે તોયે, ઘૂસે નહીં કોઈ ઢોર,
નજર મારી ફરતી રહે છે સીમની ચારેકોર.
ખેતરનો રખેવાળ છું, ભાઈ! સાચો ખેડુ સાથી,
ટાઢ-તાપ ને વરસાદોમાં, ઊભો અડગ આ ભાથી.

- ડૉ. ધર્મેન્દ્ર પટેલ

## • વાતચીત :

- તમને કઈ પંક્તિ ગાવાની સૌથી વધુ મજા પડી?
- તમે તમારી માતૃભાષામાં 'ચાડિયા'ને શું કહો છો?
- આખી કવિતામાં કઈ વાત સૌથી વધુ ગમી?
- ચાડિયો ક્યાં જોવા મળે?
- તમે જોયેલો ચાડિયો શામાંથી બનાવેલો હતો?
- ખેતરમાં ચાડિયા કેમ રાખવામાં આવતા હશે?
- ચાડિયાના માથે હોલો કેમ છે?
- તમે ચાડિયો હો તો તમને મનમાં કેવું થાય? કેવા વિચાર આવે?
- તમે વરસાદમાં ખૂબ પલળો ત્યાર પછી તમને શું થતું હોય છે?
- તમને શું લાગે છે, ચાડિયાનું નામ 'ચાડિયો' કેમ પાડ્યું હશે?



મને ગમતા શબ્દો

ચારેય વિભાગની લાગુ પડતી બાબતો જોડી વાક્ય બનાવીને બોલો. જો કોઈ ખોટું વાક્ય બોલે તો સુધારો.

| (અ) | (બ) | (ક) | (ડ) |
|---|---|---|---|
| ચાડિયા | નો | માથું | પૂળાનું બનેલું હતું. |
| | ના | ઝભ્ભો | લાકડાના બનેલા હતા. |
| | | હાથ | એક જ હતો. |
| | નું | શરીર | માટલાનું બનેલું હતું. |
| | | પગ | ફાટેલો હતો. |

લીટી કરેલા શબ્દની જગ્યાએ કૌંસમાંથી લાગુ પડતા શબ્દ નીચે લીટી કરો ને કૌંસવાળો શબ્દ મૂકીને બોલો.

૧. ચાડિયાને કોઈનો સંગાથ નહોતો. તે રાત-દિવસ એકલો જ ખેતરમાં ઊભો રહેતો હતો. (હાથ, સાથ, નાથ)

બોલો : ચાડિયાને કોઈનો સાથ નહોતો. તે રાત-દિવસ એકલો જ ખેતરમાં ઊભો રહેતો હતો.

૨. ચાડિયાનું આખું શરીર પૂળાનું બનેલું છે. (ઘાસ કે કડબના મોટા ઝૂડા, બાજરીના લોટના રોટલા, લોટમાંથી બનાવેલી મોટી પૂરી)

૩. ચાડિયો પોતાની જગ્યાએથી સહેજ પણ ચાલતો નથી છતાં તેના હોવા માત્રથી કોઈ ઢોર ખેતરમાં પ્રવેશતાં નથી. (પશુ, પંખી, પક્ષી)

૪. ચાડિયાની નજર સીમમાં ચારે તરફ ફરતી રહે છે. (ખેતરના ખૂણા, ખેતરની હદ, ખેતરમાં બનાવેલો સિમેન્ટનો કૂવો)

૫. ચાડિયો ખેતરનો રખેવાળ કહેવાય. (માલિક, મજૂર, ચોકીદાર)

૬. ટાઢ, તાપ ને વરસાદ - ત્રણેયની ઋતુમાં ચાડિયો તો અડગ બનીને ખેતરમાં ઊભો રહે છે. (સ્વેટર, ઋતુ, ઠંડી)

૭. ઠંડી છે, ગરમી છે કે વરસાદ ચાલુ છે - એવું કશું જ ચાડિયો ધ્યાનમાં ન લે ને અડગ બની ખેતરમાં ઊભો રહે. તે ભાથી છે, તે હાર ન માને. (લડવૈયો, ભારેખમ, ખેલાડી)

અભિનય કરો : હું ચાડિયો તું હોલો...

*વિદ્યાર્થીઓને જોડીમાં ઊભા કરી એકને ચાડિયો અને બીજાને હોલો બનવા કહો. તે બંનેને સંવાદ કરવા કહો. જરૂર જણાય ત્યાં મદદરૂપ થાઓ. વિદ્યાર્થીઓના સંવાદમાં ચાડિયા અને હોલા તરીકેના કવિતા સિવાયના તેમના પોતાના વિચારો પણ આવે તેવા પ્રયત્ન કરો.*

મને ગમતા શબ્દો

## આવું વાક્ય કોણ બોલી શકે? ચાડિયો કે હોલો? લખો.

૧. અરે! તું અહીં કેમ ઊભો છે? - ______
૨. મારા માથે ન બેસ, સામો ઊભો રહીને વાત કર. - ______
૩. મારો તો અહીં બહુ વટ છે. બધાં પશુપંખી મારાથી બીએ. - ______
૪. તારો ઝભ્ભો તો જો, કેવો સાવ ફાટેલો છે! - ______
૫. હું તો એક પગ પર ઊભો રહીનેય આખું ખેતર સાચવું છું. વિચાર, હું બે પગ પર ઊભો રહું તો શું ન કરી શકું! - ______
૬. તને રાતદિવસ આ રીતે એકલું એકલું ગમે! - ______
૭. વાહ! તારા હાથ તો લાકડાના છે, જબરું કહેવાય! - ______
૮. આમ મૂંગો મૂંગો શું ઊભો છે? - ______
૯. આમ તો હું સહેજ પણ ચાલી શકતો નથી પણ મજાલ છે કોઈ પશુની કે મારા ઈલાકામાં પ્રવેશે! - ______
૧૦. મેરી નજર ને ઈસ ખેત કો ચારોં ઓર સે ઘેર રખા હૈ. - ______

- **ચાલો, ગાઈએ ગીતડું : નાનાં અમથાં આજ ભલે ને...**

## બે-ત્રણ વાક્યોમાં જવાબ લખો.

૧. ચાડિયાને જોઈને પશુપંખીઓ ખેતરમાં કેમ નહિ આવતાં હોય?
૨. ચાડિયાએ પોતાને 'ખેતરનો રખેવાળ' કેમ કહ્યો છે?
૩. ચાડિયો ન હોય તો ખેડૂતને શી ખોટ જાય?

## કવિતામાં આવતા ચાડિયાને આધારે વર્ણન આગળ વધારો.

આજે મેં એક ચાડિયો જોયો. તેનું માથું... ______

______

______

______

______

______

______

______

## ફકરો વાંચો. તેના આધારે આપેલ પ્રશ્નોના સાચા જવાબ સામે ✓ કરો.

વિદર્ભ ઘણી ગંભીર સમસ્યાઓનો સામનો કરી રહ્યું છે, ત્યાં વરસાદ થયો નથી તેથી પાક ઓછો ઊગ્યો છે. ખેડૂતોને આવા સમયે સહકારી સંસ્થા અને ગામલોકોએ મદદ કરી. એક સમાચારપત્રના પત્રકારે તેની નજીકના વિસ્તારમાં જઈને લોકો સાથે વાતચીત કરી. તેણે આ બે અહેવાલ લખ્યા.

 મને ગમતા શબ્દો

**સતીશની વાર્તા**

સતીશ ૧૩ વર્ષનો છોકરો છે, તેના પિતાજીએ ખેતી માટે લોન લીધી હતી પરંતુ પાક નિષ્ફળ ગયો. હવે સતીશની માતાએ દર મહિને લોન પેટે રૂ. ૫૦૦૦ ચૂકવવા પડે છે. સતીશે કામ કરવાનું શરૂ કર્યું. તે ગામની ૧૭ બકરીઓની સંભાળ (દેખરેખ) રાખે છે. તે એક બકરીદીઠ રોજના દસ રૂપિયા કમાઈ લે છે.

**કમળાબાઈની વાર્તા**

સહકારી સંસ્થાએ ખેડૂતોને મદદ કરવા માટે ગાય આપી. કમળાબાઈને પણ એક ગાય મળી. ગાયની કિંમત રૂા. ૧૭,૫૦૦ હતી. તેણે રૂા. ૫૫૦૦ ચૂકવ્યા અને બાકીનાં નાણાં સહકારી સંસ્થાએ ચૂકવ્યાં.

**પ્રશ્નો :**

૧. વિદર્ભમાં કઈ સમસ્યા આવી પડી હતી?
( ) વરસાદ ઓછો થતો નહોતો તેથી પાક ઓછો ઊગ્યો હતો.
( ) વરસાદ આવ્યો નહોતો તેથી પાક ઓછો ઊગ્યો હતો.
( ) વરસાદ વધુ આવ્યો હતો તેથી પાક ઓછો ઊગ્યો હતો.

૨. ખેડૂતોને કરવામાં આવેલી મદદની જાણ કોના દ્વારા થઈ?
( ) સહકારી સંસ્થા
( ) ગામલોકો
( ) પત્રકાર

૩. સતીશના ખેતરમાં પાક નિષ્ફળ કેમ ગયો હતો?
( ) દુષ્કાળ પડ્યો હતો માટે
( ) સતીશના પિતાજીએ લોન લઈને બી વાવ્યાં હતાં માટે
( ) સતીશ ખેતી કરવામાં સરખું ધ્યાન નહોતો આપતો માટે

૪. સતીશને કોણે મદદ કરી હતી?
( ) સહકારી સંસ્થાએ
( ) ગામલોકોએ
( ) પત્રકારે

૫. સહકારી સંસ્થાએ કમળાબાઈને ગાય કેમ આપી હશે?
( ) સહકારી સંસ્થા બધા જ ખેડૂતોને મદદ કરવા માંગતી હશે માટે
( ) કમળાબાઈ પાસે એક પણ ગાય નહિ હોય માટે
( ) કમળાબાઈના ખેતરમાં પણ પાક નિષ્ફળ ગયો હશે માટે

## હસવું છે? તો વાંચો.

ચકલો-ચકલી ખેતરમાં ચણતાં હતાં.


ચકલી : અલ્યા! ભાગ જલદી, જો પેલી બાજુ કોઈક માણસ ઊભો છે.

ચકલો : (ધ્યાનથી જોઈને) ચિંતા ન કર, એ ચાડિયો છે.

ચકલી : તને કેવી રીતે ખબર?

ચકલો : તેના હાથમાં મોબાઇલ નથી.

## શબ્દપોટલીમાં શબ્દ ભરો.




## લગભગ સરખા :

**અજાણ**-ખબર ન હોય તે; **અઠેગઠે**-આશરે; **અડગ**-દૃઢ, ડગે નહિ એવું; **અડસટ્ટે**-આશરે; **અમથું**-અમસ્તુ, વિના કારણ; **ઉકેલ**-સૂઝ, નિકાલ, રસ્તો; **ઉપાધિ**-મુશ્કેલી; **કપરું**-મુશ્કેલ, અઘરું; **કોશેટો**-રેશમના કીડાનું ઘર-કોકડું (કીટકની ચાર અવસ્થામાંની ત્રીજી); **ખાડે જવું**-નુકસાન થવું; **ખાર**-ક્ષાર, ખારાશવાળો પદાર્થ; **ચાડી**-એકની વાત બીજાને કહી દેવી તે; **છક્કા છૂટી જવા**-હિંમત હારી જવી; **ડોલવું**-ઝૂલવું, આમતેમ હાલવું; **તડામાર**-ઝપાટાબંધ, ધમધોકાર; **બડાઈ હાંકવી**-પોતાનાં વખાણ કરવાં; **બાવરું**-અધઘેલું, ગભરાઈ ગયેલું; **ભાથી**-ખેડૂતનો સાથીદાર, બહાદુર લડવૈયો; **ભાળવું**-જોવું; **માતૃભાષા**-પોતાની ભાષા; **મુશળધાર**-જાડી ધારમાં જોરથી પડતો વરસાદ; **રખેવાળ**-રક્ષક, ચોકીદાર; **સહકાર** સાથે મળીને કામ કરવું તે, એકબીજાને મદદગાર થવું તે; **સંતાવું**-છુપાવું, ગુપ્ત રહેવું.



મને ગમતા શબ્દો

# ૯ શુભરાત્રી

N8L6K8

## ચાલો, ગાઈએ ગીતડું :

ચાંદો સૂરજ રમતાં'તાં,
રમતાં રમતાં કોડી જડી,
કોડીનાં મેં ચીભડાં લીધાં,
ચીભડે મને બી દીધાં,
બી મેં વાડમાં નાખ્યાં,
વાડે મને વેલો આપ્યો,
વેલો મેં ગાયને નીર્યો,
ગાયે મને દૂધ આપ્યું,
દૂધ મેં બાને આપ્યું,
બાએ મને લાડવો આપ્યો.
એ લાડવો હું ખાઈ ગયો
ને ગીત ગાવા આવી ગયો.

## શું બનાવવા શું જોઈએ? તે બરણીઓમાંથી લઈ વાનગી નીચે લખો.


(જાતે કરી જુઓ, ન આવડે તે ઘરે બધાને પૂછીને લખો.)

| ભજિયાં | શીરો | રોટલી | દૂધપાક | રોટલો | ખીચડી | શાક | આઈસક્રીમ | પૂરી | ખીર |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | | |

| મીઠું | દૂધ | ખાંડ | તેલ | ચણાનો લોટ | મકાઈનો લોટ | ઘઉંનો લોટ | પાણી | જીરું | ચોખા |
|---|---|---|---|---|---|---|---|---|---|

મને ગમતા શબ્દો





## સાંભળો અને વાંચો :

### કડવો દૂધપાક

છકા અને મકાને એક નવો દોસ્ત મળ્યો - ચકો.

ચકો પણ એમના જેવો જ.

ત્રણે જણાએ એક દિવસ દૂધપાક બનાવ્યો. સ્વાદ અને સુગંધ તો બરાબર રહ્યાં, પણ તપેલું ભરેલો દૂધપાક તેમને ઓછો લાગ્યો.

છકો : જુઓ ભાઈઓ, આપણા ત્રણમાં હું મોટો એટલે આ દૂધપાક તો હું જ ખાઈશ.

મકો : જો છકા, આમ ભલે હું અડધી રોટલી ખાઉં પણ મને દૂધપાક બહુ ભાવે એટલે દૂધપાક તો મકાનો જ.

ચકો : હું સૌથી નાનો છું. દૂધપાક તો હું જ ખાઈશ.

ત્રણેય મૂંઝાયા. આ તો ભાઈ, ભારે થઈ! માંડ માંડ દૂધપાક બન્યો. હવે, ખાય કોણ?

મકો : જો મને દૂધપાક ન મળે તો મારે સપનામાંય દૂધપાક ખાવો તો પડશે જ.

છકો : એ મકા! મારા મગજમાં એક આઈડિયા ઊંચોનીચો થાય છે.

ચકો : એ...! તારા આઈડિયા અને ચોટલી ઊંચાંનીચાં કર્યા વગર બોલ ને!

છકો : જુઓ, આપણે ત્રણેય દૂધપાક ભરેલા તપેલાને આ ઝાડ નીચે મૂકીને સૂઈ જઈએ. જ્યારે જાગીએ ત્યારે જેને સૌથી મસ્ત સપનું આવ્યું હોય તે દૂધપાક ખાઈ જાય.

મકો : પણ એ પહેલાં બીજું કોઈક આવીને આ ચટ્ટ કરી જાય તો?

છકો : આ ઘનઘોર જંગલમાં કોઈ ભૂતભાઈ પણ ન આવે. છતાં આપણે ત્રણ મળી પેલો મોટો પથ્થર તપેલાના ઢાંકણા પર મૂકી દઈએ.

ત્રણેય જણ તપેલાના ઢાંકણા પર મોટો પથ્થર મૂકી ઝાડ નીચે સૂઈ ગયા.

બે-ત્રણ કલાક પછી ત્રણેય જાગ્યા.

ત્રણેય મનમાં ને મનમાં મલકાય.

મકો : પહેલો વારો મોટાભાઈનો.

છકો : હા, તે કહું ને! મને સપનું આવ્યું માછલીનું.

મકો : અરર... એમાં તો શી મજા હશે!

છકો : સાંભળ ને... મજા એ હતી કે માછલી આવીને મને લઈ ગઈ.

ચકો : ક્યાં?

છકો : એની સાથે દરિયામાં. કાચબાની પીઠ પર બેસી અમે પ્રવાસ કર્યો. માછલીને વળી આકાશમાં જવું હતું. તે... પેલા કાચબાને તો પાંખો ફૂટી. અમે ઘડીકમાં

વાદળની નીચે તો ઘડીકમાં વાદળની ઉપર, ક્યારેક તો વળી ઊંચે ઊંચે છેક તારાઓ સુધી પહોંચી જઈએ. મેં તો બે-ત્રણ તારા ખિસ્સામાં ભરી લીધા. પછી અમે પહોંચ્યા ચાંદ પર. અહા! કોઈક ગોળ પલંગ પર સફેદ ચાદર પાથરી હોય તેવું દેખાતું હતું. દોસ્ત, એટલી મજા આવી કે મેં તો થોડીવાર આળોટવાનું નક્કી કર્યું. આડો પડી આળોટતો હતો ત્યાં જ તમારા અવાજથી મારી આંખ ખૂલી ગઈ.

ચકો : વાહ! આ તો ખરેખર મજેદાર સપનું છે.

મકો : અરે! આ તો કંઈ જ નથી. મેં તો લાડવા સાથે જાત્રા કરી. લસલસતો અને ગોળમટોળ લાડવો. અમે ઘરની બહાર નીકળ્યા. ડાઘિયો હોય કે વાઘ - લાડુરાજા તો કોઈથી ન ડરે. હું સહેજ ગભરાઉં તો મારી સામે જોઈને કહે, ''ડરને કા નહીં, અપુન હૈ ના! ડોન્ટ અંડર એસ્ટિમેટ ધ પાવર ઑફ લડુ.'' અમને મોટા પર્વતો ને લીલાંછમ જંગલો જોવાની બહુ મજા પડી. પર્વતની ટોચ પર જઈને જોઈએ તો દુનિયા આખી નાની લાગે. ફ્લાવર જેવાં ઝાડ ને ખાબોચિયાં જેવાં તળાવ; હાથી, ઘોડા, બળદ તો રમકડાં હોય એવાં દેખાય; બકરી તો કીડી જેવી!

ચકો : ને કીડી?

મકો : ઓ ભાઈ, એ ત્યાંથી ન દેખાય. આહા! પછી અમે એક નદીકિનારે પહોંચ્યા. આટલું બધું એકસાથે કેવી રીતે જોવું! એવું મનમાં થયું ને મને તો આંખો ફૂટી. બે હાથ પર બે, બોચીમાં બે, કપાળમાં બે, પગ પર બે, ખભા પર બે, ને બે પહેલેથી હતી એ. હું તો બારેબાર આંખો ફાડીફાડીને જોતો હતો. એકાદ આંખથી એક જાડિયો માણસ પણ જોયો હતો. આ બધું જોવામાં હું મશગૂલ હતો. એટલામાં મારી બે આંખો ઝબકી ને લાડવો, આંખો અને નદી બધું ગાયબ.

ચકો : અહા! ખરેખર મજા પડી ને હું તો તારા સપનામાં ખોવાઈ ગયો... બાર-બાર આંખો!

છકો : ઠીક હવે, તું એની વાત કર્યા વગર તારી વાત કર.

ચકો : થોડીક મૂંઝવણ છે.

મકો : શાની?

ચકો : મને તો એવું સપનું આવ્યું કે હું સૂતો હતો ને એમાં એક સપનું આવ્યું.

છકો : સપનું જોવાનું સપનું આવ્યું? જે હોય એ જલદી બક હવે. મારી જીભડી દૂધપાક ખાવા લબલબ થાય છે.

ચકો : તમે બંને તો ઊંઘી ગયા ને મને ઊંઘ આવતી નહોતી. મેં જોયું આ જ જંગલ, આ જ ઝાડ, ઝાડ નીચે સૂતેલા આપણે ત્રણ ને આપણો દૂધપાક. હવે ત્યાં જુઓ. પેલું ડુંગર જેવું દેખાય છે? પે...લું...

બેય જણાએ એ તરફ જોઈ હકારમાં માથું હલાવ્યું.

પછી અકળાઈને કહે, ‘‘પણ એનું છે શું?’’

ચકો : એ જ તો બધી વાત છે. અત્યારે આપણને જે ડુંગર દેખાય છે તે તે નથી.

છકો : શું નથી?

ચકો : ડુંગર નથી.

છકો અને મકો : તો શું છે?

ચકો : ડાયનાસોર.

મકો : ફેંકવાનું બંધ કર અને સપનું કહે.

ચકો : દૂધપાકના સમ. મને સપનું આવ્યું કે એ ડુંગર નથી, ડાયનાસોર છે.

છકો : મકા, તું આને મારે છે કે હું મારું?

ચકો : સાંભળો તો ખરા. મનેય એ ડુંગર જ લાગતો હતો. પછી એ ડુંગર ધીમેધીમે મારા તરફ આવવા લાગ્યો. આપણે સૂતા હતા ત્યાં આવી બોલ્યો, ‘ટેણિયાઓ, કેમ અહીં સૂઈ ગયા છો?’ મારી આંખ ખૂલી ગઈ. મહાકાય, સળગતા સૂરજ જેવી લાલ મોટી આંખો, થાંભલા જેવા પગ, હાથી તો એની સામે જાણે... મચ્છરને સો ટેન્કર ભરીને દૂધપાક સમાઈ જાય એવડું મોટું એનું પેટ... પેટ નહીં, પટારો ને લબકારા મારતી જીભ. મેં ગભરાતાં ગભરાતાં કહ્યું, ‘‘દ... દ... દુ... દૂધપાક ખાવા. અમે શરતે પડ્યા કે...’’ એણે પૂછ્યું, ‘‘દૂધપાક શું હોય?’’ મેં તપેલા બાજુ ઈશારો કર્યો.


છકામકાની નજર તપેલી તરફ ગઈ. હાશ, પથ્થર હજુ તપેલા પર જ હતો.

ચકો : પછી એણે તો એની લાંબીલસ જીભથી જ પેલો પથ્થર હટાવી દીધો. દૂધપાક સૂંઘીને કહે, ‘‘છી છી... આટલી ખરાબ વાસ!’’ મેં કહ્યું, ‘‘આ તો સરસ લાગે.’’ તો એ ગુસ્સે થઈ ગયો ને કહે, ‘‘હં... આ તો ઝેર છે. તું મને મારી નાખવા માગે છે? હવે તો તું જ આ ખાઈ જા.’’ મેં કહ્યું, ‘‘ન ખવાય. અમારી વચ્ચે શરત લાગી છે.’’ તેણે તેના નાકમાંથી ધગધગતી હવાનો ધોધ મારા તરફ છોડ્યો

અને કહે, ''જો તું નહિ ખાય તો હું પૂંછડી મારીને તમને ત્રણેયને જ્વાળામુખીમાં ફેંકી દઈશ.'' એણે મારી સામે પૂંછડી ઉગામી, ''ખા જલદી.'' મેં તો બીકના માર્યા ફટાફટ દૂધપાક ખાઈ લીધો. પછી મને ઊંઘ આવી ગઈ. પછી શું થયું તે ખબર નથી, પણ તમારી બડબડ સાંભળીને મારી નીંદર ઊડી ગઈ.

છકો : બસ... આ કંઈ સપનું ન કહેવાય. ચાલ મકા, આપણા બંનેનાં સપનાં સારાં હતાં. આપણે બેય અડધો અડધો દૂધપાક ખાઈ જઈએ.

તેમણે જ્યારે ઢાંકણું ખોલીને જોયું તો તપેલું ખાલી હતું અને ડુંગર ત્યાંનો ત્યાં જ હતો.



**વાતચીત :**

- બોલો તમારે કંઈ કહેવું છે?
- સપનાની વાત પછી દૂધપાક કેમ ન હતો?
- તમને કોનું સપનું સાંભળવાની મજા પડી? તેમાં શું બહુ ગમ્યું?
- તમને શું લાગે છે, ચકાનું સપનું સપનું હતું કે ગપ્પું હતું?
- છકા, મકા અને ચકાએ જંગલમાં કેમ દૂધપાક બનાવ્યો હશે?
- ડાયનાસોર પૂંછડી મારીને તમને ચંદ્ર પર ફેંકી દે તો તમને કંઈ વાંધો છે? કેમ?
- તમને યાદ રહ્યું હોય તેવું તમને આવેલું મસ્ત સપનું કહો.
- તમને ભાવતી વાનગી બનાવી હોય, બધાં જમવા બેસે, ને તમે જુઓ કે, 'આ તો ઘણું ઓછું છે.' તો તમે શું કરો? શું કહો?

મને ગમતા શબ્દો

⬡ **ઊભા થાઓ. સાત કૂદકા મારો. બેસી જાઓ પછી લખો. આ કોના સપનામાં હતું?**

૧. ખિસ્સામાં તારા અને ચંદ્ર પર પગ. ____________

૨. પ્રાણીઓનો ડર લાગે પણ દોસ્ત હિંમત આપે. ____________

૩. જાત્રા તો જાત્રા કહેવાય, માણસોનું ધાડું હોય કે માત્ર એક લાડુ હોય. ____________

૪. કાચબો વિમાન બની ગયો. ____________

૫. હું મોટો ને દુનિયા નાની. ____________

૬. વાદળ સાથે સંતાકૂકડી. ____________

૭. ડુંગર બના ડાયનાસોર. ____________

૮. દૂધપાક સફાચટ. ____________

૯. સપનામાં સપનું. ____________

- **ચાલો, ગાઈએ ગીતડું : ચાંદો-સૂરજ રમતાં'તાં...**

⬡ **વાક્યો વાંચો, સમજો અને આપેલા શબ્દ/શબ્દસમૂહ પરથી નવું વાક્ય બનાવો.**

૧. ભારે થઈ

- છકો, મકો અને ચકો મૂંઝાયા, "આ તો ભાઈ, **તકલીફ થઈ ગઈ.** માંડ માંડ દૂધપાક બન્યો. પણ ઓછો લાગે છે."
- જંગલ વચ્ચે કાર બગડી, પપ્પા કહે, "આ તો **ભારે થઈ.** હવે અહીંયાં તો મિકેનિક પણ નહીં મળે."
- તમારું વાક્ય : ____________

૨. હકારમાં માથું હલાવવું ____________

- છકા અને મકાએ ડુંગર તરફ જોઈ **માથું હલાવી હા પાડી.**
- બાગમાં હીંચકા ખાવા જાઉં એમ પૂછવા મેં મમ્મી સામે જોયું. તેણે **હકારમાં માથું હલાવ્યું** કે તરત હું દોડીને હીંચકા ખાવા જતો રહ્યો.
- તમારું વાક્ય : ____________

૩. આળોટવું

- છકાને ચંદ્ર પર એટલી મજા આવી કે તે ત્યાં **સૂઈ જઈ ગબડવા** લાગ્યો.
- નવું ગાદલું જોઈ અમે ભાઈબહેન તેની પર **આળોટવા માંડ્યાં.**
- તમારું વાક્ય : ____________



મને ગમતા શબ્દો

૪. આંખ ખૂલી જવી

- છકો ઘસઘસાટ ઊંઘતો હતો. ત્યાં ચકામકાના અવાજથી **જાગી ગયો.**
- વહેલી સવારે હું ભર ઊંઘમાં હતો પણ અમારી બાઈકનું ટાયર ફાટવાના અવાજથી **મારી આંખ ખૂલી ગઈ.**
- તમારું વાક્ય : ____________________

૫. અકળાઈ જવું

- ચકાની વાતો સાંભળી છકો અને મકો **ચિડાઈ ગયા.**
- તેઓ ફરવા ગયા હતા ત્યારે કેવી હૉટેલમાં રહેલા તે વાત જગ્ગુએ દસ-બાર વખત કરી એટલે અમે સૌ મિત્રો **અકળાઈ ગયા.**
- તમારું વાક્ય : ____________________

## સાચા અર્થવાળું વાક્ય શોધો.

૧. ડાયનાસોરની જીભ લબકારા મારતી હતી.

(અ) ડાયનાસોર જીભથી લબકલબક ખાતો હતો.

(બ) ડાયનાસોર પોતાની જીભ વારેઘડીએ અંદર બહાર કરતો હતો.

૨. મારા મગજમાં એક આઈડિયા ઊંચોનીચો થાય છે.

(અ) મારું માથું દુ:ખે છે.

(બ) મને એક સરસ વિચાર આવ્યો છે. થાય છે કે તમને કહી જ દઉં.

૩. પણ એ પહેલાં બીજું કોઈ આવીને આ ચટ્ટ કરી જાય તો?

(અ) બીજું કોઈક આવીને માર મારી આપણી ચટણી બનાવી દે.

(બ) બીજું કોઈક આવી આપણો નાસ્તો પૂરો કરી દે.

૪. તમારા અવાજથી મારી આંખ ખૂલી ગઈ.

(અ) તમારા અવાજથી હું જાગી ગયો.

(બ) મારા અવાજથી તમે જાગી ગયા.

૫. ડાયનાસોરે નાકમાંથી ધગધગતી હવા છોડી.

(અ) ડાયનાસોરની અંદર કંઈક સળગતું હતું.

(બ) ડાયનાસોર ખૂબ ગુસ્સે થયું હતું.

## ⬡ વાક્યોને વાર્તાની ઘટનાઓ મુજબનો ક્રમ આપો.

(   ) છકાને માછલી સાથે ફરવાનું સપનું આવ્યું.
(   ) તેમણે દૂધપાક બનાવ્યો.
(   ) છકામકાએ જોયું તો તપેલી ખાલી હતી.
( ૧ ) છકા-મકાને એક નવો દોસ્ત મળ્યો.
(   ) ડાયનાસોરે ચકાને ધમકી આપી, ‘‘દૂધપાક ખાઈ જા.’’
(   ) મકાને લાડવા સાથે ફરવા જવાનું સપનું આવ્યું.
(   ) તેમણે શરત રાખી કે, જેને સારું સપનું આવે તે દૂધપાક પીએ.

## ⬡ આવું કોણ બોલી શકે ? તે લખો.

૧. માછલી : જો પેલો દેખાય છે એ ચાંદો. કેવો સુંદર છે!
છકો : કાચબાભાઈને કહે આપણને ત્યાં લઈ જાય.

૨. __________ : શું લાગે છે તને, આને ભાઈબંધ બનાવાય?
__________ : કેમ નહીં, બેથી ભલા ત્રણ.

૩. __________ : હું તો કાચબાની પીઠ ઉપર બેસી ગઈ. તું શું કરે છે?
__________ : થોડાક તારા ભેગા કરું છું.

૪. __________ : અલ્યા, કેમ આટલો બધો ગભરાય છે?
__________ : આ ડાઘિયો બટકું ભરે તો ઈન્જેક્શન લેવાં પડે ને!

૫. __________ : આ નીચે ફ્લાવર જેવું દેખાય તે શું છે?
__________ : જરા ધ્યાનથી જો. એ તો ઝાડ છે.

## ⬡ અભિનય કરો. બીજાં આવાં વાક્યો લખી મિત્રોને અભિનય કરવાનું કહો.

૧. તમને ખૂબ ભૂખ લાગી છે અને તમે મમ્મી પાસે ખાવાનું માંગો.
૨. તમે ચંદ્ર પર છો અને ત્યાંથી તમારા મિત્રને ફોન કરો છો.
૩. તમારા મોઢામાં ગરમાગરમ ભજિયું મુકાઈ ગયું છે.
૪. ______________________________
૫. ______________________________





મને ગમતા શબ્દો

- **ચાલો, ગાઈએ ગીતડું : ચાંદો-સૂરજ રમતાં'તાં...**

**...તો શું થાય ? વિચારો. એવાં વાક્યો લખો કે કોઈનેય સાચાં ન લાગે. તમને લખવાની અને બીજાને સાંભળવાની મજા આવે.**

*વિદ્યાર્થીઓને આમાં એવા જવાબ લખવા કહો કે જે કોઈનેય સાચા ન લાગે. જેમાં તેઓ પોતાના તુક્કા લગાવી શકે તે માટે પ્રોત્સાહિત કરો. એક ઉદાહરણ અહીં આપ્યું છે. તે વાંચી તમે પણ તમારી ધારણા તેમને કહેશો તો તેઓ સરસ કલ્પના કરીને લખશે.*

૧. જો છકાના સપનામાં કુક્કુટ રાજા આવ્યા હોત તો...

તે છકાને તેના કબીલામાં ફરવા લઈ જાત. છકો રસગુલ્લું જોઈ ખાવા જાત અને તેમની વચ્ચે યુદ્ધ થાત. બધા કૂકડાઓ ભેગા થઈ છકાને પકડી લેત ને બીજાં બધાં સાથે છકાને પણ જેલમાં પૂરી દેત.

૨. જો કાચબાએ માછલી અને છકાને પોતાની પીઠ પર બેસાડવાની ના પાડી હોત તો...

૩. જો ડાયનાસોરને દૂધપાકની સુગંધ ગમી હોત તો...

૪. જો છકો ચાંદાની ગોળ પથારીમાં આળોટતાં આળોટતાં ધરતી પર નીચે પડી ગયો હોત તો...

૫. જો ઝાડ હવા-પાણીને બદલે માણસ જેવો ખોરાક ખાતું હોત તો...

**એક મિનિટ માટે સ્ટેચ્યૂ થઈને, આંખ બંધ કરીને બેસો પછી વાક્ય વાંચો. તે કયા એકમમાં છે તે શોધો અને લખો. જો તેમાં વાત પૂરી થઈ ગઈ હોય તો '.' મૂકો, અધૂરી હોય તો પૂરી કરો. (વાત પૂરી કરવામાં જગ્યાને અનુરૂપ અક્ષર નાના મોટા કરો.)**

| વાક્ય | એકમનું નામ |
|---|---|
| છકા, મકા અને ચકાએ જંગલમાં | |
| આવી સુંદર દુનિયા જોવા માટે મને આંખો | |
| કીડી પોતાના દરનો રસ્તો ન ભૂલે | |
| દરિયાનું પાણી એટલું બધું ઠંડું થઈ ગયું કે | |
| ચકાનું સપનું ખૂબ ડર લાગે તેવું હતું | |
| હોલાને થયું આ ચાડિયો એકલોએકલો શું કરે છે | |
| ઘરડી માછલીઓએ સૌને કહ્યું કે આગેકૂચ ચોર છે | |
| મકો છકાના ખભે ચડી | |
| શાહમૃગનું ઈંડું મોટું | |
| ફિન્ટી માનતો હતો કે કીડી જેવાં જીવજંતુઓ પૃથ્વી માટે કોઈ રીતે મહત્ત્વનાં નથી. | |

મને ગમતા શબ્દો

## ⬡ ઉદાહરણ મુજબ (જવાબ આપવાનો છે/કંઈક કરવાનું છે/જાણવાનું છે) લખો.

૧. ઓપન ધ પેજ નંબર સિક્સ્ટી નાઈન. **કંઈક કરવાનું છે**

૨. હાઉ મેની સ્ટેટ્સ આર ધેર ઈન ઈન્ડિયા? **જવાબ આપવાનો છે**

૩. દિલ્હી ભારત કી રાજધાની હૈ. **જાણવાનું છે**

૪. ચાલો પાછા, મારે આવો ભયાનક પ્રવાસ નથી કરવો. ______________

૫. લીલી કેરી પીળી થાય ત્યારે તે પાકી ગયેલી કહેવાય. ______________

૬. પશુઓ ચાર પગે કેમ ચાલતાં હોય છે? ______________

૭. ચાડિયો ખેતરમાં એક જ જગ્યાએ કેમ ઊભો રહેતો હશે? ______________

૮. રામજી આપે તે દાનદક્ષિણા લઈને ચાલ્યા જાઓ. ______________

૯. ઠેસ વાગી એટલે જ છકામકાને કોયડાનો સાચો ઉકેલ સૂઝ્યો. ______________

૧૦. સભાના પ્રમુખ તરીકે ગરુડરાજની પસંદગી થઈ. ______________

૧૧. એન્ટહિલમાં રાણીકીડી કેટલી હોય છે? ______________

૧૨. બધાં પક્ષીઓએ સભામાં શાંતિ જાળવવી. ______________

## ⬡ ઉદાહરણ વાંચો અને તે મુજબ વાક્યો બનાવો :

**ઉદાહરણ :** ખાવું - ઉતાવળ - ચાવીને

- ઉતાવળ ન કરો, ચાવીચાવીને ખાઓ.
- ઉતાવળ કરીને કેમ ખાય છે?
- ઉતાવળ કર્યા વગર ચાવીચાવીને ખાવું જોઈએ.

૧. રમવું - વર્ગમાં - મેદાનમાં

- ______________
- ______________
- ______________

૨. વાંચવું - ઝડપથી - સમજીને

- ______________________________
- ______________________________
- ______________________________

૩. જવું - સાયકલ - સ્કૂટર

- ______________________________
- ______________________________
- ______________________________

૪. દોડવું - ખુલ્લા પગે - બૂટ

- ______________________________
- ______________________________
- ______________________________

૫. બોલવું - મોટેથી - શાંતિથી

- ______________________________
- ______________________________
- ______________________________

## ⬡ વાંચો અને એ મુજબ કરી જુઓ.

- દીવાલ સાથે એક બાજુથી એવા ઊભા રહો કે જેથી તમારું માથું, ખભો, હાથ, પગની એડી દીવાલને એકદમ અડેલાં હોય.
- હવે દીવાલને અડેલા એક પણ ભાગને (માથું, ખભો, હાથ, પગની એડી) હલાવ્યા વગર તમારા બીજા પગને ઊંચો કરવાનો પ્રયત્ન કરો. ન થયું ને? કેમ?

## ● ચાલો, ગાઈએ ગીતડું : ચાંદો-સૂરજ રમતાં'તાં...

## ⬡ હેલો... હેલો...!

મિસ હેલીએ હાથીભાઈ બોડીગાર્ડનો ઈન્ટરવ્યૂ લીધો છે. તે મોટેથી વાંચો અને જાત્રા કરવા નીકળેલા લાડુનો ઈન્ટરવ્યૂ તમે લો.

મને ગમતા શબ્દો





## હાથીભાઈ બોડીગાર્ડનો ઈન્ટરવ્યૂ

મિસ હેલી : હેલો હાથીભાઈ, કેમ છો?

હાથીભાઈ : મજામાં... હું તો કાયમ મજામાં જ હોઉં.

મિસ હેલી : તમે આટલા બધા જાડા કેમ છો?

હાથીભાઈ : હું ક્યાં જાડો છું? એ તો મારું આ...ટલું મોટું શરીર એટલે તમને જાડો લાગું છું... હા હા હા...

મિસ હેલી : હાથીભાઈ, તમને બધાં જાડોપાડો કહે છે તો તમને ખોટું નથી લાગતું?

હાથીભાઈ : અરે ના ના... એ બધાનાં મોં તો જાતજાતનું કહ્યા કરે... હું તો મારા સૂપડા જેવા કાન હલાવ્યા કરું... કામનું હોય એ સાંભળવાનું...

મિસ હેલી : બરાબર, તમારા કાન મોટા સૂપડા જેવા... પણ તમારી આ ઝીણકી આંખો...

હાથીભાઈ : એક મિનિટ, મારી આંખો ઝીણકી છે એટલે તો મારી ઝીણકી દોસ્ત કીડીને જોઈ શકું... બોડીગાર્ડની આંખો ઝીણામાં ઝીણું જોઈ શકતી હોવી જોઈએ.

## લાડુનો ઈન્ટરવ્યૂ

__________ : નમસ્તે લાડુભાઈ, તમારો જન્મ ક્યાં થયો?

લાડુ : __________

__________ : સાંભળ્યું છે કે તમે જાત્રાએ નીકળ્યા છો, તો કઈ તરફ જઈ રહ્યા છો?

લાડુ : __________

__________ : તમે રસ્તે વાઘને પણ ધૂળભેગો કર્યો, આટલી બધી તાકાત! વાહ, શું ખાઓ પીઓ છો?

લાડુ : __________

__________ :

લાડુ : __________

__________ :

લાડુ : __________

__________ :

__________

__________

__________

__________

__________

__________

__________

__________

__________



મને ગમતા શબ્દો

| | | |
|---|---|---|
| મિસ હેલી | : તે હાથીભાઈ, તમે આ નાનકડા ટીકુડાના બોડીગાર્ડ કેમ બન્યા? | |
| હાથીભાઈ | : કામ કોઈ પણ હોય, કરવાની મજા આવવી જોઈએ... ને મને ટીકુ સર જોડે ખૂબ મજા આવે છે. | |
| મિસ હેલી | : છેલ્લો સવાલ, તમારી કોઈ ઇચ્છા કે સપનું છે હાથીભાઈ? | |
| હાથીભાઈ | : બસ એક નાનું સપનું છે... એક ફિલ્મ 'અલમસ્ત અંગરક્ષક' નામની બને... જેનો હીરો હોઉં હું! | |
| મિસ હેલી | : વાહ હાથીભાઈ, તમને મળીને આનંદ થયો. | |

## સંવાદ વાંચો અને ભજવો :

રિયા : દીદી, મારી સ્કૂલમાંથી પ્રવાસે લઈ જવાના છે.

સિયા : હા, તો?

રિયા : મારે પણ એમાં જવું છે.

સિયા : હા, પણ તું મને કેમ કહે છે!

રિયા : મમ્મી-પપ્પા મને ના પાડશે તો?

સિયા : તો એમાં હું શું કરું!


રિયા : તું મમ્મી-પપ્પાને સમજાવ ને.

સિયા : એટલે મમ્મી-પપ્પાનો ઠપકો મારે સાંભળવાનો, એમ ને!

રિયા : મારી વહાલી દીદી, મારા માટે આટલુંય નહિ કરે!

સિયા : હા હવે, મસ્કા ન માર, હું સાંજે સમજાવીશ.





## ગીત સાંભળો, ઝીલો અને ગાઓ.

### તકિયાને ડાયટ કરાવો

તકિયાનું કેવું છે જાડિયું શરીર, કોઈ તકિયાને ડાયટ કરાવો!
ગાદલે પડ્યો રહે છે દિવસ ને રાત, દંડ અને બેઠક અર્જન્ટ કરાવો!
કોઈ તકિયાને ડાયટ કરાવો...

પતલી છે ચાદર, ને પતલી છે શાલ, વળી પતલી છે તકિયાની ખોળ
સૂવાવાળો આઈ એમ પોત્તે પણ પતલો પણ તકિયો તો જાડો ભંભોલ!
તકિયાજી શેઠ કેરા મસમોટા પેટને થોડું ઘણું કટ કરાવો!
કોઈ તકિયાને ડાયટ કરાવો...

ખોલ-બાઈ તકિયાની સગી મા, માસીની દીકરી-બહેન છે રજાઈ
રૂડીરૂપાળી મિસ બેડશીટની સાથે ચિ. તકિયાની વાગી શરણાઈ
આખું કુટુંબ બહુ સંપથી રહે છે, એમાં હો-હા ને ખટપટ કરાવો!
કોઈ તકિયાને ડાયટ કરાવો...

- ઉદયન ઠક્કર


- **વાતચીત :**
  - તમને કઈ કઈ લીટી સાંભળતાં હસવું આવ્યું?
  - તમને સૌથી વધુ હસવું કઈ વાત પર આવ્યું?
  - કઈ લીટી વાંચતી વખતે મને (શિક્ષકને) હસવું આવી ગયું?
  - તમારા ઘરમાં કેવા કેવા તકિયા છે?
  - તમે તમારા ઘરની કઈ કઈ વસ્તુઓ સાથે વાતો કરો છો?
  - તમને કઈ કસરત કરવાની ગમે?
  - તકિયાનાં કયાં કયાં સગાંની વાત કવિતામાં નથી?
  - તમારાં મમ્મીની બહેનની દીકરીનું નામ શું છે?
  - તમને શું લાગે છે, આ તકિયો કેમ જાડો થઈ ગયો હશે ?





મને ગમતા શબ્દો

તકિયાના ફેમિલીનો આ ફોટો જુઓ. તેમાં તેમનાં નામ લખો.



વાક્ય વાંચો અને તે તકિયાનું (દેખાવ/સામગ્રી/કપડાં/જગ્યા) શું બતાવે છે તે લખો.

૧. ‘ઓછું ખા’ કહેવાનું મન થાય. **(દેખાવ)**

૨. સુંવાળો અને પોચો

૩. જાડોભમ

૪. રાતદિવસ પથારીમાં જ હોય

૫. કસરત કરવાની જરૂર

૬. રંગબેરંગી કવર **(કપડાં)**

૭. કવર જાડું નથી

૮. કાપડના ટુકડાથી ભરેલો **(સામગ્રી)**

૯. ઓઢી શકાય.

૧૦. ચાદર જેટલો પાતળો

૧૧. મોતીથી ભરેલો

૧૨. માથા નીચે મૂકેલો **(જગ્યા)**

મને ગમતા શબ્દો

## હવે વિચારો આ બધાં તકિયાનાં શું હોઈ શકે?

- શાલ તકિયાની મિત્ર હશે.
- મચ્છરદાની ____________
- ચાદર ____________ હશે.
- પલંગ ____________
- ઓશીકું ____________

## વાક્યો વાંચો. કૌંસમાંના શબ્દોમાંથી તેના જેવા અર્થવાળો શબ્દ લખી ખાલી જગ્યા પૂરો.

(કાપકૂપ, રૂડીરૂપાળી, સંપ, મસમોટું, ખટપટ, હો-હા, પોતે)

૧. મારું ફ્રૉક મોટું સિવાઈ ગયું છે. તેને **કાપીને** ટૂંકું કરાવવું પડશે.

મારું ફ્રૉક મોટું સિવાઈ ગયું છે. તેને ____________ કરાવીને ટૂંકું કરાવવું પડશે.

૨. માસીને લાડવા આપવા બીજાને ન મોકલો. હું જાતે જઈશ તો માસીને સારું લાગશે.

માસીને લાડવા આપવા બીજાને ન મોકલો. હું ____________ જઈશ તો માસીને સારું લાગશે.

૩. દરિયાના પાણીમાં તરતી માછલી કેવી **સુંદર** દેખાય!

દરિયાના પાણીમાં તરતી માછલી કેવી ____________ દેખાય!

૪. ત્રણેય મિત્રોમાં દૂધપાક ખાવા માટે **લડાઈ** થઈ.

ત્રણેય મિત્રોમાં દૂધપાક ખાવા માટે ____________ થઈ.

૫. કાગડાભાઈની વાત સાંભળીને સભામાં **ખળભળાટ** થઈ ગયો.

કાગડાભાઈની વાત સાંભળીને સભામાં ____________ થઈ ગઈ.

૬. છકા અને મકા વચ્ચે **મેળ** જ એવો કે કોઈ એમની વચ્ચે ઝઘડો કરાવી શકે જ નહિ.

છકા અને મકા વચ્ચે ____________ જ એવો કે કોઈ એમની વચ્ચે ઝઘડો કરાવી શકે નહિ.

૭. ડાયનાસોરનું **ખૂબ ફૂલેલું** પેટ જોતાં લાગતું હતું કે હમણાં જ તેણે એકસાથે ત્રીસ હાથી ખાધા હશે.

ડાયનાસોરનું ____________ પેટ જોતાં લાગતું હતું કે હમણાં જ તેણે એકસાથે ત્રીસ હાથી ખાધા હશે.



મને ગમતા શબ્દો

- **ચાલો, ગાઈએ ગીતડું : 'ચાંદો-સૂરજ રમતાં'તાં...**

**કવિતામાંથી અંગ્રેજી શબ્દવાળી પંક્તિ શોધો અને લખો. તેમાંના અંગ્રેજી શબ્દનો ઉપયોગ કરીને વાક્યો બનાવો.**

**ઉદા.**
- દંડ અને બેઠક અર્જન્ટ કરાવો!
- મને પચાસ રૂપિયાની અર્જન્ટ જરૂર છે. લાઈબ્રેરી ફી આજે જ ભરવી પડશે.

**આ અર્થવાળી પંક્તિ કવિતામાંથી શોધીને લખો.**

૧. તકિયો વધુ જાડો થઈ ગયો છે. તેની કાપકૂપ કરાવી પાતળો બનાવવો પડશે.

___

૨. તકિયાનું કુટુંબ સંપીને રહે છે. તેમાં થોડો ઝઘડો કરાવો.

___

૩. હુંય પાતળો છું. આ તકિયો એકલો જ જાડોભમ છે.

___

૪. તકિયાની માતાની બહેનની દીકરીનું નામ રજાઈ છે.

___

૫. રૂપાળી બેડશીટ સાથે તકિયાનું લગ્ન થયું છે.

___

૬. આ આખો દિવસ ગાદલામાં પડ્યો રહે છે. એને ઊઠબેસ કરાવો તો જ શરીર તંદુરસ્ત થશે.

___

૭. આ તકિયાનું શરીર ખૂબ વધી ગયું છે. એને ડાયટ કરાવવું પડશે.

___

**પ્રશ્નોના જવાબ બે-ત્રણ વાક્યમાં આપો :**

૧. તકિયાને ડાયટ શા માટે કરાવવું જોઈએ?
૨. તકિયાના કુટુંબનો પરિચય આપો.
૩. તકિયાના કુટુંબમાં ખટપટ કરાવવા તમે શું કરશો?





## હસીએ...

ગુડ્ડુ : અરે! યાર, કાલે જોરદાર સપનું આવ્યું.

ડુગ્ગુ : એમ! શું દેખાયું સપનામાં?

ગુડ્ડુ : લે... તને નથી ખબર? સપનામાં આપણે બે તો સાથે જ હતા!

## શબ્દપોટલીમાં શબ્દ ભરો.




- **લગભગ સરખા :**

**નીરવું**-ઢોરને ઘાસ નાખવું; **ભારે થવું**-મુશ્કેલ થવું; **ચટ્ટ કરી જવું**-ખાવાનું પૂરું કરી દેવું; **ઘનઘોર**-ભયાનક; **ફૂટવું**-ખીલવું; **આળોટવું**-સૂઈને એક ઠેકાણેથી બીજે ઠેકાણે એમ ગબડવું; **આંખ ખૂલવી**-જાગવું; **મજેદાર**-મજાનું; **લસલસતો**-ઘી-તેલથી તરબોળ; **ગોળમટોળ**-બરાબર ગોળ, હૃષ્ટપુષ્ટ; **આંખો ફાડી ફાડીને જોવું**-આંખો પહોળી કરીને નવાઈથી જોવું; **મશગુલ**-લીન; **અકળાવું**-કંટાળવું; **સમ**-સોગન; **મહાકાય**-મોટા શરીરવાળું; **લબકારો**-જીભને લબૂક લબૂક બહાર કાઢવી તે; **લાંબુંલસ**-ઘણું લાંબું; **ધગધગતું**-ખૂબ ગરમ; **પેટમાં પધરાવવું**-ખાઈ જવું; **બડબડ**-બકબક; **ભંભોલ**-ગોળમટોળ, જાડું; **મસમોટું**-ખૂબ મોટું; **કાપકૂપ**-થોડું ઘણું કાપવું; **ખોલ**-ખોળ, ગાદીતકિયા વગેરેનું ઉપલું પડ.